# ભગવદ્ગીતા એટલે...

– સુરેશ દલાલ

દ્વિતિય ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

29 – 07 – 12

# આભાર

આદરણીય શ્રી સુરેશભાઈ દલાલ અને શ્રી અપૂર્વભાઈ આશરનો

અક્ષરનાદને આ સુંદર પુસ્તકનું ઈ-સંસ્કરણ

પ્રસિદ્ધ કરવાની તક આપવા બદલ.

શ્રી સુરેશભાઈ દલાલ દ્વારા શ્રીમદ ભગવદગીતાના વિચારમંથન અને ચિંતનને શબ્દસ્થ: કરવાના કાર્ય સ્વરૂપે આપણને મળેલ આ સુંદર પરિપાક – શ્રીમદ ભગવદગીતા એટલે પુસ્તકનું ઈ-સંસ્કરણ પ્રસ્તુત કરતા અત્યંત હર્ષ થાય છે. અક્ષરનાદના અનેક વાચકોનો શ્રીમદ ભગવદગીતા મૂકવા માટેનો સ્નેહભર્યો ટહુકો ઘણા સમયથી થતો હતો, અને એ દરમ્યાનમાં જ પ્રસ્તુત પુસ્તક મૂકવાની પરવાનગી મળી એ અત્યંત આનંદ અને ગર્વની વાત છે એ બદલ શ્રી સુરેશભાઈ અને અપૂર્વભાઈ આશરનો ખૂબ આભાર.

આર્થિક હિતો ધ્યાનમાં લીધા વગર ફક્ત સતસાહિત્યનો - પ્રેરણાદાયક એવી આ ચિંતનસામગ્રીનો પ્રસાર થાય એવા શુભ હેતુથી

પુસ્તક તદ્દન નિઃશુલ્ક પ્રસ્તુત કરી વહેંચવાની આવી તક આપવા બદલ અક્ષરનાદના સમગ્ર વાચક પરિવાર વતી તેમનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

શ્રીમદ ભગવદગીતાના પ્રત્યેક અધ્યાયની સમજણ સાવ સરળ અને રસાળ શૈલીમાં આપવાનો શ્રી સુરેશભાઈનો પ્રસ્તુત પ્રયત્ન આપણા સૌના અંતરમનને પવિત્ર કરતો રહે એવી શુભેચ્છાઓ સાથે પ્રસ્તુત છે ઈ પુસ્તક – ભગવદગીતા એટલે...

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

# અનુક્રમણિકા


ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે ........................................ 8

1. તું કૌરવ, તું પાંડવ મનવા... ........................................ 14

2. મનુષ્યજીવનની આચારસંહિતા ........................................ 32

3. કર્મવિયોગી અર્જુન ને કર્મયોગી કૃષ્ણ ........................................ 78

4. જડતાને જડમૂળથી ઉખેડે તે કૃષ્ણ ........................................ 88

5. જાત પ્રત્યે અમમત્વ અને જગત પ્રત્યે સમત્વ ........................................ 99

6. પવનને પીંજરામાં પૂરવા જેવી વાત ........................................ 106

7. માનવીઓના આ મધુવનમાં ........................................................117

8. `મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ' ........................................126

9. `ભજન કરે તે જીતે'..................................................................136

10. સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી.........................................................148

11. કૃષ્ણે કરાવેલું વિશ્વરૂપદર્શન......................................................156

12. શ્રદ્ધાની ભૂમિમાં લગનીનું વૃક્ષ......................................................166

13. ઈશ્વરની સાક્ષીએ અને જગતના સંદર્ભમાં.......................................176

14. `ત્રણે ગુણોની તરવેણી રે' ...........................................................184

15. આકાશી વૃક્ષની કલ્પના ........................................................................194

16. તું તારો શત્રુ ને બાંધવ ........................................................................201

17. વિચારપ્રેરિત કર્મ અને કર્મપ્રેરિત વિચાર...............................................210

18. જીવ અને શિવનો સંવાદ ........................................................................216

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ..........................................................................226

# ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે

ભારતીય સંસ્કૃતિનાં બે સુવર્ણ-પ્રવેશદ્વારો છે. આ બે દ્વાર એટલે રામાયણ અને મહાભારત. સમગ્ર ભારતીય સંસ્કૃતિનો સર્વાંગી પરિચય રામાયણ અને મહાભારત દ્વારા જ મળી શકે. કોઈએ વધુ ઊંડા ઊતરવું હોય અને ભારતીય તત્ત્વજ્ઞાનનો ગહન, સઘન અને ગંભીર પરિચય પ્રાપ્ત કરવો હોય તો વેદ અને ઉપનિષદ પણ છે. રામાયણ એક એવો ગ્રંથ છે કે જેમાં આદર્શ સમાજ અને આદર્શ રાજ્યની કાલ્પનિક વાસ્તવિકતા અને વાસ્તવિક કલ્પના સાકાર થઈ છે. રામાયણ એક શાન્ત સરોવર જેવો ગ્રંથ છે. મહાભારત એક વિરાટ સમુદ્ર છે. આ મહાભારતમાં અનેક કથાઓ, આડકથાઓ છે. અનેક તરંગો છે. આ મહાભારતના

વિરાટ સમુદ્રમાં શ્રીમદ્ ભગવદ્ગીતા એ દીવાદાંડી જેવી છે. ગીતા અઢાર અધ્યાયમાં વિભાજિત છે અને એના 700 શ્લોક છે.

મહાભારતની કથાનાં મૂળભૂત સામૂહિક પાત્રો છે પાંડવો અને કૌરવો. પાંચ પાંડવો : યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુળ એ પાંડુપુત્રો છે. કૌરવોનો પિતા ધૃતરાષ્ટ્ર સો સંતાનોનો પિતા છે. ધૃતરાષ્ટ્ર આંધળો છે, અને એનો સમર્થ પુત્ર છે દુર્યોધન. કર્ણ એ મૂળ તો પાંડવ છે, કુન્તા એની માતા છે. કૌમાર્યાવસ્થામાં કુન્તાને સૂર્યના મંત્ર દ્વારા જે પુત્ર પ્રાપ્ત થયો તે કર્ણ. સમાજને કારણે કુન્તાએ પુત્રને ત્યજી દીધો અને રાધા નામની શૂદ્ર સ્ત્રીએ એને ઉછેર્યો. તેથી એ સૂતપુત્ર તરીકે ઓળખાયો. કર્ણને જીવનભર એક રહસ્ય સતાવતું રહ્યું : મારો પિતા કોણ? શસ્ત્રસ્પર્ધામાં સૂતપુત્ર હોવાને કારણે કર્ણનો છેદ ઊડી ગયો.

સ્વયંવરમાં દ્રૌપદીએ કર્ણને જોઈ કહ્યું : `હું સૂતપુત્રને નહીં વરું.' મહાભારતના યુદ્ધના કેન્દ્રમાં જુગાર છે, અને દ્રૌપદી છે. ભરસભામાં પાંચ પ્રતાપી પતિની પત્ની દ્રૌપદીનું વસ્ત્રહરણ થાય છે અને હોડમાં દ્રૌપદીને પણ હારી ચૂકેલા પાંડવો કશું જ કરી શકતા નથી. દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચાય છે ત્યારે તેની નિ:સહાય ચીસ સાંભળીને કૃષ્ણ ચીર પૂરે છે. દુર્યોધન જ્યારે દ્રૌપદીને જાંઘ પર બેસાડવાની વાત કરે છે ત્યારે ભીમ પ્રતિજ્ઞા લે છે કે જ્યાં સુધી દુર્યોધનની જાંઘ ચીરીને એના લોહીથી દ્રૌપદીના કેશ નહીં સીંચું ત્યાં સુધી હું જંપીશ નહીં. દ્રૌપદીનો પણ સંકલ્પ છે કે જ્યાં સુધી વેર લેવાશે નહીં ત્યાં સુધી હું વાળ છૂટા રાખીશ. પાંડવો જુગારમાં હારી ગયા છે, વનવાસ વેઠે છે, અજ્ઞાતવાસ વેઠે છે, અને જ્યારે બધું પાર કરીને પોતાને વસવા માટેની, પોતાના હકની જમીન માગે છે ત્યારે દુર્યોધન કહે છે : `હું સોયની અણી જેટલી પણ જગા નહીં આપું.' દ્રોણ જેવા ગુરુ અને

ભીષ્મ જેવા આજીવન બ્રહ્મચારી કૌરવોને પક્ષે છે, કર્ણ પણ કૌરવોને પક્ષે છે, કારણ કે શસ્ત્રસ્પર્ધા વખતે જ્યારે કર્ણનું અપમાન થયું ત્યારે એને દુર્યોધને આશરો આપ્યો હતો. આ અન્યાય છે એ વાત આ મહારથીઓ ખુલ્લે દિલે જાહેરમાં કહેતા નથી. ભીતરમાં સદ્ભાવ છે, પણ વાણી અને આચાર વિનાનો સદ્ભાવ અંતે તો વાંઝિયો જ હોય છે. પાંડવોને પક્ષે કૃષ્ણ છે. કૃષ્ણને પાંડવોમાં સૌથી વધુ પ્રીતિ અર્જુન માટે છે. આ એ અર્જુન છે કે જે દ્રૌપદીને સ્વયંવરમાં પામ્યો અને `પાંચે જણા વહેંચીને ભોગવો' એવી કુન્તામાતાની આજ્ઞાથી દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની થઈ. દ્રૌપદીને સવિશેષ પક્ષપાત અર્જુન માટે છે, કારણ કે દ્રૌપદી ભલે પાંચની હોય છતાં પણ એ અર્જુનના પુરુષાર્થનું પરિણામ છે. કૃષ્ણને અર્જુનની જેમ દ્રૌપદી માટે વિશેષ પક્ષપાત છે. કૃષ્ણ અને દ્રૌપદીનો સંબંધ એ કોઈ પણ નામના પાટિયા વિનાનો સાચો સંબંધ છે. આમ અર્જુન અને દ્રૌપદીને

કારણે કૃષ્ણ પાંચે પાંડવોની પડખે છે. બીજું કારણ એ પણ છે કે પાંડવોનો પક્ષ એ ધર્મનો પક્ષ છે; ન્યાયનો પક્ષ છે. અને ભગવાન હંમેશાં ધર્મ અને ન્યાયની પડખે અને અન્યાયની સામે હોય છે.

જ્યારે પાંડવોનો હક આપવાની કૌરવો ઘસીને ના પાડે છે ત્યારે યુદ્ધ સિવાય કોઈ આરોઓવારો રહેતો નથી. માણસે પોતાના ધર્મ માટે, ન્યાય માટે, રક્ષણ માટે લડવું અનિવાર્ય છે. આ યુદ્ધ એ બીજું કશું જ નહીં, દુર્યોધનની દુર્બુદ્ધિનું પરિણામ છે. પાંડવો યુદ્ધને ઝંખતા નથી. પણ યુદ્ધ વિના છૂટકો જ નથી. અને એટલે જ પાંડવોને પક્ષે જે યુદ્ધ છે તે ધર્મયુદ્ધ છે. કૃષ્ણ અર્જુનના રથના સારથિ તરીકે કામ કરે છે. જેનો દોરનારો શ્યામ હોય એને ભય શું કામ? ગીતાની વાત કરતાં પહેલાં આટલી પશ્ચાદ્ભૂમિકા જરૂરી હોવાથી આપી. ગીતાનું જન્મસ્થાન

યુદ્ધભૂમિ છે. સામસામે બન્ને સેનાઓ છે. અર્જુન રથમાં છે. કૃષ્ણ એના સારથિ છે. અર્જુનનું બીજું નામ પાર્થ છે એટલે કૃષ્ણ પાર્થસારથિ તરીકે ઓળખાય છે.

# 1. તું કૌરવ, તું પાંડવ મનવા...

ગીતાના પહેલા અધ્યાયનું નામ અર્જુન-વિષાદયોગ છે. ગીતાનો પહેલો શ્લોક ધૃતરાષ્ટ્રના મોમાં મુકાયો છે. ધૃતરાષ્ટ્ર આપણે જાણીએ છીએ તેમ આંધળો છે. બધી જ રીતે આંધળો છે, સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને અર્થમાં. તેનાં સંતાનો કૌરવો જ હોઈ શકે. કૌરવો એટલે નર્યું શારીરિક બળ, નર્યું સંખ્યાબળ, નર્યું તામસી બળ. કોઈનું કંઈ પણ હોય તે લઈ લેવું, પચાવી પાડવું. પછી એ રાજ્ય હોય, રાજગાદી હોય કે બીજાની પત્ની હોય. એક બાજુ કૌરવો છે, બીજી બાજુ પાંડવો છે. કૌરવોમાં ભીષ્મ અને દ્રોણ જેવી વિભૂતિઓ છે, કર્ણ જેવો મહારથી છે, તો પાંડવોમાં એક કૃષ્ણ જ પૂરતા છે. સેનાઓના આ સમુદ્રની વચ્ચે અર્જુનની નાવ જાણે કે થીજી ગઈ છે. યુદ્ધભૂમિ પર એ છેલ્લી ઘડીએ લડવાની ના પાડે છે અને

કૃષ્ણ જેવો મિત્ર હોવા છતાંય, મિત્ર આગળ ન લડવા માટેનાં બહાનાંઓ જેવાં કારણો આપે છે. કૃષ્ણ તો અંતર્યામી છે. એ જાણે છે કે અત્યારે અર્જુન જે કાંઈ કારણો આપે છે એ વિષાદનું અને બુદ્ધિના પ્રપંચનું પરિણામ છે. કૃષ્ણ એને યુદ્ધ માટે પ્રેરે છે. વિપત્તિની અંદર એક મિત્ર બીજા મિત્રને જે રીતે સમજાવે, હાંફેલાને હૂંફ આપે, એ રીતે કૃષ્ણ અર્જુનને સમજાવે છે. વિષાદથી પ્રેરાયેલો ભય દૂર કરવાનો સમર્થ પ્રયત્ન કરે છે. આ વિષાદ એ તો બીજું કાંઈ નહીં પણ અર્જુન જેવા પ્રતાપી સૂર્ય ઉપર છવાયેલું વાદળું છે. કૃષ્ણનો સમગ્ર પુરુષાર્થ આ વાદળને દૂર કરવાનો છે. શ્રીમદ્ ભગવદ્ગીતા એ કૃષ્ણ-અર્જુન વચ્ચેનો સંવાદ છે. ડાયલોગ છે. હાર્મની છે. બન્ને વચ્ચેના કોમ્યુનિકેશનની પરાકાષ્ઠા છે.

વાસ્તવિકતાના આગ્રહી કોઈક એવો પ્રશ્ન પૂછી શકે કે, ખરેખર યુદ્ધ માટેની તૈયારી થઈ ગઈ હોય ત્યારે કૃષ્ણ અને અર્જુન વચ્ચે 700 શ્લોકમાં અઢાર અધ્યાય ચાલતા હોય એવું કદી બની શકે ખરું? વ્યાસ જેવા કવિની આ કલ્પના છે. આ કલ્પના કેવળ સત્ય નહીં પણ સવાયા સત્ય જેવી છે. હકીકતમાં તો આ એક રૂપક છે. પાંડવ અને કૌરવ એ મનુષ્યની અંદર જ છે. કૌરવ અને પાંડવ એટલે સદ્ અને અસદ્, શુભ અને અશુભ, રાગ અને દ્વેષ, અંધકાર અને પ્રકાશ, ગરુડ અને ઘુવડ. એ બંને સામસામે હોય ત્યારે કૃષ્ણ જેવો તમારી પડખે હોય અને એ વાણી ઉચ્ચારે ત્યારે વિષાદ ઓસરતો જાય. સામાન્ય માણસની વાણી એ વાણી જ રહે. પણ કૃષ્ણની વાણી એ ગીત છે. સામાન્ય માણસનું ગીત એ ગીત જ રહે. ભગવાનનું ગીત એ ગીતા થઈ જાય. આ ગીતા જાણે કે આદરવાચક શબ્દ છે.

`તું કૌરવ, તું પાંડવ મનવા! તું રાવણ, તું રામ!
હૈયાના આ કુરુક્ષેત્ર પર પળપળનો સંગ્રામ !

કદી હાર કે જીત : કદી તું તારાથી ભયભીત;
કદીક પ્રકટે સાવ અચિંતું સંવાદી સંગીત,

ભીષણ તું તાંડવમાં : મંજુલ લાસ્ય મહીં અભિરામ;
તું કૌરવ, તું પાંડવ : મનવા! તું રાવણ, તું રામ!

ફૂલથી પણ તું કોમળ ને તું કઠોર જાણે પ્હાણ;
તું તારું છે બંધન, મનવા! તું તારું નિર્વાણ!

તું તારો શત્રુ ને બાંધવ : તું ઉજ્જ્વલ : તું શ્યામ!
તું કૌરવ, તું પાંડવ : મનવા! તું રાવણ, તું રામ!'

પહેલા અધ્યાયનો પહેલો શ્લોક : એનો પહેલો શબ્દ ભલે ધૃતરાષ્ટ્રના મોઢે હોય તોપણ મહત્ત્વનો છે. અને એ શબ્દ છે `ધર્મક્ષેત્ર'. કુરુક્ષેત્ર તો બીજો શબ્દ છે. આપણું શરીર એ ક્ષેત્ર છે, ખેતર છે. જો સચ્ચાઈથી જીવીએ તો એ ધર્મક્ષેત્ર થઈ શકે અને ઊણા ઊતર્યા તો કુરુક્ષેત્ર એટલે કે, યુદ્ધભૂમિ થઈ જાય. ધૃતરાષ્ટ્રને કુતૂહલ છે, કે યુદ્ધભૂમિ પર શું થઈ રહ્યું છે ને એનો અહેવાલ કોઈ આપે. સંજય પાસે દૂરનું જોવાની દૃષ્ટિ હતી. એ જમાનાનો એ જીવતોજાગતો ટીવી હતો. ધૃતરાષ્ટ્ર સંજયને એટલા માટે પૂછે છે કે એ આંધળો છે અને સંજય દૂર દૂરનું જોનારો છે. ધૃતરાષ્ટ્રને કુતૂહલ છે તે કેવળ પોતાનાં સંતાનો શું કરી રહ્યાં છે એનું. એને પોતાનાં સંતાનોમાં રસ છે. એ જાણે છે કે આ બધું ખોટું છે છતાં પણ સ્વાર્થ આંધળો હોય છે. એને જેટલો પોતીકામાં રસ હોય એટલો બીજામાં રસ ન હોય. એ તો માત્ર એટલું જ જાણવા માગે છે કે યુદ્ધ માટે એકઠા

થયેલા મારા અને પાંડુના પુત્રોએ ભેગા મળીને કર્યું શું? પછી સંજય એને તબક્કાવાર અહેવાલ આપતો જાય છે. ગીતા એ કાવ્ય છે પણ એના પ્રારંભમાં ભારોભાર નાટ્યાત્મકતા છે. આંખે દેખ્યો અહેવાલ જેમ અખબારનો ખબરપત્રી આપે એમ સંજય ધૃતરાષ્ટ્રને આપે છે. સંજય સેનાની વ્યૂહરચનાનો ખ્યાલ આપે છે અને દ્રોણાચાર્ય પાસે પહોંચેલા રાજા દુર્યોધને જે કહ્યું એ વાણી સંભળાવે છે. ગીતાકાર એ દૃષ્ટિપૂત કવિ છે. અત્યારે દુર્યોધન યુદ્ધ કરી રહ્યો છે તે પાંડવોને હરાવવા, હંફાવવા, બીજાનું રાજ્ય પોતાનું કરી લેવા માટે. એટલે એને માટે એમણે રાજા શબ્દ પ્રયોજ્યો. દુર્યોધન મુત્સદ્દી અને મેલો છે. અને મુત્સદ્દી માણસ પોતાની વાતને જાણતો હોય છતાં પણ દુશ્મનોનો અંદાજ પહેલાં લઈ લે છે. દુર્યોધન દ્રોણને સૌથી પહેલાં પાંડવોની સેનાનો ખ્યાલ આપે છે. દુશ્મનો કોણ છે, કેવા છે, કેટલા છે, એની સાથે કોણ મળેલા-ભળેલા છે એની વાત કરે છે. કોણ

મુખ્ય અને મહત્ત્વના છે એનો અણસાર આપે છે અને પછી પોતાને પક્ષે કોણ કોણ છે એની વાત માંડે છે. દુર્યોધન એ ભરોસે છે કે પોતાની સાથે ભીષ્મ અને કર્ણ છે, પોતાને માટે જીવ આપી દે એવા માણસો છે, યુદ્ધકળામાં પ્રવીણો છે. પાંડવો કરતાં સંખ્યામાં એની સેના અગણ્ય છે. ભીષ્મ એની સેનાના રક્ષક છે, સામેની સેનાનો રક્ષક ભીમ છે, અને એ માત્ર એટલું ઝંખે છે કે રક્ષક ભીષ્મની સર્વ બાજુથી રક્ષા થવી જોઈએ, કારણ કે જો ભીષ્મની રક્ષા નહીં થાય તો ભસ્મ થવામાં વાર નહીં લાગે. આ તો માત્ર સેનાનું વર્ણન, એનું ગણિત અને ગણતરી. પછી તો સંહિનાદ અને શંખનાદ, ભેરી અને નગારાં, અને સામે પક્ષેથી કૃષ્ણ પણ દિવ્ય શંખ વગાડે છે. જ્યારે કૃષ્ણ શંખ ફૂંકે ત્યારે બીજા બધા પણ એની સાથે શંખ ફૂંકે છે. ધરતીકંપ અને આકાશકંપ થયો હોય એવા આ ભયંકર શંખનાદ છે. આવી કટોકટીની આ ક્ષણે અર્જુન કૃષ્ણને કહે છે કે મારો રથ હે અચ્યુત! બન્ને

સેનાની વચ્ચે રાખો. હું જોઈ તો લઉં કે મારી સામે કોણ કોણ છે? ગીતાકારે અર્જુનના મોઢામાં કૃષ્ણ માટે અચ્યુત શબ્દ વાપર્યો છે. આ શબ્દમાં ઔચિત્ય છે. જે કદીયે ચ્યુત ન થાય, તે અચ્યુત. ઈશ્વર હંમેશાં અચ્યુત જ હોય છે. કૃષ્ણે તો અર્જુનના કહ્યા પ્રમાણે કર્યું. રથને બે સેનાની વચ્ચે મૂક્યો. પ્રતાપી અર્જુન ગુરુઓને, મિત્રોને, ભાઈઓને, સ્વજનોને સામે જોઈને રાંક થઈ ગયો, ગળગળો થઈ ગયો. એનાં ગાત્રો શિથિલ થઈ ગયાં. મોઢામાં શોષ પડવા માંડ્યો. દેહમાં કંપારી થઈ. રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ગાંડીવ હાથમાંથી છૂટી ગયું. શરીરમાં બળતરા થવા લાગી. મન ભમવા માંડ્યું. કહો કે ચિત્તભ્રમ થઈ ગયો. સવળાને બદલે અવળું દેખાવા માંડ્યું. ચિત્ત પર વિષાદનું આક્રમણ થયું. સ્મશાનવૈરાગ્ય જેવો યુદ્ધવૈરાગ્ય આવ્યો. ગીતા એક એવો ગ્રંથ છે કે જે મનને અને માનસશાસ્ત્રને બરાબર ઓળખે છે. ફ્રોઇડ જન્મ્યો એની સદીઓ પહેલાં આ ગ્રંથ

લખાયો છે. મનની શરીર પર કેવી અસર થાય છે એનું વર્ણન પણ અહીં કર્યું છે. અને માણસ એ કેવળ મન નથી અને કેવળ શરીર નથી. મનનો આધાર શરીર પર છે. શરીરનો આધાર મન પર છે એનો તો અર્જુનના દેહનું  જે વર્ણન કર્યું છે એના પરથી પણ ખ્યાલ આવે છે. સાઇકોલોજિકલ અને બાયોલોજિકલ બન્ને વાતને અહીં છેડી છે. શા માટે અર્જુનને વિષાદ થયો? અર્જુનનો એક અર્થ જે ઋજુ છે તે. અર્જુન પ્રતાપી હતો, પણ સ્વભાવે ઋજુ, પ્રેમાળ અને સંવેદનશીલ હતો. વિષાદ જડ માણસોને ન આવે, સંવેદનશીલ માણસોને આવે. અર્જુન થોડોક સમય બૃહન્નલા - સ્ત્રીરૂપે પણ જીવ્યો હતો એટલે, એ સ્ત્રૈણ નહોતો છતાં પણ થોડાક સમય પૂરતું એનામાં નારીત્વ પણ પ્રવેશ્યું હતું. તો આ યુદ્ધભૂમિ પર જે વિષાદ પ્રગટ્યો એ ભલે એમ લાગે કે રાતોરાત પ્રગટ્યો છે, પણ એની પશ્ચાદ્ભૂમાં શારીરિક અને માનસિક કારણો છે.

અર્જુન કૃષ્ણને નહીં લડવા માટે એક પછી એક કારણો આપે છે. કૃષ્ણ એને સાંભળે છે. કૃષ્ણ એના મનની અવસ્થા પણ સમજે છે. કૃષ્ણ અંદરથી એના કોઈ પણ કારણ સાથે સંમત થતા નથી. પણ કોઈક અર્જુનને સાંભળે છે, એની અર્જુનને પ્રતીતિ આપે છે. જીવનમાં મિત્ર બીજું કશું નથી આપી શકતો પણ મિત્રના મનમાં જે કંઈ સાચીખોટી વાત હોય, ઊગે અને આથમે એ બધીને ધ્યાનપૂર્વક સાંભળી લે, વિવેકબુદ્ધિથી સમજી લે, તો જ એને સાચું માર્ગદર્શન આપી શકે. અર્જુન સભાનપણે નથી પોતાને છેતરતો કે નથી કૃષ્ણ જેવા મિત્રને છેતરતો. પણ માણસનું મન એને પોતાને પણ ખબર ન પડે એવું અને એટલું પ્રપંચી હોય છે, કારણ કે મનની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. અને તર્ક એ બુદ્ધિની વિષકન્યા છે. બુદ્ધિ અને તર્ક ભેગાં મળીને સાચાને ખોટું અને ખોટાને સાચું ઠરાવી શકે છે. પણ બુદ્ધિની પર અને પાર પણ જે બુદ્ધિ છે, પ્રબુદ્ધિ છે એ પ્રજ્ઞા

તરીકે ઓળખાય છે. કૃષ્ણ અર્જુનની દલીલોને બુદ્ધિથી સાંભળતા નથી પણ દિલથી સાંભળે છે. સાંભળે છે એટલું જ, બાકી એને ખબર છે કે અર્જુનની બુદ્ધિ અત્યારે વિનાશકાળ તરફ જઈ રહી છે, એ વિપરીત થઈ રહી છે. માણસ સવળો છે અને એની બુદ્ધિ અવળી થઈ ગઈ છે. એ બધી શાણી શાણી વાતો કરે છે એટલું જ. અંદર કંઈક બીજું જ છે. જે બીજું અંદર છે એ વાતોથી ઢંકાય છે પણ ઢંકાયેલી વસ્તુ, ઢંકાયેલી હોય તોપણ એ હોય છે. કૃષ્ણને અર્જુનની આ બુદ્ધિપૂર્વકની દલીલોને નિર્મૂળ કરવામાં અને નિર્મળ કરવામાં રસ છે. જે અર્જુનને પોતાના ભાઈઓ સાથે વનવાસ વેઠ્યો, જુગારમાં બધું હારી બેઠા, દ્રૌપદીને પણ હોડમાં મૂકવી પડી, ત્યારે વિષાદ ન પ્રગટ્યો પણ અત્યારે અચાનક આ મૃગજળિયો વિષાદ આવ્યો, ગાત્રો શિથિલ થયાં. મોઢામાં શોષ પડવા માંડ્યો, એ બીજું કાંઈ નહીં પણ પાસંગિ ફેઇઝ છે. આ પાસંગિ ફેઇઝ જો સ્થિર થઈ જાય તો

માણસ ક્યાંયનો ન રહે. અર્જુન બધી ડાહી ડાહી વાતો કરે છે. મને જીતમાં રસ નથી, રાજ્યમાં રસ નથી, સુખમાં રસ નથી, સામે ઊભેલા તો મારા સ્વજનો છે, એમને હણવા શું કામ? કૌરવોને હણીને અમારું પ્રિય શું થવાનું હતું? ઊલટાનું અમે તો પાપનું પોટલું બાંધશું. આખરે તો એ અમારા ભાઈઓ છે. રાજ્યનો લોભ ખોટો છે, વણસેલી બુદ્ધિનું પરિણામ છે. આખા કુળનો નાશ થશે. સનાતન તો કુળધર્મ છે. અને કુળનો નાશ થશે તો ધર્મનાશ જ કહેવાય. ધર્મનાશ થાય એટલે અધર્મ પ્રવર્તે. અધર્મને કારણે, પ્રજા વર્ણસંકર પેદા થાય, નરકમાં જ જવાનો વારો આવે, પિતૃઓને પિંડતર્પણ પણ ન મળે. આ માત્ર પાપ નથી, મહાપાપ છે, રાજ્ય અને સુખ બન્નેનો લોભ છે. આ લોભનો કદીયે લાભ મળવાનો નથી. શુભ ભૂંસાઈ જશે, અશુભ અંકાઈ જશે, એના કરતાં તો હું શસ્ત્રો છોડી દઉં; શસ્ત્રસંન્યાસ લઈ લઉં અને કૌરવોએ મને હણવો હોય તો ભલે હણી લે, મને કલ્યાણ એમાં જ

લાગે છે. આટલું બોલીને અર્જુન રથમાં બેસી ગયો. ધનુષ્યબાણને છોડી દીધાં. એના મનમાં શોક અને સંતાપ હતો. પહેલા અધ્યાયનો અંત બહુ સૂચક છે. અર્જુન ફરી પાછો રથમાં બેસે છે, જે રથના સારથિ કૃષ્ણ છે. અર્જુને જે બધી વાતો કરી તે એની ટૂંકી દૃષ્ટિનું પરિણામ હતું. એ વાતો રૂપાળી હતી, એના કરતાં છેતરામણી વધુ હતી. શબ્દ ઘણી વાર જેમ વિચારને પ્રકટ કરી શકે છે તેમ વિચારને ઢાંકી પણ શકે છે. આ આવરણ બહારથી રૂપાળું લાગે છે, પણ અંદરથી બધું કદરૂપું લાગે છે. અર્જુનની વાતોમાં જે છુપાયેલી કદરૂપતા હતી તે કુદરતી નહોતી. એ એની પ્રકૃતિની વિરુદ્ધ વર્તી રહ્યો હતો, એ પ્રતાપી હતો, પ્રભાવી હતો. ધનુર્ધર હતો, ક્ષત્રિય હતો અને છતાંય અત્યારે પોતાના મનને અનુકૂળ આવે એવું ગણિત અને ગણતરી કરતો કરતો કૃષ્ણને પટાવતો હતો; અલબત્ત, એ પટાવી રહ્યો છે એનું એને પોતાને પણ જ્ઞાન નહોતું. પણ કૃષ્ણ એવો મિત્ર હતો,

એવો અંતર્યામી હતો કે જે શબ્દોની દીવાલ ભેદીને આરપાર જોઈ શકે. કૃષ્ણ એટલું પામી ગયા કે એની વાતો બીજું કશું નહીં પણ ઉપરઉપરનો વરખ છે. મૂળ એનું પાન તો લીલું છે, પણ શોક અને સંતાપને લીધે કાળું પડી ગયું છે. આ કાળા પાનને ફરી પાછું લીલુંછમ કેમ કરવું એ કૃષ્ણનો પ્રશ્ન હતો. આ પ્રશ્નનો ઉત્તર તો જ મળે જો એ અર્જુનના આવા ઉપરછલ્લા વિચારનો કાયાકલ્પ કરી શકે. અર્જુન ભલે ગમે એટલું કહે, આ બધા મારા વિચારો છે, આ બધા મારા સિદ્ધાંતો છે પણ અંતે તો એ ઊછળીને શમી જતા અને શમીને ફરી પાછા ઊછળતા નર્યા અભિપ્રાયો જ હતા. એ પોતાના અહમ્-ને અનુકૂળ આવે એવા અભિપ્રાયોને, જાણે કે પોતાની સ્વયંસિદ્ધ પ્રકૃતિ છે અને આ અભિપ્રાયો પોતાની પ્રકૃતિના સિદ્ધાંતોની નીપજ છે એ રીતે પ્રગટાવતો હતો. પોતાના ભીતરના આકાશમાં સૂર્ય છે એને એણે વિષાદનાં વાદળોથી ઢાંકી દીધો અને મીણબત્તીના

અજવાળા જેટલી બુદ્ધિથી દલીલો કર્યે રાખી. ગીતાનો પહેલો અધ્યાય યુદ્ધભૂમિનું વર્ણન કરે છે, યુદ્ધભૂમિનું વાતાવરણ સર્જી આપે છે. યુદ્ધભૂમિ એ કેવળ સ્થૂળ નથી પણ અત્યંત સૂક્ષ્મ છે, કારણ કે અહીં યુદ્ધભૂમિને નિમિત્તે મનુષ્યના હૃદયમાં વૃંદાવનને સ્થાને જે કુરુક્ષેત્ર સર્જાય છે એની વાત થઈ છે.

કૃષ્ણ એ આપણા માટે પરમાત્મા છે, પણ અર્જુનને માટે એ મિત્ર છે. મિત્ર એટલે પરમ આત્મા. કૃષ્ણ મૈત્રીનું મૂલ્ય જાણે છે, મૈત્રીમાં બંધાઈને પણ એ મુક્ત રહી શકે છે. વૃંદાવન હોય કે કુરુક્ષેત્ર હોય એ સાક્ષીભાવે જોઈ શકે છે. એ માત્ર જુએ છે એટલું જ નહીં પણ પોતાના મિત્રના અને સમગ્ર માનવજાતના હિતમાં જે કાંઈ પોતે જોયું છે, જાણ્યું છે એનું દર્શન શબ્દથી અને દિવ્યચક્ષુથી કરાવી શકે છે. કૃષ્ણમાં અનેક દ્વંદ્વો એકસાથે વસે છે. એનામાં રસ પણ છે અને વિરસ પણ

છે. એ રસનું રસાયણ કરી શકે છે. સમતુલા -- દ્વંદ્વોની વચ્ચે સમતુલા -- એટલે કૃષ્ણનું વ્યક્તિત્વ. એ માખણ ચોરી શકે છે અને ગોવર્ધન તોળી શકે છે, એ ગોપીઓનું વસ્ત્રહરણ કરી શકે છે તો દ્રૌપદીનાં ચીર પૂરી શકે છે. એની પાસે પ્રત્યક્ષ વાંસળી છે, તો નિરાકાર સૂર છે, એની પાસે મોરપિચ્છ છે તો સુદર્શન પણ છે. અને એટલા માટે જ એ રાસેશ્વર પણ છે અને યોગેશ્વર પણ છે. એ એકમાં છે તેમ અનેકમાં છે. અનેકમાં હોવા છતાંય એ એકમાં છે. એ વ્યક્તિ પણ છે અને વિભૂતિ પણ છે. એ પ્રિયતમ પણ છે અને પરમેશ્વર પણ છે. એ સુલભ પણ છે અને દુર્લભ પણ છે. એ નિખાલસ પણ છે અને મુત્સદ્દી પણ છે. એ જેટલા સ્ત્રીઓના છે એટલા જ પુરુષોના છે. એ કોમળ પણ છે અને વજ્ર પણ છે. એનું ગમે એટલું વર્ણન કરીએ તોપણ આપણે છેવટે તો નેતિ નેતિ કહીને જ એને

પામી શકીએ. કરસનદાસ માણેકના શબ્દોમાં કૃષ્ણનું ચિત્ર અને ચરિત્ર જોવા જેવું છે :

`કામવૃત્તિ વગરનો પ્રણયી, યુયુત્સા વગરનો વીર, કુટિલતા વગરનો મુત્સદ્દી, વેદિયાવેડા વગરનો આદર્શવાદી, ઘમંડ વગરનો બંડખોર, કોઈ પણ જાતના સીધા કે આડકતરા સ્વાર્થ વગરનો સૌમ્ય લોકસેવક અને જગતના શત્રુઓનો નાશ કરવાનો અવસર આવ્યે મત્સર, ઈર્ષ્યા કે દ્વેષ વગરનો દંડવિધાયક કેવો હોય તેનો કાંઈક ચિતાર આપણને શ્રીકૃષ્ણના જીવન ઉપરથી મળી રહે છે.'

જગતની મૈત્રીઓમાં કૃષ્ણ અને અર્જુનની મૈત્રી વિરલ છે. આ બન્નેની મૈત્રી સ્વયંસિદ્ધ છે. કૃષ્ણ જેટલા અર્જુનના એટલા જ દ્રૌપદીના. એમ પણ કહી શકીએ કે કૃષ્ણ, અર્જુન અને દ્રૌપદીનું એક પ્રયાગ છે. આ પ્રયાગ મૈત્રીનું પ્રયાગ છે. કૃષ્ણ અર્જુનના મિત્ર છે અને અર્જુનનું છત્ર પણ છે. પાંડવો પર - સવિશેષ અર્જુન પર - કૃષ્ણના અનંત ઉપકારો છે, પણ આ ઉપકારનો ભાર કે ભાવ આવી ઉત્તમ મૈત્રીમાં ક્યાંય પ્રગટતો નથી. એ જ આ મૈત્રીની વિરલતા છે. કૃષ્ણ મિત્ર છે, જ્ઞાની છે, માર્ગદર્શક છે. અર્જુન કોઈ પણ રીતે ઓશિયાળાપણું ન અનુભવે તેની તકેદારી કૃષ્ણે મિત્ર તરીકે સતત રાખી છે. બન્નેનો એકમેક સાથેનો તાર મળેલો છે, એટલે જ એમની મૈત્રીની સ્વરાવલિ પૂર્ણ સંવાદીપણે પ્રગટે છે.

## 2. મનુષ્યજીવનની આચારસંહિતા

દીવામાંથી દીવો પ્રગટે એમ ગીતામાં એક અધ્યાયમાંથી બીજો અધ્યાય પ્રગટતો જાય છે અને એ અધ્યાય વિવિધ સ્તર પર વિવિધ તબક્કે જ્ઞાન અને કર્મના સિદ્ધાંતો પર અજવાળું પાથરતા જાય છે. ગીતા અંતે તો જીવનનું વ્યાકરણ છે, પણ એ શુષ્ક વ્યાકરણ નથી. જીવન જીવવાની કળાનું જ્ઞાન ગીતા આપે છે. આ સૃષ્ટિમાં રહ્યા છતાંયે કઈ રીતે અલિપ્ત રહેવું અને જીવનમાં પ્રતિકૂળ પરિસ્થિતિ આવે ત્યારે એ પરિસ્થિતિનો કઈ રીતે મુકાબલો કરતા જવું એનું શાસ્ત્ર એટલે ગીતા. જન્મથી તે ચિતા સુધી પહોંચીએ ત્યારે વચ્ચેની અવસ્થામાં ગીતાનો એકાદ શ્લોક પણ આચરણમાં મૂકી શકીએ તો જીવનવ્યાપક શોકમાંથી કાયમને માટે ઊગરી જઈએ. બારાત હોય કે મૈયત હોય, છલકાઈ પણ

ન જવું જોઈએ કે સંકોચાઈ પણ ન જવું જોઈએ, અંજાઈ પણ ન જવું જોઈએ અને હેબતાઈ પણ ન જવું જોઈએ. ગીતા એ મનુષ્યજીવનની આચારસંહિતા છે. જીવનની બારાખડી જો ગીતાના શ્લોકના લયમાં ઘૂંટાય તો એ શબ્દો આકાશમાં તારક અને ધ્રુવતારક થઈને પ્રગટી ઊઠે. ગીતા એ આદર્શ ગ્રંથ છે. એનો એવો અર્થ નથી કે એ વાસ્તવિકતાથી ઊફરો ચાલે છે. હકીકતમાં જ્યારે કોરી અને નકરી વાસ્તવિકતા આપણને ભીસમાં લે ત્યારે મનની વાસ્તવિક અવસ્થા કેવી હોવી જોઈએ એનો અણસારો ગીતામાં મળે છે. ગીતા એ મનુષ્યના મનનું કાવ્યમય માનસશાસ્ત્ર છે. `હરખશોકની હેડકી' અનુભવતા મનને કઈ રીતે કેળવવું જોઈએ એની એ પ્રયોગશાળા છે.

ગીતાના પહેલા અધ્યાયને અંતે સારું થયું કે પાર્થ ફરી પાછો કૃષ્ણના રથમાં બેસી ગયો. કૃષ્ણ સારથિ હોય તો જીવનના રથની ચિંતા કરવા જેવી નથી. સંજય જે કંઈ જુએ છે, જે કંઈ સાંભળે છે એ બધું જ પ્રવક્તા તરીકે ધૃતરાષ્ટ્રના કુતૂહલને સંતોષવા કહેતો જાય છે. સંજયનાં આંખ અને કાન સામાન્ય માણસ કરતાં વિશેષ સાવધાન છે. સંજયદૃષ્ટિ અને સંજયશ્રુતિ એ વિરલ છે. બધા જ માણસોને પાંચ ઇન્દ્રિયો તો હોય છે પણ કેટલાકની છઠ્ઠી ઇન્દ્રિય વિકસેલી હોય છે. સંજય આ વિકસિત ઇન્દ્રિયનું, કહો કે છઠ્ઠી ઇન્દ્રિયનું, વરદાન પામેલો જીવ છે.

ગીતાના બીજા અધ્યાયના પ્રારંભમાં સંજય અર્જુનની રાંક સ્થિતિનું વર્ણન કરે છે. અર્જુન જેવા વીર અને ક્ષત્રિયની આંખમાં આંસુઓ છે. એ બેચેન

છે, વ્યગ્ર છે, વ્યાકુળ છે. એની દૃષ્ટિ પર વિષાદને કારણે આંસુનો પડદો પડ્યો છે. કંઈક વિચિત્ર લાગે એવી અર્જુનની પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિ ક્ષત્રિય માટે સ્વાભાવિક નથી. ક્ષત્રિય તો રણમાં શૂરોપૂરો હોય. પણ ઓચિંતું આ શું થઈ ગયું! અર્જુન વિચારે છે, પણ વ્યગ્રતાથી વિચારે છે એટલે એના વિચારમાં કોઈ વ્યવસ્થા નથી, કોઈ સળંગસૂત્રતા નથી, સાતત્ય નથી. એના મનમાં પોતે જ ઊભી કરેલી શંકા છે. આ શંકા એને ભીતરથી છિન્નભિન્ન કરી મૂકે છે. કૃષ્ણથી આ છિન્નભિન્નતા સહેવાતી નથી. કૃષ્ણ જોઈ શકે છે કે અર્જુન ભીતરથી ભાંગી ગયો છે. અને જે માણસ ભીતરથી ભાંગી ગયો હોય એને ફરી પાછો બેઠો કરવો એ જેવુંતેવું કામ નથી. કદાચ કૃષ્ણ કરી શકે એવું જ કામ છે. અર્જુન વલોવાય છે, કારણ કે એ સંવેદનશીલ છે, એનામાં દુર્યોધનની જડતા નથી. આવા સંદર્ભમાં વિનોદ અધ્વર્યુનું કાવ્ય યાદ આવે છે :

ધનુર્ધર તું? ના, તુંથી અધિકા પાર્થ! છે દીઠા
કર્ણશા! શિષ્ય સાચો તું દ્રોણનો? એકલવ્ય તો?

નરર્ષભ? હતો નાચ્યો અપુરુષરૂપેય તું!
ભીષ્મની જીતનો ગર્વ? શિખંડી વિસ્મર્યો કશે?

જીવ્યો તું? દોર તો તારા કૃષ્ણના હાથમાં રમે,
છતાંયે માનથી મારું હૈયું તો તુજને નમે!

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે

અનિદ્રિત હતો તું જ, જેનો સંશય વામવા
પડી'તી રચવી ગીતા કૃષ્ણનેય રણાંગણે!

`સંશયાત્મા!'

સંશયે ઉત્તરો કેરી સાચી સાર્થકતા રહી!
નહીં તો ઉત્તરો તો આ હવામાં કૈ ગયા વહી!

જોકે અર્જુનનો આ વલોપાત ભીતરના સાચા વૈરાગ્યમાંથી નથી ઉદ્ભવ્યો, પણ મોહનું પરિણામ છે. એ જે કંઈ બોલે છે, તે દયાથી પ્રેરાઈને બોલે છે. આ દયા પણ ક્ષણભંગુર છે. એ અન્ય પ્રત્યેની દયા છે અને જાત પ્રત્યેની દયા છે. દયા છે પણ કરુણા નથી. આ બધું પોતે ઊભી કરેલી કરુણતામાંથી ઊપજ્યું છે. અર્જુનની આવી સ્થિતિ જોઈને કૃષ્ણ કહે છે કે તને આવો મોહ કેવી રીતે ઊપજ્યો? ક્ષત્રિય માટે તો યુદ્ધ તે અવસર. અને આ તો ધર્મયુદ્ધ. તે ધન્ય પળને

વસમી પળ બનાવી દીધી. આ વાત આર્યને શોભે એવી નથી. આર્ય તો સંસ્કૃત હોય, સુસંસ્કૃત હોય, જ્ઞાની હોય, સંસ્કૃતિનું રક્ષણ કરનારો હોય. તું તો અનાર્યની જેમ, કહો કે કંઈક અંશે બર્બરની જેમ, જંગલીની જેમ વર્તે છે. તારું આ વર્તન તારા નામને અને કામને શોભા આપે એવું નથી. ક્ષત્રિય થઈને રણમાંથી ભાગી છૂટવાની વાત સ્વર્ગને હરી લેશે, યશને પણ હરી લેશે. એવી માન્યતા છે કે યુદ્ધમાં જે હણાય તેને સ્વર્ગ મળે પણ આ માન્યતાને બાજુએ મૂકીએ તોપણ અત્યારે તો આ પરિસ્થિતિમાં અર્જુન નારકીય યાતના અનુભવી રહ્યો છે. સ્વર્ગ એ કંઈ વૈતરણીની પાર નથી હોતું. પણ આપણે જે રીતે વિચારીએ, જે રીતે આચરીએ, એમાં જો વિવેક હોય, સમતુલા હોય, ઔચિત્ય હોય, પ્રસન્નતા હોય, સ્વસ્થતા હોય તો સ્વર્ગ એ આપણા મનમાં જ રચાતી યશોદાયી ભૂમિ છે. આપણે આપણા વિષાદને ઓળંગી જઈએ અને આપણે સનાતન સ્મિતની

પાલખીમાં બેઠા હોઈએ એનો અનુભવ એ સ્વર્ગનો જ અનુભવ છે. કાયરતા એ કોઈને પણ શોભે એવી વાત નથી. સાચો માણસ પરિસ્થિતિથી ભાગી છૂટતો નથી પણ પરિસ્થિતિનો મુકાબલો કરે છે. પરિસ્થિતિથી ભાગી છૂટવું એ નબળા હૃદયની, નબળા મનની નિશાની છે. કૃષ્ણ કહે છે, તું આ બધા નબળા વિચારો છોડી દે. અને ગીતાકાર શબ્દનો બહુ મામિર્ક ઉપયોગ કરે છે. આ નબળા વિચારો છોડવાની વાત જ્યારે કૃષ્ણ અર્જુનને કહે છે, ત્યારે તેને `પરંતપ' કહીને સંબોધે છે. પરંતપ શબ્દનો અર્થ શત્રુનો નાશ કરનાર. આ સંદર્ભમાં પરંતપ શબ્દ કેટલા બધા ઔચિત્યથી વપરાયો છે! કૃષ્ણ બોલે છે, અર્જુન સાંભળે છે પણ અર્જુન કૃષ્ણની વાતને પૂરેપૂરી સમજતો નથી અને એ સામી દલીલ કરે છે. અર્જુન પ્રામાણિક છે. પોતાને જે કંઈ વિચાર આવે છે, ભલે એ સાચાખોટા હોય, પણ કૃષ્ણને કહ્યા વગર રહેતો નથી. એની દલીલો રંગીન ફુગ્ગાઓ જેવી છે. કોઈ

ભોળો માણસ હોય તો માની જાય, પણ કૃષ્ણ એ માનવા તૈયાર નથી, કારણ કે કૃષ્ણ જાણે છે કે અર્જુનની બધી જ વાતો એક રળિયામણી અગાશી જેવી છે. એના ભોયતળિયામાં તો કંઈક જુદું જ હોવું જોઈએ, જેની ખુદ અર્જુનને પણ ખબર નથી. અર્જુનની દલીલ એ છે કે, આ ભીષ્મ અને દ્રોણ, જેમની મારે પૂજા કરવી જોઈએ, એમને રણસંગ્રામમાં મારી કેમ શકું? દ્રોણ એ તો ગુરુ. ગુરુનો અર્થ -- `ગુ' એટલે અંધકાર અને `રુ' એટલે એ અંધકારને દૂર કરનાર. અર્જુન ભીષ્મને પૂજ્ય માને છે, દ્રોણને ગુરુ માને છે, સચ્ચાઈથી એ બન્નેને સ્વીકારે છે. પણ એ પોતે જો એટલું સમજે કે એના ગુરુ, જેને માટે એને પૂજ્યભાવ છે એ પ્રતિભાવંત વ્યક્તિઓ તો કૌરવના પક્ષમાં છે, અંધકારના પક્ષમાં છે, અધર્મના પક્ષમાં છે, તો પછી એવા ગુરુનો સ્વીકાર એ બીજું કંઈ નહીં પણ અસત્ય, અધર્મ અને અંધકારનો સ્વીકાર છે. આ સ્વીકૃતિ એ પ્રકૃતિ નથી, સંસ્કૃતિ પણ નથી, પણ

ચિત્તની વિકૃતિ છે. અર્જુન દલીલોનું લીપણ કર્યે જાય છે. મનને મનાવવાની વાત છે. કહે છે, આવા ગુરુઓ-મહાત્માઓને હણવા એના કરતાં તો ભીખ માગવી એ વધુ સારું. ગુરુને મારીને ભોગ માણવાનો આ લોહિયાળ રસ્તો મારે સ્વીકારવો નથી. આ બધાં પાપ મારે આ લોકમાં જ ભોગવવાં પડશે. પોતાને અનુકૂળ આવે એવા પાપપુણ્યના હાંસિયા પાડીને અર્જુન પોતે જ વાતો કર્યે જાય છે. એ કહે છે કે અત્યારે તો મને કંઈ જ સમજ પડતી નથી. અમારો જય થાય કે તેમનો જય થાય. અમારું હિત શેમાં છે તે સૂઝતું નથી. આંખ સામે છે ધૃતરાષ્ટ્રના પુત્રો--કૌરવો, ભાઈભાંડુઓ, સ્વજનો. આ બધાને મારીને જીવવાનો કોઈ અર્થ છે ખરો? એ કબૂલે છે તો ખરો કે મને કશું સૂઝતું નથી, નથી સમજ પડતી કે મારો ધર્મ કયો, મારું કર્તવ્ય કયું. મારી સ્વાભાવિક વૃત્તિ તો નાશ પામી ગઈ છે, હું કશું કળી શકતો નથી. મારું શ્રેય શેમાં વસ્યું છે એનાથી સાવ અજ્ઞાન છું. હું શિષ્ય થઈને

તમારે શરણે આવ્યો છું. મને દર્શન આપો, માર્ગદર્શન આપો. મારે કશું જ જોઈતું નથી, નથી જોઈતી સમૃદ્ધિ, નથી જોઈતું રાજ્ય. દેવલોકમાંય કશું મળે એનો કશાયનો મને ખપ નથી. હું વિષાદના અરણ્યમાં ફસાઈ ગયો છું. મનમાં વ્યાપેલો વિષાદ મારી ઇન્દ્રિયચેતનાને તાવે છે, શોષે છે. મારું ચૈતન્ય હરાઈ ગયું છે. હું કશું જોઈ શકતો નથી, કશું દેખી શકતો નથી, પેખી શકતો નથી. નર્યો બેચેન છું. વિવેક અને સમતુલા ગુમાવી બેઠેલો માણસ જે રીતે અસહાય થઈ જાય, અર્જુન એવો અસહાય છે. દ્રૌપદીની લાજ લૂંટાતી હતી ત્યારે કૃષ્ણે ચીર પૂર્યાં હતાં, તે વાણી વિનાનું કર્મ હતું. દ્રૌપદી પણ આટલી જ અસહાય હતી. દ્રૌપદીની શરીરની લાજ લૂંટાતી હતી. અહીં અર્જુનની મનની લાજ લૂંટાય છે. કૃષ્ણ દ્રૌપદી સાથે પણ રહ્યા અને અર્જુન સાથે પણ વહ્યા. તાપ અને સંતાપથી પીડાતા અર્જુનને માટે જો ક્યાંય શીતળતા હોય તો તે કૃષ્ણ, કૃષ્ણનું વ્યક્તિત્વ,

એની વાણી. કહ્યું ખરું અર્જુને કે હું તમારે શરણે આવ્યો છું. પણ આ શરણાગતિ ઉપરઉપરની જ છે, કારણ કે જે શરણે આવ્યો હોય તેણે તો જેને શરણે ગયો હોય તેના સંકલ્પને સ્વીકારવો રહ્યો. હું તમારે શરણે આવ્યો છું, એમ કહીને પણ અર્જુને તો પ્રગટ કર્યું કે હું લડીશ નહીં. આટલું બોલ્યા પછી તો હતું ખડક જેવું મૌન. બે બાજુ સેના, વચ્ચે સ્થિર થયેલો રથ, રથમાં બેઠેલો અસ્થિર અર્જુન, અને હું તો નહીં લડું એવો એનો નિશ્ચય. કૃષ્ણ આ બધું સાંભળે છે અને અર્જુનની પાપપુણ્યની જે બધી વાતો છે અને વાતોના જે હાંસિયા છે એને હસે છે, હસી કાઢે છે, કારણ કે સમજે છે કે આ બધું હાસ્યાસ્પદ છે. ભગવાન મૂળમાંથી જ એની વાતને કાપી નાખે છે : તું જે શોક કરે છે, તે સાવ અઘટિત છે. એમાં કોઈ ઠેકાણું નથી, એમાં કોઈ ઔચિત્ય નથી. તું જે કંઈ જ્ઞાનની વાતો કરે છે, તે કેવળ વાતો છે, શબ્દના સાથિયા છે. અનુભવનો કોઈ મર્મ વાતમાં નથી. સાચો જ્ઞાની તો

પ્રાણ ગયો કે રહ્યો એ કશાનો શોક કરતો નથી. સાચો જ્ઞાની એ ભીતરથી એટલો સ્વસ્થ, એટલો પ્રસન્ન, એટલો આનંદમય હોય છે કે આ સુખદુ:ખમાં કદીય વિભાજિત નથી હોતો. એ અંદરથી એકત્રિત હોય છે. એની વિચારધારા ચોળાયેલી કે ચૂંથાયેલી કે કાબરચીતરી નથી હોતી. એ પારદર્શક હોય છે. કૌરવો તો અવિચારી છે. અને અર્જુન ખોટા વિચાર કરે છે. સાચો જ્ઞાની એ વિચારશૂન્યના ભાવમાં રહેતો હોય છે. એ કેવળ બુદ્ધિથી નહીં પણ નર્યા અને નકરા હૃદયથી જીવે છે, એ સંશયમાં આળોટતો નથી કે શંકાને વાગોળતો નથી. એ શંકા અને સંશયની પર અને પાર હોય છે. અર્જુન જે જ્ઞાનની વાતો કરે છે, તે કેવળ જીભથી થતી વાતો જ છે. એ વાતોને જીવનો કશો સ્પર્શ નથી. એ વાતોમાં મહોરેલા ચૈતન્યની કોઈ પણ મુદ્રા દેખાતી નથી. વાતો સોહામણી લાગે છે. સુફિયાણી લાગે પણ અંદર તો વિચાર-દરિદ્રતા છે.

અર્જુન જે આ વાતો કરે છે એમાં ક્યાંક એનો સૂક્ષ્મ અહંકાર છે. અહંકાર ત્યારે હોય જ્યારે કર્તાનો ભાવ હોય. મારે કર્મ કરવાનું છે અને કર્તા તરીકે હું નિમિત્ત છું એટલું જ જો સમજાય તો કર્તાભાવ પણ નીકળી જાય અને કર્તા સાથે સંકળાયેલો અહંકાર પણ નીકળી જાય. કૃષ્ણ એક રીતે એને જન્મ-પુર્નજન્મની ઘટમાળ સમજાવે છે. એ કહે છે કે આ જે રાજાઓને અત્યારે તું તારી આંખ સામે જોઈ રહ્યો છે એ રાજાઓ ભૂતકાળમાં પણ ક્યાંક હતા -- કોઈ જુદે નામે, કોઈ જુદે રૂપે. તું એમ ન માન કે રાજાઓ માત્ર અત્યારે જ આંખ સામે છે. તું એમ પણ ન માન કે આ રાજાઓ અને આપણે ભવિષ્યમાં નહીં હોઈએ. એનો અર્થ એટલો જ થયો કે તું જે જુએ છે એ કેવળ ક્ષણભંગુર વર્તમાનને જુએ છે. નથી તને પૂર્વકાળનો પરિચય, નથી તને ભવિષ્યનો પરિચય. તું એક એવા વર્તમાનની ક્ષણ પર છે કે જ્યાંથી તને પાછલું કે આગળનું, ભૂતકાળનું કે ભવિષ્યનું, વિગતનું

કે અનાગતનું -- કશું દેખાતું નથી. તારું આ દર્શન એ ખંડિત દર્શન છે. એ એકાંગી દર્શન છે. અખંડિત અને સર્વાંગી દર્શન નથી. તું અંશમાં વિચારે છે -- અખિલાઈને જાણ્યા વિના. તું જેને જુએ છે એ તો શરીર છે. અને આ શરીર પણ ક્ષણભંગુર છે. શરીરને એના પોતાના ધર્મો છે. તું મારે કે ન મારે તોપણ શરીર તો છેવટે મરણની દશા તરફ અને મરણની દિશા તરફ જવાનું. જેમ મનુષ્યને બાળપણ, યૌવન અને વૃદ્ધાવસ્થા આવે અને વૃદ્ધાવસ્થાને અંતે દેહ પડે તો એ દેહનો પશ્ચાત્તાપ સ્થિર પ્રજ્ઞાવાળો માણસ, ધીરજધારી માણસ કરતો નથી. આવી બાબતમાં એ મૂંઝાતો કે ડગતો નથી. એ તો અચળ અને અવિચળ રહે છે, કારણ કે શરીર પડશે તેમ આત્માને ફરી પાછો નવો દેહ પણ મળશે. તું ક્ષણભંગુર શરીરને ભલે જોયા કર, પણ તને આત્માની શાશ્વતીનો કોઈ પરિચય નથી. શરીર એટલે ઇન્દ્રિયો. ઇન્દ્રિયોની સાથે વિષયો સંકળાયા છે. વિષયોની સાથે સુખ અને

દુ:ખ છે. એ ટાઢ અને તાપનો અનુભવ આપે છે. આ સુખ અને દુ:ખ, એનો સ્વભાવ જ એવો છે. એ તો આવે અને જાય, જાય અને આવે. એટલે કે એ અનિત્ય છે, સ્થાયી નથી. જે અસ્થાયી છે એનો તું વિચાર કરે છે. અને એ ખોટો વિચાર કરીને વિષાદને પંપાળે છે. માણસે કોઈ પણ પરિસ્થિતિને સહી લેવી જોઈએ. સુખથી છલકાઈ ન જવું જોઈએ. દુ:ખથી સંકોચાઈ ન જવું જોઈએ. આ બન્ને એક જ છે અથવા એક છે એટલે તો બીજું છે એ વાત સમજી લેવી જોઈએ. સુખ છે એમ કહીએ છીએ એનો અર્થ જ એટલો કે દુ:ખ પણ છે. જે પુરુષોમાં ઉત્તમ હોય છે એના મનની સ્થિતિ આ બન્નેમાં સમતોલ અને સમાન હોય છે. એને કોઈનું મમત્વ પણ નથી હોતું. એને કોઈનું મહત્ત્વ પણ નથી હોતું. જે ધૈર્યવાન છે એ વાતવાતમાં આકુળવ્યાકુળ થતા નથી. એ પીડાતા નથી. એ પિલાતા નથી. એમને માટે સુખદુ:ખનો કોઈ અર્થ નથી. એટલે જ એ ભીતરથી

સમર્થ છે. અને જે સમર્થ છે તે જ મોક્ષને પામે છે, અથવા તેને જ માટે મોક્ષ છે, કારણ કે તેઓ કોઈ બંધનમાં બંધાયા જ નથી. તું અત્યારે જેને જુએ છે એ હકીકતમાં અસત્ય છે. અને અસત્યનું કદીય અસ્તિત્વ હોતું નથી. વળી, સત્ય કદીય નાશ પામતું નથી. આ ક્ષણે તું અસત્યને દેખે છે અને સત્યને ઉવેખે છે. સાચો તત્ત્વજ્ઞાની `નથી' અને `છે'નો વિવેક જાણે છે. એની પાસે હંસની નીરક્શીરવૃત્તિ છે. એ બન્નેનો ભેદ સમજી શકે છે. એટલે જ એ વિચ્છિન્ન થતો નથી અને અભેદનો અનુભવ કરી શકે છે. આવો માણસ કેવળ પોથીપંડિત નથી હોતો. કેવળ તત્ત્વજ્ઞાની નથી હોતો. એ તત્ત્વદર્શી છે. મૂળભૂત તત્ત્વનું એણે દર્શન કર્યું છે, કહો કે એનો સાક્ષાત્કાર કર્યો છે. આ અવિનાશી તત્ત્વથી સમગ્ર વિશ્વ વ્યાપ્ત છે અથવા એમ કહીએ કે જેનાથી સમગ્ર વિશ્વ વ્યાપ્ત છે એ તત્ત્વ અવિનાશી છે. અને જે અવિનાશી હોય એનો નાશ કદી કોઈ કરી શકે નહીં. દેહ

વિનાશી છે. આત્મા અવિનાશી છે. દેહ નશ્વર છે. આત્મા અનશ્વર છે. દેહને સીમા છે. આત્મા અસીમ છે. તારે યુદ્ધમાં ઝૂઝવાનું છે, ઝઝૂમવાનું છે, ભાગવાનું નથી, ધનુષ્યબાણ હેઠાં મૂકવાનાં નથી, કારણ કે તું જેને હણશે એ તો દેહ હશે. તું રખે એવું માનતો કે તું આત્માને હણી રહ્યો છે. તું યુદ્ધ નહીં કરે તો તું તારા ક્ષત્રિયધર્મને અને તારા સ્વમાનને હણી રહ્યો છે. તારો નકાર એ અજ્ઞાનમાંથી આવ્યો છે. મોહમાંથી આવ્યો છે. તારી જાત સાથેના દ્રોહમાંથી આવ્યો છે. તારા વિષાદમાંથી આવ્યો છે. તારી મૂળભૂત પ્રકૃતિમાંથી નથી આવ્યો. મૂળભૂત પ્રકૃતિ તો સ્વીકારની હોવી જોઈએ. અહીં ગીતામાં એવી રીતે કહેવાયું નથી પણ આપણે એક ક્ષણ વિચાર કરીએ. જો ભરવસંતે કોયલ ગાવાની ના પાડે તો? ફાગણ આવ્યો હોય અને ફૂલ ખીલવાની ના પાડે તો? મેઘ ઘેરાયા હોય અને મોર કેકા કરવાની ના પાડે તો? વર્ષાના વાતાવરણમાં મેઘધનુષ્ય મહોરવાની ના પાડે

તો? અર્જુન રણભૂમિ પર આવીને લડવાની ના પાડે છે તે એની સ્વાભાવિક અવસ્થા નથી પણ અસ્વાભાવિક અવસ્થાનું પરિણામ છે. વિષાદને કારણે એની આંખે મોતિયો બાઝ્યો છે. કૃષ્ણનો પુરુષાર્થ મિત્રકર્મ કરીને આ મોતિયાને ઉતારવાનો છે. એને સાચું દેખતો કરવાનો છે. કૃષ્ણ એની ઉપરછલ્લી વાતોથી અંજાઈ જતા નથી પણ એને જે લિપિ અજાણી છે, જે આત્માની પ્રાચીનતમ લિપિ છે એ ઉકેલવામાં સહાયભૂત થાય છે. એને જે દેખાય છે, એને જે કંઈ મનમાં થાય છે એ બધું બોલતાં અર્જુનને આવડે છે. પણ એ જે કંઈ બોલે છે તે પ્રગટ વર્તમાનને ધ્યાનમાં રાખીને જ બોલે છે.

એ બોલે છે ખરો પણ એને ભૂતકાળ કે ભવિષ્યકાળની લિપિ વાંચતાં આવડતી નથી અને એટલે જ એનું કહેવાતું જ્ઞાન કુંઠિત છે. એ જ્ઞાની હોવાનો

દેખાવ કરે છે પણ એની વાતોમાં એનું અજ્ઞાન જ પ્રગટ થાય છે. કૃષ્ણનો પ્રયત્ન એની કુંઠિતતાને તોડવાનો છે. એને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને શરીરમાંથી આત્મા તરફ દોરવાનો છે. એ બુદ્ધ છે પણ પ્રબુદ્ધ નથી અને એટલે જ એ શસ્ત્ર હેઠાં મૂકી દે છે. કૃષ્ણને માટે આ પરિસ્થિતિ અસહ્ય છે. પોતાનો મિત્ર ખરે વખતે પાણીમાં બેસી જાય એ કોઈ પણ રીતે કૃષ્ણને પાલવે નહીં. પાણીમાં બેસી જાય તે પણ પાછી સુફિયાણી વાતો કરીને, પોતાનો હાથ ઉપર રાખીને. મિત્ર આત્મવંચના કરે એ પણ અસહ્ય છે.

અર્જુનની ધ્રુવપંક્તિ છે કે હું યુદ્ધ નહીં કરું. કૃષ્ણની ધ્રુવપંક્તિ છે કે તું યુદ્ધ કર. અર્જુનનો નકાર છે, કૃષ્ણનો હકાર છે. અર્જુનના કેન્દ્રમાં શરીર છે, કૃષ્ણના કેન્દ્રમાં આત્મા છે. શરીરની ક્ષણભંગુરતા સમજાવ્યા પછી આત્માની શાશ્વતી શું

છે એ સમજાવે છે. એ કહે છે કે શરીર હણાય છે, આત્મા હણી શકાતો નથી. અને જો કોઈ એમ માને અને સમજે કે શરીરને હણવાથી આત્માને હણી શકાય છે, અથવા કોઈ માની બેસે કે આત્મા હણાયેલો છે તો એ બન્ને દૃષ્ટિબિન્દુ ખોટાં છે, અજ્ઞાનની છડી પોકારનારાં છે. એ લોકો આત્માનું સાચું સ્વરૂપ, એનો સ્વભાવ, આત્માની પ્રકૃતિ જાણતા જ નથી. આત્મા કદીય જન્મતો નથી. જો જન્મતો જ ન હોય તો એનું મરણ કઈ રીતે હોઈ શકે? મરણ તો જે જન્મે એનું થાય. આત્મા તો અજન્મ છે. અજન્મ એટલે unborn નહીં પણ eternal એટલે કે સનાતન. જે સનાતન છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે. આપણે હોઈએ કે ન હોઈએ પણ આત્મા તો હોય જ છે -- આપણા પહેલાં અને આપણા પછી પણ. સનાતનનો નાશ કદી થતો જ નથી. ઉદાહરણ પૂરતી જ વાત કરું છું -- ઉદાહરણો કદી પૂર્ણ સત્યને પ્રગટ નથી કરતાં એ જાણું છું છતાંય. માની લો કે મંદિરનો નાશ કરીએ,

પણ તેથી ધર્મનો નાશ નથી થતો. ધર્મ તો મંદિર પહેલાં પણ હોય અને મંદિર પછી પણ હોય. મંદિર એ ધર્મનું સ્થૂળ શરીર છે. મંદિર એ ધર્મનો કદાચ ક્રિયાકાંડ છે. અને ક્રિયાકાંડ એ ધર્મ નથી. જે સ્થૂળ છે એ નાશ પામે છે. જે સૂક્ષ્મ અને નિત્ય છે અને સનાતન છે અને અવ્યક્ત છે એ તો હોય જ છે. માણસ જો આટલું જાણી જાય કે સનાતનનો હું નાશ નહીં કરી શકું તો પછી એ ભ્રમણાની બહાર નીકળી જશે. અને ભ્રમણાની બહાર નીકળેલો માણસ એ જ્ઞાની છે અને જે જ્ઞાની છે તે હર્ષશોકથી પર છે. ગીતાકારે અહીં એક અત્યંત કાવ્યમય ઉદાહરણ આપ્યું છે. અનુષ્ટુપની વચ્ચે વચ્ચે ક્યારેક ક્યારેક ઇન્દ્રવજ્રા છંદનો પણ ઉપયોગ કર્યો છે. આ ઉદાહરણ કવિઋષિને સૂઝે એવું છે. માણસ જેમ જૂનાં વસ્ત્રોને ત્યાગી નવાં વસ્ત્રો ધારણ કરે તેમ આત્મા પણ જૂના શરીરને ત્યાગી દે છે અને નવું અન્ય શરીર પહેરી લે છે. આ ઉદાહરણ અત્યંત માર્મિક છે. જો ઊંડાણથી

સમજીએ તો આ ઉદાહરણમાં અપૂર્વ ગહનતા છે. શરીરને એણે વસ્ત્ર સાથે સરખાવ્યું છે. જીર્ણ વસ્ત્ર સાથે સરખાવ્યું છે. ક્યાંય એમ નથી કહ્યું કે શરીર એ આત્માની ત્વચા છે. વસ્ત્રની ફેરબદલી એ હરખશોકનો વિષય ન હોઈ શકે. આત્મા અમર છે. એ મૃત નહીં પણ અ-મૃત છે. શસ્ત્રો એને છેદી ન શકે. અગ્નિ એને બાળી ન શકે. પાણી એને પલાળી ન શકે. પવન એને સૂકવી ન શકે. શિકારી જો તીર મારે તો એ તીર શરીરને વાગે છે; પડે છે તે શરીર પણ આત્મા નહીં. ચિતા પર બળે છે તે શરીર, પણ તે આત્મા નહીં. ગંગામાં રાખ પધરાવીએ છીએ તે શરીરની રાખ છે, આત્માની નહીં. અને જે ભીજાતો નથી એને સુકાવા માટેનો પ્રશ્ન જ ક્યાં રહ્યો! ગીતામાં એકની એક વાતનું પુનરાવર્તન સતત થયા કરે છે. આ દોષ નથી. એકની એક વાત ઘૂંટો ત્યારે કોઈકે કહ્યું હતું કે એ મંત્ર બની જાય છે. શા માટે કૃષ્ણ ઘણીય વાર એકની એક વાતને ઘૂંટે છે? કૃષ્ણ

વાતને ઘૂંટે છે, એને ચૂંથતા નથી. ઘૂંટે છે એટલા માટે કે અર્જુનનો વિષાદ એટલો ઘટ અને ઘેરો છે કે જો કૃષ્ણ એને એકની એક વાત જુદી જુદી રીતે ન કહે તો એની આંખ પર પડેલો પડદો કદી ઊપડે જ નહીં. કેટલીક વાત એવી અઘરી હોય છે કે એને સમજાવવા ફરી ફરીને કહેવું પડે. બીજી પણ એક વાત છે કે અર્જુન સાંભળે છે ખરો, પણ અત્યારે એની માનસિક સ્થિતિ વાતને પૂરેપૂરી સમજવાની નથી. અને આ ઘૂંટડો ગળે ઉતારવા માટે કૃષ્ણ મૂળ વાતને ઘૂંટીઘૂંટીને કહે છે. આ આત્મા છેદી ન શકાય, ભેદી ન શકાય, બાળી ન શકાય, પ્રજાળી ન શકાય, ભીજવી ન શકાય, સૂકવી ન શકાય, કારણ કે આત્મા સર્વવ્યાપક છે, અચળ છે, સ્થિર છે, સનાતન છે. એ અચંત્યિ છે એટલે કે, બુદ્ધિનો વિષય નથી. એ અવ્યક્ત છે, અગોચર છે, દેખાતો નથી. એને અનુભવવાનો છે. એને કોઈ વિકાર નથી હોતા. વિકારો તો શરીરના હોય છે. એનું સ્વરૂપ પલટાતું

નથી હોતું. આકાશમાં અનેક પ્રકારનાં વાદળો હોય પણ આકાશ તો એનું એ જ હોય છે. જે આત્મા વિકારથી પર હોય એ આત્માને જો યોગ્ય સ્વરૂપમાં અર્જુન ન ઓળખે અને અજ્ઞાનને કારણે શોક કરે તો કૃષ્ણ કહે છે કે તારા શોકમાં પણ ઔચિત્ય નથી. કૃષ્ણ દલીલ પર દલીલ કરે છે. આ જીભની વાત નથી, જીવની વાત છે. અને જીવ જોડીને વાત કરે છે. અર્જુનને એમ પણ કહે છે કે માની લે, આ આત્મા ફરીફરીને સદા જન્મ લેનારો છે અને મરનારો પણ છે તોપણ અર્જુન, શોક કરવો તારે માટે યોગ્ય નથી, કારણ કે જે કોઈ જન્મે એનું મરણ નિશ્ચિત છે. અર્જુન જો એમ માનતો હોય કે શરીરની જેમ આત્મા પણ જન્મે છે તો જેને જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે, અને જે નિશ્ચિત છે એનો શોક કરવાથી કંઈ વળે નહીં. અને મૃત્યુ જો નિશ્ચિત હોય તો એનો જન્મ પણ ફરી પાછો નિશ્ચિત છે. આ જન્મ-પુનર્જન્મની ઘટમાળ એ મનુષ્યના હાથની વાત નથી. આ પરિસ્થિતિમાં મનુષ્ય

નિરુપાય છે. જેમાં આપણું કાંઈ ચાલતું જ ન હોય એનો શોક કરવો યોગ્ય નથી. પછી એક અપૂર્વ વાત કહે છે. બધાં જ પ્રાણીઓ -- અને મનુષ્ય પણ સમગ્ર વિશ્વની યોજનામાં એક પ્રાણી જ છે. આ બધાં જ પ્રાણીઓ જન્મ પહેલાં પણ શરીર વિનાનાં હતાં અને મરણ પછી પણ શરીર વિનાનાં રહેવાનાં છે. જન્મ પહેલાં અને મરણ પછી જે પ્રગટ થાય છે, જે વ્યક્ત થાય છે તે તો શરીર. તો આ બાબતમાં ચિંતા શી? ઉદ્વેગ અને શોક શો? વિષાદ શા માટે? આપણે જન્મ પહેલાંની અને મરણ પછીની સ્થિતિ જાણતા જ નથી અને અજાણતાં જ આપણે વિશ્વની યોજનામાં હસ્તક્ષેપ કરીએ છીએ, દખલગીરી કરીએ છીએ. એક દાખલો આપવાનું મન થાય છે. માની લો કે કોઈ હોટલમાં તમે રહેવા ગયા. તમને હોટલમાં બીજે કે ત્રીજે કે કોઈક માળે રહેવા માટે એક ખંડ આપ્યો. તમે ખંડમાં પ્રવેશ્યા. તમને ખબર નથી કે તમારી પહેલાં કોણ રહી ગયું છે. તમે છો ત્યાં

સુધી તમે અને તમારો ખંડ તમારી સાથે છે. તમે બેચાર દિવસ પછી એ ખંડ છોડી દો છો. તમારા ગયા પછી એ ખંડમાં કોણ આવવાનું છે એની પણ તમને ખબર નથી. તમને જે કંઈ ખબર છે, તે ચપટીક ખબર છે. તમે આ તારીખે આ હોટલમાં આવ્યા અને અમુક તારીખે એ હોટલ છોડી દીધી. તમારી પહેલાં કોણ હતું અને તમારી પછી કોણ હશે એની બહુ બહુ તો તમે અટકળો કરી શકો. તમારી અટકળો એ હકીકત અને સત્યનો પાયો નથી. કેવળ અટકળો છે. અને જાણ્યા વિના જ અટકળો કરો અને અટકળોને આધારે શોક કરો એનો કોઈ અર્થ ખરો! મનુષ્યની કુંઠિત દૃષ્ટિ વ્યક્તને જ જાણે છે. અવ્યક્તને તો એ કદી જાણી શકતો જ નથી. દેખાતું ન હોય એટલે એ નથી જ કે નહોતું જ એવું ન કહી શકીએ. આના સંદર્ભમાં સુન્દરમ્-નું એક ગીત યાદ આવે છે :

દેખાતું નૈ તેથી નૈ,
એ વાત ના સૈ, ના સૈ, મારા ભૈ!　　　　　દેખાતું નૈ તેથી નૈ,

દેખી દેખીને તું દેખે શું કેટલું,
દેખ્યું તે સમજે શું કૈ?

મરકટના હાથમાં મોતીડું આલ્ય એને,
કિંમત ના એની જૈ.　　　　　દેખાતું નૈ, તેથી.

રણની રેતીએ નથી દરિયો દીઠેલ,
નથી દીઠો સૂરજ કદી ઘૂડ,

દરિયો સૂરજ તેથી ગપ્પાં ગણે તેને
ગણવા તે ધૂડ ગળાબૂડ. દેખાતું નૈ, તેથી.

સૂરજ તપે ત્યારે તારા બુઝાય અને
તારા તગે ત્યાં નહીં સૂર,

સમજું તે સાચું ને બાકી બધું કાચું,
એ તો પીધેલની વાત ચકચૂર. દેખાતું નૈ, તેથી.

આંજણ પ્હેલાંની અને આંજણ પછીની આંખ,
દેખ્યા દેખ્યામાં બહુ ફેર,

આંજણ મારું જો તને ખપતું અજાણ્યા જણ,
તારાં ઉતારું સહુ ઝેર. દેખાતું નૈ, તેથી.

આત્મા અને આત્મતત્ત્વ એ અત્યંત ગહન છે. જે ગહન છે એને તમે બતાવી કેવી રીતે શકો? જે અવ્યક્ત છે એને તમે પ્રગટ કઈ રીતે કરી શકો? આત્મા કે આત્મતત્ત્વ એ દરિયાની માછલી નથી કે એને જાળમાં ઝાલીને બહાર બતાવી શકાય. આત્મા નિરાકાર છે. શરીર બહુ બહુ તો બાહ્ય આકાર છે. પણ જે બાહ્ય આકાર છે, એ આત્માનો આકાર નથી, કારણ કે શરીર સાથે તો ઇન્દ્રિયો સંકળાયેલી છે. શરીરને તો લિંગ અને યોનિના ભેદ છે. ઇન્દ્રિયો સંકળાયેલી છે એટલે ઇન્દ્રિયો સાથેના સર્વ વિષયો સંકળાયેલા છે. આ ઇન્દ્રિયોની સાથે મનુષ્યનું મન સંકળાયેલું છે! મનની સાથે કામ, ક્રોધ, મદ, લોભ, મોહ ઇત્યાદિ તત્ત્વો

સંકળાયેલાં છે. મનની સાથે ઇચ્છા, આકાંક્ષા, મનોરથ, અપેક્ષા, આમ કેટકેટલું સંકળાયેલું છે! અર્જુન મોજાંને જુએ છે પણ દરિયાને જોતો નથી. વાદળને જુએ છે પણ આકાશને જોતો નથી. શરીરને જુએ છે પણ આત્માને જોતો નથી. અને આત્માને જોવો એટલે કે, જે નથી એને જોવો, પરખવો, પામવો એ કોઈ સહેલી વાત નથી. અર્જુન લડવાની ના પાડે છે, એના મૂળમાં એની કોઈ ગેરસમજણ જ છે. માની લો કે ઘરમાં ઉંદર ભરાઈ ગયો હોય અને ઉંદર બહાર ન નીકળતો હોય તો ઉંદરને કાઢવો જોઈએ. ઘરને કાઢી ન નખાય. અર્જુનની નહીં લડવાની વાત એ ઘરને કાઢવા જેવી વાત છે. કૃષ્ણ બધું બરાબર સમજે છે, કારણ કે એ કેવળ આત્મા નથી, પરમાત્મા છે. એ કેવળ વ્યક્તિ નથી, વિભૂતિ છે. એ કેવળ મિત્ર નથી, અંતર્યામી છે. કૃષ્ણ જેવી વિભૂતિ એ તો આત્માના જાસૂસ કહેવાય. હોઠ પર શબ્દ આવે એ પહેલાં અર્થને અને પરિસ્થિતિને અને મન:સ્થિતિને પામી

જાય. એનો અર્થ એવો નથી કે એ સામાના વિચારો વાંચવામાં પાવરધા છે. એનો અર્થ એટલો જ કે કેવળ મનમાં નહીં પણ મનની પારનો જે પ્રદેશ છે અને પ્રદેશની પાર પણ આત્માનું જે તત્ત્વ છે એને એ ઓળખે છે, એટલે તો એને આપણે અંતર્યામી કહીએ છીએ. ભલભલા જ્ઞાનીઓ, મહાપુરુષો પણ આત્માને આશ્ચર્ય સમાન જુએ છે, નર્યા વિસ્મયથી જુએ છે, કારણ કે આત્મા કે આત્મતત્ત્વ એ અનુભવનો વિષય છે, વાણીનો વિષય નથી. અન્ય કોઈ મહાપુરુષો આ આત્મતત્ત્વની વાત વિસ્મયથી જ કહે છે. કોઈ આ આત્માને, એના આશ્ચર્યને, એના વિસ્મયને સાંભળે છે. આત્માનો કે અંત:કરણનો અવાજ સાંભળ્યા પછી પણ કોઈ એને જાણતું હોય એવું નથી. તો પછી આ આત્મા -- આત્મતત્ત્વ છે શું? કૃષ્ણ કહે છે કે આ આત્મા, આ દેહી સર્વના શરીરમાં, સર્વને દેહમાં સદા માટે વસે છે. એ સદા છે એટલે એનો અર્થ એવો થયો કે એ શાશ્વત છે. એ અવધ્ય છે;

એનો કોઈ વધ ન કરી શકે. અને એ સર્વ પ્રાણીઓમાં વસે છે. જો આત્મા સર્વમાં સદા માટે વસતો હોય તો જે મરવાનું છે તે તો શરીર છે. આવા મરણશીલ શરીરનો શોક કરવો એ યોગ્ય નથી. એમાં ઔચિત્ય નથી, એ ઠીક નથી, બરાબર નથી, આ વાત કૃષ્ણની ધ્રુવપંક્તિ છે. પણ કૃષ્ણ અહીંથી અટકતા નથી, કારણ કે એ જાણે છે કે અર્જુનનો વિષાદ ગાઢ છે. અર્જુનના મનમાં વિષાદ છે, સંશય છે, અંધકાર છે, ધુમ્મસ છે, એકાદ કિરણથી કંઈ પતે એમ નથી. અર્જુનની ધરતી પર અને અર્જુનના આકાશમાં અનેક સૂરજ સળગાવવા પડશે. એટલે કૃષ્ણ એક પછી એક પોતાની વાતને લોજિકલ લંકિથી નહીં પણ સાઇકોલોજિકલ લંકિથી વહેતી કરે છે. શરીર નાશવંત છે. આત્મા શાશ્વત છે. શરીર તો વ્યક્ત મધ્ય છે. એટલે કે તું કેવળ વ્યક્ત વૃક્ષને જ જુએ છે, બીજથી અજાણ છે. હવે એક નવો મુદ્દો કહે છે અને અર્જુનની અવસ્થાને રહીરહીને ઢંઢોળે છે. અર્જુનની અવસ્થા એવી છે કે

અર્જુનને નહીં લડવા માટેની રળિયામણા ગાલીચા જેવી દલીલો પાથરી છે. કૃષ્ણનો પુરુષાર્થ એ છે કે આ તે જ પાથરેલા ગાલીચાને ભૂલી જા. જો ગાલીચો ઉઠાવી લે તો તને મનની તળભૂમિ દેખાય. કૃષ્ણ અહીં સ્વધર્મની વાત છેડે છે. તું ક્ષત્રિય છે, તારો પોતાનો સ્વધર્મ યુદ્ધનો છે. આ સ્વધર્મને કેન્દ્રમાં રાખીએ તોપણ આમાં તારે ભયભીત થવું એ તારે માટે યોગ્ય નથી. `યોગ્ય નથી'ને એ અન્ડરલાઇન કરીકરીને કહે છે. ક્ષત્રિયને માટે યુદ્ધથી કલ્યાણકારક શું કર્તવ્ય હોઈ શકે? ક્ષત્રિય તો આવા કલ્યાણકર્મને ઝંખતો હોય છે. આ કંઈ સાદું યુદ્ધ નથી. આ તો ધર્મયુદ્ધ છે. આ યુદ્ધ અન્યાય અને પાપની સામે છે. આ યુદ્ધ તો ન્યાય અને પુણ્ય માટે છે. યુદ્ધ કરવું જ જોઈએ. ન્હાનાલાલની બે પંક્તિઓ યાદ આવે છે :

પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.

વિનોબા ભાવેએ ગીતાપ્રવચનોમાં સ્વધર્મ માટે એક સરસ વાત કરી હતી. સ્વધર્મ એ માતા જેવો છે. વ્યક્તિ પતિ કે પત્નીની પસંદગી કરી શકે, પણ માતાની પસંદગી ન કરી શકે. સ્વધર્મ એ તમારા જન્મ સાથે મરણ લગી જડાયેલો છે. વિનોબાએ એક બીજી પણ વાત કહી હતી કે માછલી જો જાણે કે પાણી કરતાં દૂધ વધારે કીમતી છે અને જળમાં રહેવાનો પોતાનો સ્વધર્મ ભૂલી જઈ દૂધમાં રહેવાનું પસંદ કરે તો, છેવટે એને માટે તરફડિયાં અને મરણ છે.

કૃષ્ણને અર્જુન લડતો નથી એનું જ દુ:ખ નથી, પણ કૃષ્ણની વિશેષ વેદના એ છે કે એનો પરમ મિત્ર અંદરથી પીડાય છે; વિના કારણે પીડાય છે. અથવા એમ કહીએ, ન લડવા માટે અર્જુને પેટ ચોળીને શૂળ ઊભું કરે છે. વિષાદનો અનુભવ એ બીજું કશું જ નહીં, પણ નર્યું નરક જ છે. આ અર્જુન કેટલો

અભાગી કે આ પ્રકારના યુદ્ધ માટેનું સ્વર્ગનું દ્વાર આપમેળે જ ખૂલ્યું છે એને નકારે છે. અને કોઈ બડભાગી ક્ષત્રિય હોય એને જ આવું યુદ્ધ મળે. સ્વર્ગનો આવો દરવાજો જેનેતેને મળતો નથી. આ દરવાજા પર તાળું પણ નથી છતાં અર્જુન ચાવીની શોધમાં છે. આમ જોઈએ કે અર્જુન કેટલો ભાગ્યવાન કે આ યુદ્ધમાં સારથિ તરીકે મિત્રરૂપે ખુદ ભગવાન જ મળ્યા છે! જીવનમાં આવી પળ અવારનવાર નથી આવતી. જે માણસ આ પળ ગુમાવે તે નર્યો કમભાગી. શેક્સપિયરે પોતાના એક નાટકમાં ઉત્તમ વાત કરી છે : મનુષ્યના જીવનમાં એવું એક વિરાટ મોજું આવતું હોય છે અને એ વખતે જો માણસ એ મોજા પર સવારી કરે તો સદ્ભાગ્યનું સ્વર્ગ એનાથી સહેજ પણ દૂર નથી. કેટલીક પળ એવી હોય છે કે એને ગુમાવીએ ત્યારે જ ખબર પડે કે આ પળ નથી ગુમાવી, પણ આખો યુગ ગુમાવ્યો છે. આ ધર્મસંગ્રામ તો ક્ષત્રિય માટે ઉત્સવ-સમારંભ જેવો છે. કૃષ્ણ

મુત્સદ્દી છે પણ મેલા નથી. સામ, દામ, ભેદ, દંડ એ બધું જ યોગ્ય સમયે વાપરી જાણે છે. કાંટો જેમ કાંટાને કાઢે તેમ ભયભીત અર્જુનના મનમાંથી ભય કાઢવા માટે અને ભય કાઢીને એને નિર્ભય બનાવવા માટે એ ભયની વાત કરે છે. કદાચ એ છાની ચીમકી આપે છે. કહે છે કે જો તું આ ધર્મયુદ્ધમાં ઝઝૂમશે નહીં તો તું સ્વધર્મ તો ગુમાવશે જ, એટલું જ નહીં પણ ક્ષત્રિયનું જે આભૂષણ છે, આભૂષણ જ નહીં ક્ષત્રિય માટે જે સારસર્વસ્વ છે એ કીર્તિને પણ ગુમાવશે અને આ ગુમાવ્યા પછી જે પામશે તે નર્યું પાપ. એક બાજુ સ્વધર્મ ગુમાવવાનો, પાપને સામે ચાલીને વહોરવાનું. લોકો અપયશને વહેતો કરશે એ પણ સહન કરવાનું અને જે માનનીય છે, સ્વમાની છે એવા માણસો માટે તો અપયશ કે અપકીર્તિ એ મરણથી પણ વધારે ખરાબ છે. અપયશ કરતાં તો મરણ બહેતર છે. લોકોને કારણ આપીને નિંદામાં ચૂંથાઈ જવું એના કરતાં તો મૃત્યુ પામવું એ વધારે

સ્વમાનશીલ છે. ક્ષત્રિય રણથી ભાગે છે ત્યારે મરણ જેવા અપયશને જ નોતરે છે.

આજ લગી તે તારા જ પુરુષાર્થથી, તારા સ્વકર્મ અને સ્વધર્મના બળે તારી પોતાની કીર્તિ, તારું પોતાનું સ્વરૂપ એક યોદ્ધા તરીકે કંડાર્યાં છે. રણમાંથી જો તું ભાગી જઈશ, પલાયનવાદી થઈશ તો જે માનનીય છે, જેમના શબ્દનું અને મૌનનું મૂલ્ય છે એ બધાં તને ડરપોક માનશે અને તું અને તારો પુરુષાર્થ એમની આંખમાંથી ઊતરી જશે. આ તો બધા તારા હિતેચ્છુઓ છે, શુભેચ્છકો છે. જેમને તારે માટે માન અને પ્રેમ છે એ લોકો તને તુચ્છ કહેશે. પણ આ વાત અહીં જ અટકશે નહીં. શત્રુઓ તો રાહ જોતા હોય છે, ક્યારે તક મળે અને ક્યારે નિંદા કરીએ. એ લોકો તારા આ અનિચ્છનીય પગલાને કારણે ન બોલવાનું પણ ઘણું

બોલશે. ન કહેવાનું પણ ઘણું કહેશે. તારે અવળાં અને હલકાં વેણનો મુકાબલો કરવો પડશે. તારી શક્તિ અને તારું સામર્થ્ય, તારું શૌર્ય આ બધું ધોળે દિવસે વગોવાશે. અને તું જ કહે આનાથી વધુ દુ:ખ બીજું કયું હોઈ શકે? યુદ્ધના આ અવસરને સહજભાવે સામે ચાલીને સ્વીકારશે તો એ ઘટના અને નહીં સ્વીકારે તો દુર્ઘટના. તારી પાસે સંકલ્પ નથી. તું વિકલ્પોની ઝાડીમાં ગૂંચવાયેલો છે. તારી પાસે જીવનધ્યેયની કોઈ સ્પષ્ટતા નથી. તું તારા જીવનનું પરમ પ્રયોજન, નહીં લડવાની વાત કરીને ગુમાવી બેઠો છે. જે માણસ જીવનનું પ્રયોજન ગુમાવે એ કહો કે જીવન જ ગુમાવે છે. અહીં મને રામનારાયણ પાઠકની પંક્તિ યાદ આવે છે :

લલાટ લખ્યું તે જ ને, સહવું તો સદા છે જ ને!
તથાપિ સહુ ભૂતના હૃદયમાં, ન તો દે કદી.

વિપત્તિ અદકેરી આ હૃદયની જ ગુંજાશથી!
ખરે! તુજ કૃપા અસીમ સુણું છું, હું માનુંય છું,

ન લેશ પણ છે મળી, જીવનમાં મને એહ છે
મહાન જગકોયડો, અમ ગરીબની તો સદા

ભર્યા સભર સાગરે સતત નાવડી જો બળે!
છતાં કદી મનુષ્યના દિલની હાય તું સાંભળે,

કરે બસ તું આટલું દુ:ખ અસહ્ય દેતાંય તે,
અમો ગરીબનું લૂંટી બધું અહીંથી લેતાંય તે,

જિવાયું ન જિવાયું ધ્યેય હજી જંદિગીનું પળે,
દીઠું ન દીઠું ત્યાં, ઝૂંટી કદી દુશ્મનોનુંય લે.

માની લે કે તું યુદ્ધમાં હણાયો તોપણ શું? યોદ્ધાઓ માટે યુદ્ધભૂમિ પર હણાવું એ મહાન ઘટના છે. વીરને શોભે એવી ઘટના છે. અને જે યુદ્ધભૂમિ પર હણાય છે તેને સ્વર્ગ પ્રાપ્ત થાય છે. માની લો કે તું જીતી ગયો તોપણ તું આ પૃથ્વીને ભોગવવાને લાયક થશે, કારણ કે તું જે ભોગવશે તેમાં તારા પુરુષાર્થનો નકશો છે. અત્યાર સુધી તું ઘણી અવઢવમાં રહ્યો, પણ તું કૃતનિશ્ચય થઈને યુદ્ધ

માટે ઊભો થા. આપણે અહીં જોઈ શકીએ છીએ કે કૃષ્ણ જુદી જુદી રીતે ભાંગી પડેલા અર્જુનના સંકલ્પને દૃઢ કરવા માટે હૂંફાળી વાણીથી અને અનેક પ્રકારની મનોબદ્ધ દલીલથી અર્જુનને વળગેલા વિષાદને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આપણા અપભ્રંશ સાહિત્યમાં યોદ્ધો કેવો હોય અને ક્ષત્રિયાણીનો પતિ કેવો હોય એનું એક ઉત્તમ મુક્તક રામનારાયણ પાઠકના અનુવાદમાં છે :

આંતરડું વળગ્યું પગે, શિર ખસ્યું છે સ્કંધ,
તોયે હાથ કટારીએ, વારી જાઉં એ કંથ.

રણમાં આવું મરણ એ વીરનું પરમ સૌભાગ્ય. કૃષ્ણે બહુ મોટી વાત કરી છે. આપણે પણ એક ક્ષણ વિચારીએ કે ખરેખર જો અર્જુન યુદ્ધભૂમિથી પાછો

વળી જાય તો આપણને અર્જુન માટે મન કે માન રહે ખરું? જે માણસનો નિશ્ચય દૃઢ એ માણસ યુદ્ધ પહેલાં પણ યુદ્ધ જીતી જાય છે. નબળા મનનો માણસ યુદ્ધ પહેલાં પણ યુદ્ધ હારી જાય છે. કૃષ્ણ નથી ઇચ્છતા કે હું કહું એટલે અર્જુન લડે. લડવાનું અર્જુને છે અને જો એ સંકલ્પ વિના વિકલ્પોની સાથે નબળા મનથી લડે તો એમાં નથી અર્જુનનું ગૌરવ, નથી કૃષ્ણની વાણીનું ગૌરવ કે નથી યુદ્ધનું ગૌરવ. જે માણસ પોતાના પ્રયોજનમાં સ્પષ્ટ અને સ્વચ્છ છે, એને માટે પુણ્ય નજીક છે અને પાપ દૂર છે. યુદ્ધ કયા હેતુથી અને કોના હિતમાં થઈ રહ્યું છે એ મહત્ત્વનું છે. આમાં મમત્વની વાત નથી, સમત્વની વાત છે. સહજ માણસ જે કંઈ કરે, યુદ્ધ હોય કે અન્ય કોઈ પ્રવૃત્તિ હોય પણ એની વૃત્તિ -- એની પ્રકૃતિ સાફ હોવી જોઈએ; ગણિત અને ગણતરી ન હોવાં જોઈએ. સુખદુ:ખ, લાભહાનિ, જયપરાજયના હાંસિયા ન હોવા જોઈએ. જે કોઈ દ્વન્દ્વ હોય એને સમાનભાવે

જોવાં જોઈએ. યુદ્ધ કરવાનું છે, મનની પૂરેપૂરી સમજણથી કરવાનું છે. સુખદુ:ખને આઘાં કરીને, લાભહાનિની વાતને બાજુ પર મૂકીને, જયપરાજયની ચિંતા વિના આ બધા પ્રત્યે સમદૃષ્ટિ રાખીને યુદ્ધ કરવાનું છે. મનની આ સહજ કે મેળવેલી કે કેળવેલી સમજણ હોય તો કોઈ પણ કર્મ ધર્મ થઈ જાય છે અને કોઈ પણ યુદ્ધ ધર્મયુદ્ધ થઈ જાય છે. મા જે રીતે બાળકને ધીમે ધીમે ચાલતાં શીખવે એ રીતે કૃષ્ણ જ્ઞાનયુક્ત વાતોનાં એક પછી એક પગથિયાં ગોઠવીને એક એક પગથિયે અર્જુનને ભીતરનો વિસામો આપતાં આપતાં એના અપંગ મનની માવજત અને સારવાર કરે છે. અર્જુનના મનોરોગનું મનોયોગમાં રૂપાંતર કરવાનો પ્રયત્ન કરે છે. કહેવાય છે કે પારસમણિના સ્પર્શે લોઢું સોનું થાય છે. પારસમણિ મહત્ત્વનો છે જ પણ સામે લોઢું હોવું જોઈએ. અને અહીં ભલે અત્યારે ભાંગી પડેલો પણ મૂળે તો પોલાદી અર્જુન છે જ. અર્જુન અને કૃષ્ણનો આ સંવાદ એક રીતે લોઢું

અને પારસમણિ છે. આ અધ્યાયને સાંખ્યયોગ નામ આપ્યું છે. કૃષ્ણ અર્જુનને પહેલાં તો એ વિષાદમાં ફસાયો છે એનાથી એને સભાન કરે છે અને કહે છે કે જ્ઞાનથી -- સ્વજ્ઞાનથી વિષાદને ટાળી શકાય. એને ઓળંગી શકાય. માણસ કોઈકના કહેવાથી પોતાના વિષાદને ઓળખે અને તે ઉપરાંત આપમેળે પણ પોતાના વિષાદને ઓળખે તો પોતે જ પોતાનો પરિચય પામે. માણસે પોતાનો પરિચય અન્યના સાન્નિધ્યમાં પણ પામવાનો છે. કૃષ્ણ જ્ઞાનના કિરણથી અર્જુનની વિષાદની ગલીઓમાં અજવાળું પાથરે છે એટલે જ આ અધ્યાય સાંખ્યયોગ, જ્ઞાનયોગ તરીકે ઓળખાય છે. જ્ઞાન એ પડીકામાં બાંધીને આપવાની વસ્તુ નથી. જ્ઞાનની વાતો એ ખુલ્લા મને સ્વીકારવાની છે. વિષાદને કારણે જેમ અર્જુનને શરીરકંપ થયો છે તેમ મનોકંપ પણ થયો છે. નર્યો અજંપો છે એના જીવને. અર્જુનનું મન સંકોચાઈ ગયું છે. આ જ્ઞાન દ્વારા કોચવાયેલા અને

સંકોચાયેલા મનને કૃષ્ણ ખીલવવાનું અને પ્રફુલ્લિત કરવાનું વનમાળીકાર્ય કરે છે. અર્જુનનો આખેઆખો બગીચો કરમાઈ ગયો છે. એ બગીચાને લીલોછમ અને લહેરાતો કરવા માટે કૃષ્ણ એકશ્વાસે-- એકજીવે વાત કરે છે. જાતમાં વિશ્વાસ ગુમાવી બેઠેલા અર્જુનને એ વિશ્વાસ આપે છે. ભાંગેલા અર્જુનને એ દૃઢતા આપે છે. હારેલા અર્જુનને એ દિશાસૂચન અને હંમિત આપે છે. અજ્ઞાની અર્જુનને જ્ઞાન આપે છે. આ જ્ઞાન પણ આક્રમક રીતે નહીં પણ અનાક્રમક રીતે આપે છે. કૃષ્ણને મોઢે થયેલી જ્ઞાનની વાતો એ કોરા ઉપદેશની વાતો નથી, પણ એમાં નિસબત અને મૈત્રીનો ધબકારો છે. વમળના વન જેવા અર્જુનનું મન એ કમળનું વન કેમ થાય? અને થાય તો એ ભીતરના જ્ઞાનથી, ભીતરની સમજણથી જ થાય. માણસનું મન જો કમળનું વન થાય તો એ લિપ્ત છતાં અલિપ્ત જ રહેવાનું, જલકમલવત્ જ રહેવાનું.

## 3. કર્મવિયોગી અર્જુન ને કર્મયોગી કૃષ્ણ

શ્રીમદ્ ભગવદ્ગીતા પર જેટલું લખો એટલું ઓછું છે. આ પહેલાં પણ ઘણું લખાઈ ચૂક્યું છે. ગીતામાં કાવ્ય તો છે જ પણ એ કાવ્યમાં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એની બે આંખ જેવાં છે અને અલબત્ત, એની દૃષ્ટિ સમગ્ર જીવન તરફ એટલે કે, જીવનના વ્યાપ તથા ઊંડાણ તરફ, વ્યક્તિ અને વિશ્વ તરફ કહો કે બ્રહ્માંડ પર મંડાયેલી છે. અઢાર અધ્યાયમાં ફેલાતી ગીતાના એક એક અધ્યાયનું નામ સૂચક છે. પ્રથમ અધ્યાય અર્જુનવિષાદયોગ છે. મનમાં એકનો એક ભાવ સ્થિર થયા કરે અને એ નકારનો ભાવ હોય તો એ વિષાદ છે. વિષાદનો રંગ કાળો જ રહેવાનો. આ કાળા રંગને માંજીમાંજીને જે ધવલ -- ઉજ્જ્વળ કરે છે એ જ વિષાદનું યોગમાં રૂપાંતર કરી શકે છે. કોઈ પણ પરિસ્થિતિને અતિક્રમી જવી

અને અતિક્રમી ગયેલી પરિસ્થિતિ સાથે અનુસંધાન સાધવું એ વિષાદયોગ છે. વિષાદની કાળી રાતમાંથી જ પ્રસન્નતાની સવાર ઊગે છે. પછી આ સવાર રોજની સવાર કરતાં જુદી અને જીવવા જેવી લાગે છે. વિષાદનાં મૂળ શંકામાં હોય છે. કશુંક ગુમાવી દીધું છે કે ગુમાવી રહ્યા છીએ એનો ખેદ હોય છે. કલ્પિત ચિંતાઓ હોય છે -- આ ચિંતામાંથી ભય પ્રકટે છે. ભય જીવનશક્તિને હણી નાખે છે અને હકારાત્મક કલ્પનાશક્તિને કુંઠિત કરે છે. બીજા અધ્યાયનું નામ પણ સૂચક છે. એનું નામ છે સાંખ્યયોગ. મહિમા સમત્વબુદ્ધિનો છે. જેની બુદ્ધિમાં સમતા હોય અને કરુણાવ્યાપી મમતા હોય એ માણસ સમજો ભવસાગર તરી ગયો. સમત્વબુદ્ધિ એ સૌથી મહત્ત્વની વાત છે. વિષાદ તો વિષમતા આપે. સમત્વબુદ્ધિ સમતુલા આપે. ત્રીજો અધ્યાય એટલે કર્મયોગ. અર્જુન મૂંઝાતો ને મૂંઝાતો જાય છે, કૃષ્ણની વાણીમાં વિશદતા છે, પણ અર્જુનની મૂંઝવણ એટલી

અપાર છે કે જે સ્પષ્ટ છે એને પણ એ પારદર્શક રીતે જોઈ શકતો નથી. અર્જુનનું ઉત્તમ પાસું એ છે કે જે એને સમજાતું નથી એ વિશે પ્રશ્નો પૂછીપૂછીને કૃષ્ણ પાસે સમજવાનો અને વાતને પામવાનો સતત પ્રયત્ન કર્યા કરે છે. ત્રીજા અધ્યાયમાં એ કૃષ્ણને વેધક પ્રશ્ન પૂછે છે. પ્રશ્નની ભૂમિકા એ છે કે તમે હે કૃષ્ણ! જો સમત્વબુદ્ધિને કર્મથી ચડિયાતી માનતા હો તો મને યુદ્ધ કરવાના કર્મમાં શા માટે પ્રેરો છો? કૃષ્ણ એના પ્રશ્નનો અર્જુન સમજી શકે એ રીતે જવાબ આપે છે. અર્જુન તો નિમિત્ત છે. આપણા પ્રત્યેકની ભીતર એક મૂંઝાયેલો ઋજુ અર્જુન હોય જ છે. આપણને પણ ઘણું બધું સમજાતું નથી હોતું અને એ આપણી દૃષ્ટિની સીમા છે. કૃષ્ણનો પ્રયત્ન આપણને આપણી સીમાથી આગળ લઈ જવાનો, અસીમમાં લઈ જવાનો છે. પુરુષાર્થના રથમાં પણ કૃષ્ણ જ આપણા સારથિ છે. કૃષ્ણ કહે છે કે બે માર્ગ છે -- એક જ્ઞાનયોગ અને બીજો કર્મયોગ. કર્મ કરવાથી કર્મશૂન્યતા આવી

જાય એવું પણ નથી અને કર્મના ત્યાગથી મોક્ષ પામી શકાય એવું પણ નથી. કર્મ કર્યા વિના માનવી રહી શકે જ નહીં. જો હું કશુંય ન કરતો હોઉ તો કશું ન કરવું એ પણ એક કર્મ છે.

ઘણી વાર આપણી કહેવાતી સક્રિયતા એ નિષ્ક્રિયતાનું પરિણામ હોય છે તો કેટલીક વાર આપણી નિષ્ક્રિયતા આપણી સક્રિયતાનું સૂક્ષ્મ રૂપ છે. દરેક માણસની પ્રકૃતિમાં ત્રણ ગુણો તો છે જ -- સત્ત્વ, રજસ અને તમસ. માણસ એના જન્મ અને સંસ્કાર સાથે સંકળાયેલા ગુણોને કારણે પોતાના ગજા પ્રમાણે કર્મ કર્યા વિના રહી શકે નહીં. કર્મ કરવાં એ એક વાત છે અને કર્મનું યોગમાં રૂપાંતર કરી દેવું એ બીજી વાત છે. જ્યારે માણસ ઇન્દ્રિયોને અંકુશમાં રાખે, ઇચ્છાઓ પર સંયમ મેળવે, કર્મ કરે પણ એનું ધ્યાન ફળ પર ન હોય પણ એ

કર્મમાં પૂરેપૂરો તલ્લીન હોય ત્યારે એ કર્મયોગ કહેવાય. ગાંધીજીએ બહુ અદ્ભુત શબ્દ વાપર્યો છે અને તે શબ્દ તે અનાસક્તિયોગ. કર્મ પ્રત્યે આસક્તિ પણ કર્મના ફળ પ્રત્યે અનાસક્તિ. જે માણસો કેવળ કર્મના ફળ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરે છે એ માણસ નિષ્ફળ જાય છે. નિષ્ફળ જવાનો આ ભય કર્મને તો બગાડે જ છે પણ કર્મના મર્મને ચૂકી જાય છે. વળી, આવી કલ્પિત નિષ્ફળતાનો ભય માણસને વિષાદ તરફ ધકેલે છે અને જો સફળ થયો તો સફળતાના છાકમાં જ ડૂબેલો રહે છે. ડૂબેલો જે હોય છે તે કદી તરી શકતો નથી. જે માણસ કર્મમાંથી ફળની આસક્તિને કાઢી નાખે એ જ માણસ મનુષ્ય તરીકે શ્રેષ્ઠ થઈ શકે. ફળની આસક્તિને કાઢવાનું કામ એ સાપમાંથી ઝેરની કોથળી કાઢી નાખવા જેવું કામ છે. કર્મનો પણ એક નશો હોય છે. આપણે દેહ ધારણ કર્યો તો દેહનાં કર્મો પણ કરવાં જ પડે છે. દેહની બાદબાકી થઈ શકે નહીં, પણ આ દેહ જ સારસર્વસ્વ છે

એવું પણ સતત માની ન શકાય. દેહની સાથે પણ કેટલું બધું સંકળાયેલું છે! આ શરીર છે તો મન છે. મન છે એટલે બુદ્ધિ છે, સ્મૃતિ છે, કલ્પના છે. આપણા સમગ્ર ચૈતન્યને ધારણ તો દેહ કરે છે. કોઈક વિરાટ યજ્ઞની અંદર આપણે આહુતિ આપતા હોઈએ એ રીતે કર્મ થવાં જોઈએ. કોઈ પણ કર્મ નાનું કે મોટું નથી હોતું પણ સદ્ભાવથી કરાયેલું કર્મ, કર્મને અર્થે, આત્માને તૃપ્તિ આપે છે. કર્મ કરનારને તૃપ્તિ અને પરિતૃપ્તિ આપે છે. જીવનને ઉઘાડ આપે છે અને સૌંદર્ય આપે છે. કર્મયોગીના ચહેરા પર આયુષ્યની ચરિતાર્થતાનું નોખું અનોખું તેજ હોય છે.

ખુદ ઈશ્વર પણ કર્મ કરે છે. આ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમ જ સર્જન, સંવર્ધન, સંહાર -- આ ચક્રો અને એના ચકરાવાઓ ઈશ્વરના કર્મને આધીન છે. ઈશ્વર કર્મ કરે છે પણ લિપ્ત થઈને નહીં, અલિપ્ત થઈને. એવા પણ

વિરલ પુરુષો આ સૃષ્ટિમાં છે કે જે કશું ન કરીને પણ ઘણું કરતા હોય છે. એ લોકો પોતાના આત્મામાં રત હોય છે, સંતુષ્ટ હોય છે અને The art of doing nothingની કળા એમને વરેલી હોય છે. જગત સાથેના મુકાબલાની નહીં પણ જાત સાથેના મુકાબલાની વાત છે. અલિપ્ત રહીને એ પોતાના મનમાં અને મૌનમાં સ્થિર થયા હોય છે. એ સંસારની જાળ-જંજાળમાં પડ્યા નથી હોતા. દુનિયા આખીના પગ દોડતા હોય અને કાગળ પર સહી પર સહી કરવામાં હાથ રોકાયેલા હોય ત્યારે આવા વિરલ પુરુષો સંસારમાં હોવા છતાંય જાણે કે કશું જ કરવાનું નથી એમ માનીને જીવતા હોય છે. ઘડિયાળના કાંટાઓ આપોઆપ ખરી પડ્યા હોય છે. એમના ટેલિફોનનાં ડાયલ તૂટેલાં હોય છે. એમનો સંબંધ કોઈ અકળ સાથે છે. રાગદ્વેષના પીંજરામાંથી આવા વિરલ માણસો ક્યારના નીકળી ગયા હોય છે અને એમનો સંબંધ ખુલ્લા આકાશ સાથે બંધાયો હોય છે. એમને

કર્મનો ડાઘ નથી લાગતો. એ જે કંઈ કરતા હોય કે ન કરતા હોય એમાં હુંપદનો ભાર નથી. અજ્ઞાનીઓ જ આસક્તિથી કર્મ કરે છે. જે લોકો આસક્તિથી કર્મ કરે છે એમની ચાદર કોરી નથી હોતી. કર્મ કરવું એ એક વાત છે પણ પોતાનાં કર્મો લોકકલ્યાણ માટે કરવાં એ ઊંચી અને સાચી ભાવના છે. એમાં અહમ્ નો તાપ ને હૃદયનો સંતાપ નથી હોતો. આપણા જીવનના રસ્તા પર જો કોઈ બહારવટિયા હોય તો તે રાગ અને દ્વેષ છે. માણસને પહેલાં તો પોતાનો ધર્મ કયો છે તેની સમજ પડવી જોઈએ. આ સ્વધર્મ એ જીવનનું પ્રયોજન છે. દરેક માણસે જેમ પોતાનો ઈશ્વર શોધવાનો છે એમ પોતાનો ધર્મ પણ શોધવાનો છે. કદાચ એવું હોય કે પોતાનો ધર્મ એ ઈશ્વર છે. અહીં ધર્મ એટલે પોતાને મળેલું જીવનનું પ્રયોજન. એક શિષ્યે ગુરુને પૂછ્યું હતું કે ઈશ્વર શોધવા માટે તમે અમને મદદ કરો? જવાબ મળ્યો : આ બાબતમાં કોઈ મદદ ન કરી શકે. સામો પ્રશ્ન

ફેંકાયો : શા માટે નહીં? આનો ટૂંકો જવાબ બહુ સૂચક છે : જે રીતે માછલીને કોઈ દરિયો શોધી નથી આપતું એ રીતે આ જગતમાં કોઈ તમને તમારો ધર્મ, કર્મ અને ઈશ્વર શોધી ન આપી શકે. બહુ બહુ તો મહાજનો તમારે માટેનાં ધોરણો સ્થાપી શકે અને એને અનુસરી શકાય, પણ આટલું પૂરતું નથી. માણસે કોઠાસૂઝથી જ પોતાનો ધર્મ શોધવો જોઈએ. જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાય છે કે રજકણથી દર્પણ મેલું થાય છે એમ ફળની આશા સાથે કરેલું કર્મ હંમેશાં દૂષિત અને દોષિત હોય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા એક આધ્યાત્મિક કાવ્ય છે. એની મહાનતા એની ગહનતામાં છે. એ તમને તમારા ભણી લઈ જાય છે. તમને અંતર્મુખ કરે છે. તમને વિચારતા અને આચરતા કરે છે. વિચાર અને આચારની વચ્ચે રહેલી

તમારી વિવેકબુદ્ધિને એ કેળવે છે. અહીં કર્મવિયોગી અર્જુન છે અને કર્મયોગી કૃષ્ણ છે.

## 4. જડતાને જડમૂળથી ઉખેડે તે કૃષ્ણ

ગીતા વાંચવી એક વાત છે અને ગીતાને પામવી તે બીજી વાત છે. ગીતાના પ્રત્યેક અધ્યાયમાં યોગ શબ્દનું મહત્ત્વ છે. અનુકૂળ પરિસ્થિતિ હોય કે પ્રતિકૂળ, પ્રત્યેક સ્થિતિનું યોગમાં રૂપાંતર કરવું જોઈએ. વિષાદને પણ યોગ કહ્યો છે. વિષાદ જ્યારે યોગનું સ્વરૂપ લે છે ત્યારે વિષાદ વિષાદ રહેતો નથી. આપણી પાસે જ્ઞાન હોય, પણ જ્ઞાનનો ભાર હોય તો એ જ્ઞાન બોજો થાય છે. જ્ઞાનનો પણ ઘમંડ હોય છે. જે અહમ્-નો વિયોગ કરી શકે તે કોઈ પણ પરિસ્થિતિનું યોગમાં રૂપાંતર કરી શકે. આપણા પ્રત્યેક કર્મમાં ક્યાંક ને ક્યાંક સ્થૂળ કે સૂક્ષ્મ રીતે આપણો અહંકાર પોતાની દીઠી--અદીઠી ભૂમિકા ભજવતો હોય છે. કર્મ મહત્ત્વનું છે. કર્તા કે કર્તાભાવ મહત્ત્વના નથી. ચોથા અધ્યાયનું નામ જ છે જ્ઞાનકર્મ-

સંન્યાસયોગ. એક અધ્યાયમાંથી બીજા અધ્યાયમાં ગીતાની ગતિ ઊંચે ને ઊંચે જાય છે, પણ એ ગતિ વર્તુળાકારે ઊંચે જાય છે. પુનરાવર્તનો આવે અને એ સ્વાભાવિક પણ છે, કારણ કે વિષાદગ્રસ્ત અર્જુનના મનમાં કૃષ્ણે વાત ઠસાવવાની છે. માણસનું મન વિષાદી હોય ત્યારે કેટલીક વાત માણસ સાંભળે ખરો પણ તરત સમજે કે સ્વીકારે નહીં. આ મનની માટી એટલી ભીની હોય કે ક્યારેક કીડી પસાર થાય તો એની રૂપરેખા પણ અંકાઈ જાય અને હાથીપગલામાં એ માટી ઊંડે ને ઊંડે જતી જાય.

કૃષ્ણ અર્જુનને ગીતા સંભળાવે છે. કર્મયોગની વાત કરે છે, પણ કહે છે કે એ વાત તો હું સદીઓથી કરતો આવ્યો છું. આ વાત તો પરંપરાથી મારા કંઠેથી વહેતી આવે છે. આ વાત આદિત્યને કરી. આદિત્યે મનુને કરી. મનુએ ઇક્ષ્વાકુને

કરી. અને રાજષિર્ઓ પણ આ વાતથી વંચિત નથી રહ્યા. આ વાત જેટલી પુરાતન છે એટલી નૂતન છે અથવા એમ કહી શકીએ કે આ વાત સનાતન છે. આ વાત ગમે તેને કહેવાતી નથી, પાત્ર અને પાત્રતા એ બંનેને જોઈને વાત માંડી શકાય છે. અર્જુન આ બધું સાંભળીને નર્યો વિસ્મય અનુભવે છે. એને વિસ્મય એ વાતનો છે કે કૃષ્ણ હમણાં તો છે મારી સામે હાજરાહજૂર. કૃષ્ણ એને પરમ સખા, ભક્ત કહીને સંબોધે છે. તો શું કૃષ્ણ આ પહેલાં પણ હતા? કોઈ પણ સામાન્ય માણસને જેવું આશ્ચર્ય અને અચંબો થાય એવું અર્જુનને પણ થાય છે. કૃષ્ણ આ નિમિત્તે ઈશ્વરની અવતારલીલાની વાત કરે છે અને આડકતરી રીતે જન્મ અને પુનર્જન્મના પણ સંકેત આપે છે. સહેજ દીવાસળી ઘસી ને દીવો સળગાવ્યો એમ કૃષ્ણ અર્જુનના ચિત્તમાં દીવાની જ્યોત પ્રકટાવે છે. કહે છે કે આ પહેલાં માત્ર હું જ હતો એવું નથી. તું પણ હતો. આપણે બધાએ જનમજનમની

અનેક કેડીઓમાંથી પસાર થવાનું છે. પોતાની જ માયામાંથી જેણે આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે એ ઈશ્વર આવે છે નવે નામે, નવે રૂપે, પણ એના આત્મામાં પરિવર્તન થતું નથી.

ઈશ્વર ક્યારે આવે? બ્રહ્માંડમાં તો એક નિશ્ચિત લય છે, પણ લયનો જ્યારે પ્રલય થાય ત્યારે દૈવીતત્વ ઉદય પામે છે. અધર્મનું જોર વધે, માણસજાત સાવ કમજોર થઈ જાય, ધર્મ નિષ્પ્રાણ થઈ જાય, ઉત્તમ માણસો ફેંકાઈ જતા હોય, અધમ માણસો વર્ચસ્વ જમાવતા હોય ત્યારે યુગે યુગે કૃષ્ણ જેવી વિભૂતિ અવતાર લે છે. સામાન્ય માણસ ને દૈવી માણસ વચ્ચેનો ફેર માત્ર એટલો જ છે કે સામાન્ય માણસ જન્મે છે--મરે છે, આહાર, નિદ્રા, ભય, મૈથુનનું જીવન જીવે છે; પણ ઈશ્વરનો જન્મ એ માત્ર જન્મ નથી પણ અવતાર છે, કારણ કે એ વ્યક્તિ

નથી પણ વિભૂતિ છે. એની સાથે દિવ્યતા સંકળાયેલી છે. પણ અવતાર આવે ને જાય તોયે, માણસો મહાન વિભૂતિને ઓળખી કે પામી શકતા નથી. હા, કોઈક એને પામે છે. કોઈક જ્ઞાની, કોઈક ભક્ત, કોઈક કબીર કે કોઈક મીરાં. કૃષ્ણને પામવા માટે એટલે કે, દિવ્યતાને પામવા માટે માણસની પોતાની સજ્જતા હોવી જોઈએ. જેની પાસે સજ્જતા હોય છે તે લખચોરાશીના ચકરાવામાંથી મુક્ત થાય છે. પણ આ સજ્જતા એટલે શું? જે રાગ, ભય અને ક્રોધથી સાવ મુક્ત હોય; જેની શ્રદ્ધા અચળ અને અવિચળ હોય, જે પૂર્ણપણે ઈશ્વરનો એટલે કે, દૈવીતત્ત્વનો થઈ ગયો હોય એવો કોઈક જ્ઞાની જ ઈશ્વરને પામી શકે. જ્ઞાન જ અનિવાર્ય નથી. કેવળ ભક્તિ હોય તો તે પણ પૂરતી છે. તમે ઈશ્વર સમક્ષ કઈ રીતે, કયા ભાવથી એની પાસે જાઓ છો એના આધારે જ ઈશ્વર પ્રગટ થાય છે. ઈશ્વરનો આકાર એ બીજું કંઈ જ નહીં પણ તમારા ભાવ અને ભાવનાનો આકાર છે. અપેક્ષા વિના

જાઓ તો ઈશ્વર ફળે. રસ્તા અનેક છે, ઈશ્વર એક છે. મનુષ્યલોકમાં માણસ કર્મ કરે છે એ કર્મનાં ફળ એને મળે છે. પણ કેવળ ફળ પર ધ્યાન રાખ્યું તો કર્મ ગૌણ બની જાય છે ને ફળ મુખ્ય બની જાય છે. ઈશ્વર પોતે પણ પોતાની માયામાંથી આ સૃષ્ટિનું સર્જન કરે છે. પણ એની પાસે એનો કર્તાભાવ નથી. એટલે જ એને કર્મનું બંધન નથી લાગતું. એટલે જ એ અવિનાશી છે. જે માણસ ફળની સ્પૃહા વિના કર્મ કરે તેને બંધનો નથી હોતાં. અને એટલે જ એનું કર્મ કર્મયોગનું સ્વરૂપ લે છે.

વાત એવી છે કે ભલભલા વિદ્વાનો મૂંઝાઈ જાય. કેટલાકને તો ખબર પણ નથી પડતી કે કર્મ એટલે શું? અકર્મ એટલે શું? વિકર્મ કે વિશિષ્ટ કર્મ શું? માણસ પાસે નિર્ણયશક્તિ ને તારતમ્યબુદ્ધિ હોવાં જોઈએ. સાચાં અને ખોટાં

કર્મોનો ભેદ શો છે એની કોઠાસૂઝ હોવી જોઈએ. જ્ઞાનીઓ પોતાના જ્ઞાનના યજ્ઞથી જ્ઞાનના અગ્નિમાં પોતાની કામનાઓ, હેતુઓ એ બધાંને બાળી નાખે છે અને આવા પુરુષોને જ્ઞાની પુરુષ કહીએ છીએ.

કેન્દ્રમાં કર્મ છે, પણ સામાન્ય માણસના કેન્દ્રમાં કર્તા પણ હોય છે. કર્તાભાવ એટલે અહંભાવ. `હું કરું, હું કરું'નો શોરબકોર. સચ્ચાઈ અને નિષ્ઠાથી યોગ્ય કર્મ કરીએ અને ફળની આશા કે લાલચ છોડી દઈએ તો કર્મ કર્મયોગ બને. મોટા ભાગના માણસો આસક્તિમાં જ અટવાતા હોય છે. કર્મ કરવાનું પણ આસક્તિ નહીં. એક વાર આસક્તિ આવી એટલે મનમાં પ્રદૂષણો પેઠાં. લોભ, લાલચ, પરિગ્રહવૃત્તિ, સુખ અને દુ:ખનાં દ્વંદ્વો, સિદ્ધિ અને અસિદ્ધિ, જય અને

પરાજય, લાભ અને હાનિ -- માણસ આવી ગલીકૂંચીમાં પેસી જાય એટલે રાજમાર્ગથી વેગળો જ રહેવાનો.

સમગ્ર સૃષ્ટિને એક યજ્ઞરૂપે જોઈએ અને આપણાં કર્મોને એમાં આપેલી આહુતિરૂપે જોઈએ તો પછી પ્રશ્નો નહીં રહે. અગ્નિ અનેક પ્રકારના હોય છે. આમાં ઉત્તમમાં ઉત્તમ અગ્નિ એ સંયમનો અગ્નિ. ઇન્દ્રિયો ઇન્દ્રિયોના ધર્મો ભલે પાળે પણ એ દરેકની પાછળ સંયમ અને આત્મનિગ્રહ હોવા જોઈએ. જ્યાં આ નથી હોતું ત્યાં મનુષ્યહૃદયમાં વિગ્રહ હોય છે, કુરુક્ષેત્ર હોય છે. જ્યાં કુરુક્ષેત્ર હોય છે ત્યાં કૌરવો અને પાંડવોનાં દ્વંદ્વ હોય છે. આપણા પ્રત્યેકમાં એક અર્જુન છે જે અનુકૂળતા-પ્રતિકૂળતા પ્રમાણે હા કે ના પાડતો હોય છે. ક્યારેક એ સંશયમાં શેકાતો હોય છે. એના મનમાં પાર વિનાનાં કરોળિયાનાં જાળાં હોય છે જેને કોઈક

જ -- કૃષ્ણ જેવો જ -- મિત્ર વેરવિખેર કરી શકે. અંધકાર કે અંધકાર જેવા ધુમ્મસમાં આપણે અટવાઈએ છીએ. ક્યાંક સ્થિર  થઈને ઊભા પણ નથી રહેવું કે આગળ ગતિ કરવી નથી. એક પ્રકારની જડતા--શૂન્યતા આપણને ઘેરી વળે છે. આપણે ઉદાસ અને ઉદાસીન થઈ જઈએ છીએ. કૃષ્ણનું કાર્ય આપણી જડતાને જડમૂળથી ઉખેડવાનું છે, એટલું જ નહીં પણ ઊખડી ગયેલ આપણને આપણી ભૂમિમાં રોપવાનું છે.

યજ્ઞની ભાવનાથી જે કાંઈ કરીએ છીએ અને પછી જે શેષ રહે છે તે બીજું કશું નહીં પણ ઈશ્વરનો વિશેષ પ્રસાદ છે. ઉમાશંકર જોશીનું એક મુક્તક યાદ આવે છે:

પ્રભો આ પ્રેમની પૂંજી,
ધરૂં છું આપને પદે

વ્હેંચ એ સર્વ જીવોમાં
વધે તો અહીં લાવજે.

આ અધ્યાયનું નામ જ્ઞાનકર્મ - સંન્યાસયોગ છે. સંન્યાસ એટલે ત્યાગ. ત્યાગ કોણ કરી શકે? જેની પાસે કંઈક હોય એ ત્યાગ કરી શકે. અહીં જ્ઞાનનો ત્યાગ નથી કરવાનો પણ જ્ઞાનની પાછળ જે અહંકાર છે એનો ત્યાગ કરવાનો છે. અહીં કર્મનો ત્યાગ નથી કરવાનો પણ કર્મની સાથે જે બંધનોનો પાશ છે એનો ત્યાગ કરવાનો છે. આપણે જે કાંઈ કરીએ એ વિરાટ યજ્ઞમાં આહુતિરૂપે જ કરીએ.

સ્વકલ્યાણ એ ઉબરો છે અને લોકકલ્યાણ એ ક્ષિતિજ છે. જ્ઞાન શંકાને છેદીભેદી નાખે છે. જેની પાસે જ્ઞાન નથી અને શ્રદ્ધા પણ નથી એવા શંકાશીલ જીવો માટે ઇહલોક કે પરલોકમાં કોઈ સુખચેન નથી. જે આત્મનિષ્ઠ નથી અને જેની પ્રતિષ્ઠા પોતાના સ્વમાં નથી તે હંમેશાં બાવરો અને બેબાકળો છે. જ્ઞાન તલવારનું કામ કરે છે અને સંશયનો વધ કરે છે. જ્ઞાનનો પણ અગ્નિ છે અને એ પાવક થઈને આપણાં પાપકર્મને પ્રજાળે છે. માણસે જો જીવવાની સાર્થકતા પામવી હોય તો એની પાસે જ્ઞાનથી પવિત્ર થયેલું કર્મ હોવું જોઈએ અને કર્મથી સંયુક્ત જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન અને કર્મની બે પાંખ નીચે જે માણસ હોય છે એ સ્થિર થઈને પણ ગહન આત્મામાં ઉડ્ડયન કરી શકે છે.

## 5. જાત પ્રત્યે અમમત્વ અને જગત પ્રત્યે સમત્વ

ગીતાનો પાંચમો અધ્યાય એટલે કર્મસંન્યાસયોગ. આ શીર્ષક સૂચક છે અને સૂક્ષ્મ છે. એટલું સૂક્ષ્મ કે અહીં નહીં લખાયેલું પણ વાંચવાનું છે, સમજવાનું છે અને એનું અર્થઘટન કરવાનું છે. કર્મનો સંપૂર્ણપણે ત્યાગ કઈ રીતે થઈ શકે? મારે કશું નથી કરવું એ પણ એક કર્મ તો કહેવાય ને! આપણે જાગીએ છીએ પછી નિત્યકર્મ કરતા જ હોઈએ છીએ. કર્મ એ મનુષ્યના જન્મ અને જીવન સાથે સંકળાયેલું સસત્વ-તત્ત્વ છે. માની જનનનાળથી છૂટા પડીએ ત્યારથી આપણે શ્વાસ લઈએ છીએ એ પણ એક કર્મ છે. આંખ ખોલું અને દૃશ્યો દેખાય, બંધ આંખે સપનાં દેખાય એ પણ એક કર્મ છે. તમારી ઇચ્છા હોય કે અનિચ્છા હોય પણ કાન પાસે અવાજ, ઘોંઘાટ આવતો હોય એ આપણે સાંભળતા જ હોઈએ છીએ.

આંખ તો હંમેશાં મીચી શકાય છે, કાન તો જન્મ્યા ત્યારથી જ ખુલ્લા. કાન મીચી શકાતા નથી. અહીં વાત કર્મના ત્યાગની નથી પણ કર્મમાં ત્યાગની છે. પ્રત્યેક કર્મ ત્યાગની ભાવનાથી થયેલું હોવું જોઈએ. આપણે સંસારમાં રચ્યાપચ્યા છીએ. જે કર્મ આપણને કશુંક અનુકૂળ એવું આપ્યા કરે એ કર્મનો આપણને રાગ બંધાય છે. વેપારીની નજર પૈસા પર હોય. કોઈકની નજર યશ અને પ્રતિષ્ઠા પર હોય. આપણને ખબર ન પડે એમ આપણે આપણા કર્મના દાસ થઈ જઈએ છીએ. એના ગુલામ થઈ જઈએ છીએ. જે માણસ કર્મ કરતાં કરતાં અનાસક્તિનો ભાવ કેળવે, જે માત્ર પોતાનાં હિત કે હેતુ માટે નહીં પણ લોકોનાં હિત માટે કાર્ય કરે અને એ કાર્યથી જો એને પ્રતિષ્ઠા મળતી હોય તો એ પ્રતિષ્ઠામાં પણ જીવ ન રાખે એ માણસ કર્મસંન્યાસયોગનો યાત્રિક કહેવાય.

કૃષ્ણની કર્મસંન્યાસયોગની વાતથી અર્જુન મૂંઝાયેલો જ રહે છે. એને સમજ જ નથી પડતી કે યોગનો માર્ગ સાચો કે કર્મસંન્યાસનો માર્ગ સાચો. કૃષ્ણ તો યોગની પણ કદર કરે છે અને કર્મસંન્યાસની પણ પ્રશંસા કરે છે. કૃષ્ણ કર્મયોગના ચાહક છે અને કર્મસંન્યાસને ઊંચી ભૂમિકાથી જુએ છે. કર્મયોગ કોણ કરી શકે? અથવા કોનું કર્મ યોગની કક્ષાએ પહોંચી શકે એ વિશે વાત છેડે છે. માણસ બધા જોડે હળતોભળતો હોય અને છતાં અલિપ્ત હોય એવા અનાસક્તને કર્મયોગી કહે છે. એનાં કર્મનો રેંટિયો ચાલ્યા કરે. જે કંઈ કરે તે સ્પૃહા વિના. કોઈ પ્રત્યે ધિક્કારનો ભાવ નહીં. આવી વૃત્તિ એનો સ્વભાવ થઈ જાય. સુખ-દુ:ખ કે રાગ-દ્વેષના બંધનમાં બંધાય નહીં. જે જ્ઞાનીઓ છે અને સાચા કર્મયોગી છે એમને જ મોક્ષ મળે છે. કર્મયોગી પણ પોતાના પિંડમાંથી બહાર નીકળીને બ્રહ્મ સાથે અનુસંધાન કરી શકે છે. એનું અંત:કરણ શુદ્ધ હોવું જોઈએ. અશુદ્ધ

અંત:કરણ એનું થાય છે જેનો મન અને ઇન્દ્રિયો પર કોઈ કાબૂ નથી. મન અને ઇન્દ્રિયોને વશ કરવાં એ નાનીસૂની વાત નથી. આપણે મોટા ભાગના માણસો ઇન્દ્રિયોથી જીવીએ છીએ. ઇન્દ્રિયો આપણી ચાકર છે. પણ ચાકરનો માલિક છે મન. મન જેમ દોડે અને દોડાવે એવી રીતે ઇન્દ્રિયો વર્તે. ઇન્દ્રિયો તો પોતાનાં કર્મો કર્યે જ જાય છે. જુએ, સાંભળે, સ્પર્શે, સૂંઘે, ખાય, ઊંઘે, શ્વસે -- આ બધું સતત ચાલ્યા જ કરવાનું. પણ આ દરમિયાન જે માણસ પોતાની આસક્તિની તલવારને મ્યાનમાં રાખે અને કર્મ કરે તે કર્મયોગી. જેવી કર્મની આસક્તિ થઈ એટલે આપણે કામનાઓથી, વાસનાઓથી વીટળાઈ વળ્યા. આપણે આપણા જ કેદખાનામાં કેદ. જીવ પરોવીને કામ કરવાનું, પણ એનાં ફળમાં મન નહીં રાખવાનું. જે માણસ ફળમાં જીવ રાખે છે એ માણસનાં કર્મને મેલ ચડે છે. એની

ચાદર પર ડાઘડૂઘ હોય છે. પુણ્ય માટે પણ લાલસા ન હોવી જોઈએ. ઈશ્વર તો આ બધાંથી પર છે એટલે  તો એને પરમ આત્મા -- પરમાત્મા કહ્યો.

પાંચમા અધ્યાયની વિશિષ્ટતા એ છે કે અહીં જાતને જગતના સંદર્ભમાં અને જગતને જાતના સંદર્ભમાં જોવાની વાત છે. જગત પ્રત્યે કેવી રીતે જોવું જોઈએ? સમત્વદૃષ્ટિથી. નાનાં, મોટાં, પોતાનાં, પારકાં, માણસ, પશુ -- આની વચ્ચે ભેદભાવ ન રખાય. જો જગત પ્રત્યે સમત્વ હોય તો જાત પ્રત્યે મમત્વ ન હોવું જોઈએ. જે માણસ પોતાના પ્રેમમાં પડ્યો એ ઓછેવત્તે અંશે જગતને ઉવેખવાનો. ઉમાશંકરની એક વાત મને બહુ ગમે છે. કોઈ પણ માણસને માણસ તરીકે ધિક્કારો એ પહેલાં આટલું તો યાદ રાખો કે ઈશ્વર જેવો કલાકાર માણસ જેવા માણસને વેડફે નહીં. એટલે કોઈક એક જીવ આ પૃથ્વી પર છે એનું કોઈક

પ્રયોજન છે. મમત્વ ન હોય અને સમત્વ હોય તો પછી  પ્રિય-અપ્રિય, હરખ-શોક આ બધા હાંસિયાઓ આપમેળે ભૂંસાઈ જશે. બાહ્ય ભોગમાં જે રચ્યોપચ્યો રહે છે એને આત્માનું ઐશ્વર્ય શું છે એ ખબર જ નથી અને દુનિયાનાં તમામ દુ:ખનું મૂળ અહીંયાં જ છે. આપણા બધા જ આવેગો કામ અને ક્રોધમાંથી જન્મે છે. કૃષ્ણમૂર્તિર્ કહે છે એમ `વી નેવર એક્ટ, વી રિએક્ટ.' પ્રતિભાવ આપવાની વાત તો દૂર રહી પણ પ્રત્યાઘાતથી જ જીવીએ છીએ. એવા આપણને ઘણા માણસો મળશે કે જે પ્રતિભાવ માંડ માંડ મોડો મોડો આપે પણ પ્રત્યાઘાત આપવા હંમેશાં ઉતાવળા હોય. જે સાચો કર્મયોગી છે તે ભીતરથી સુખી છે. એ શાંત અને પ્રશાંત છે. જે પોતે અંદરથી સુખ-શાંતિનો અનુભવ કરે છે એ જ બીજાને પરિતોષ આપી શકે. અહીં જાત અને જગત સાથેનો સંબંધ બંધાય છે. જેની પાસે કોઈ શંકા-કુશંકા નથી, જેનું ચિત્ત પોતાને વશ છે, જે કામ-ક્રોધથી મુક્ત છે, જે પ્રાણીમાત્રના

કલ્યાણને ઝંખે છે, જે આત્મજ્ઞાની છે, ઇન્દ્રિયને એક પ્રકારનો દેહવટો આપી દીધો છે, જેની દૃષ્ટિ સ્થિર છે, જે પોતે નિર્ભય છે -- એ જ માણસ કર્મયોગી કહેવાય.

કર્મ કરવું પણ કર્મમાં આસક્તિ નામનો જે રાક્ષસ છે એ રાક્ષસને જે માણસ હાંકી કાઢે અને જેની વ્યાપક અને ઊંડી દૃષ્ટિ હોય એ માણસ માટે એમ કહેવાય કે એ કર્મ કરે છે ખરો પણ એનાં કર્મમાં ભીતરના સંન્યાસનો શ્વાસ સંભળાય છે.

# 6. પવનને પીંજરામાં પૂરવા જેવી વાત

ગીતાનો છઠ્ઠો અધ્યાય ધ્યાનયોગ છે. ગીતા એક રીતે જોઈએ તો માનસશાસ્ત્રનો ગ્રંથ છે. એમાં કવિતા, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર -- આ બધું જ છે. મન છે એટલે તો એ માણસ કહેવાય છે. ગીતા માણસને જીવનનો અભિગમ આપનારો ગ્રંથ છે. મન સાથે કેટલી બધી વસ્તુઓ સંકળાયેલી છે! આમ દેખીતી રીતે મન ક્યાંય દેખાતું નથી અને આપણા જીવનની પ્રત્યેક વૃત્તિ અને પ્રવૃત્તિમાં જો કોઈની પણ આણ પ્રવર્તતી હોય તો તે મનની છે. આપણા સહુનું મન એક ડાળ પરથી બીજી ડાળ પર ફૂદકા મારતું હોય છે. મન સ્થિર નથી. આ અસ્થિર મનને સ્થિર કઈ રીતે કરી શકાય? તો પછી મનને અસ્થિર કોણ કરે છે? મનમાં, જો કોઈ છૂપો કે પ્રગટ શયતાન હોય તો તે આપણો અહંકાર છે. આપણે બહુ ઊંડે

ઊંડે તપાસીએ તોપણ આપણી પ્રત્યેક પ્રવૃત્તિ એ ઓછેવત્તે અંશે અહંકારનો આવિષ્કાર હોય છે. સેવા પણ આમ તો માનવકલ્યાણ માટે થતી હોય છે પણ એ સેવાની પાછળ કે એ સેવાના નામે સમાજમાં આપણી સ્વીકૃતિ થતી હોય અને એ સ્વીકૃતિના આનંદમાં આપણે રચ્યાપચ્યા હોઈએ તો એ પણ આપણો સૂક્ષ્મ અહંકાર છે. સ્થૂળ અહંકાર તો સારો કે એ જેવો છે તેવો દેખાય છે. સૂક્ષ્મ અહંકાર છેતરામણો છે. સ્થૂળ અહંકાર તો યેન કેન પ્રકારેણ ફળ માગે જ છે અને ધાર્યું ન થાય ત્યારે એના આઘાત-પ્રત્યાઘાતો જુદી જુદી રીતે પ્રગટે છે. કર્મના ફળનો આશ્રય લઈને જે માણસ કર્મ કરે છે એ છેવટે નિરાધાર થાય છે. કર્મ ખરું, પણ ફળની કોઈ લાલસા નહીં એ ઉત્તમ અવસ્થા છે. આ ઉત્તમ અવસ્થા વાંચતાંની સાથે કે સાંભળતાંની સાથે અશક્ય લાગે, પણ એ કદીય અસંભવ નથી. કર્મફળ-ત્યાગની અવસ્થાની ઘટના ક્યારે બની શકે? કર્મની સાથે ફળ તો સંકળાયેલું છે,

પણ એ ફળનો ત્યાગ કરો તો કર્મમાં પ્રવેશેલો વિષમ જ્વર નીકળી જશે. ત્યાગ કોણ કરી શકે? જેની પાસે કંઈ હોય તે. ત્યાગ કરવા માટે પહેલાં કંઈક હોવું જરૂરી છે. કોઈકે કહ્યું'તું એમ સામાન્ય રીતે આપણા મનમાં વસ્તુઓ રમે છે અને વસ્તુઓમાં મન રમે છે. આ રમતની કરામત ચાલ્યા જ કરે છે. ઉમાશંકરની આ પંક્તિ ઘણું બધું કહે છે :

દેનાર તો દે નયનો જ માત્ર,
શું દેખવું તે કથવા ન પાત્ર.

માણસ ધારે તો પોતાની જ જાતને શિખર પર લઈ જઈ શકે અને એ જ માણસ પોતાને ખીણમાં ધકેલી શકે. આપણે બધા જ સ્વભાવશત્રુ છીએ. પ્રત્યેકને

કોઈક ને કોઈક અભાવ સાલ્યા કરે છે. પૈસો હોય તો એ કદીય પૂરતો નથી. ગમે તેવી પ્રતિષ્ઠા હોય તોપણ પ્રશંસા ઓછી પડે છે. આપણે એક વિકરાળ અભાવમાં જીવીએ છીએ. દરેક માણસને કોઈક ને કોઈક રીતે બીજા પર વિજય મેળવવો છે, પછી એ વ્યક્તિ હોય કે વસ્તુ. આ બીજા પરની માલિકીનો ભાવ એ આપણને આપણાથી દૂર લઈ જાય છે અને બીજાની નજીક કદી જવા દેતો નથી. ક્યાંક વર્ચસ્વ જમાવવું એ જ આપણું સારસર્વસ્વ છે. કોઈને એમ વિચાર નથી આવતો કે મારી જાત જ મને રોજ પછાડે છે, તો મારી આ જાતનો હું કઈ રીતે ઉદ્ધાર કરું? એને કઈ રીતે ઉગારું?

આમ જોવા જઈએ તો સાવ સીધોસાદો રસ્તો છે : આપણા જ મનને પરાજિત કરવું, આપણા મન પર વિજય મેળવવો. પણ મનને પકડવાનું કામ એ

પવનને પીંજરામાં પૂરવા જેવી વાત છે કે પાણીનાં દોરડાં વણવા જેવી વાત છે. એ મુશ્કેલ છે પણ અશક્ય નથી. પહેલાં તો મનને સાવ સ્વચ્છ -- ડાઘડૂઘ વિનાના આરસના મહેલ જેવું કરવું જોઈએ. મહેલ શબ્દ સહેતુક વાપર્યો છે. એક નરી વિશાળતા, મોકળાશ હોવી જોઈએ. પૂર્વગ્રહ કે પક્ષપાતથી પર થવું જોઈએ. મન શાંત થવું જોઈએ. આ કોઈ રેસિપી નથી પણ જીવવા માટેની અનિવાર્યતા છે. શાંતિના જપ જપવાથી મન શાંત નથી થતું. બધું જ સારું સારું હોય અને આપણે સ્વસ્થતા ધારણ કરીને બેઠા હોઈએ એ સ્વસ્થતા કદાચ કાગળના કિલ્લા જેવી નીકળે. અસ્વસ્થ કરી મૂકે એવું વાતાવરણ હોય અને છતાં સ્વસ્થતા જાળવી શકીએ એ જ સાચી સ્વસ્થતા કહેવાય. આપણે કદીય સ્વસ્થ નથી, અન્યસ્થ છીએ. આપણે આપણા પિંડમાંથી બહાર નથી નીકળતા પણ સ્વકેન્દ્રી છીએ. સ્વકેન્દ્રી માણસની આસપાસ એણે પોતે જ એટલા બધા અરીસાઓ

ગોઠવ્યા હોય છે કે હંમેશાં એ પોતાનાં પ્રતિબિંબોને પહેરીને જ ચાલે છે. સ્વસ્થ માણસ તટસ્થ હોય છે. એ સૃષ્ટિમાં અભેદ જુએ છે. સુખ-દુ:ખ, માન-અપમાન, માટી, પથ્થર, સોનું આ બધાં એને સરખાં જ લાગે છે. વૈષ્ણવજન પદમાં જે બે શબ્દો છે તે મહત્ત્વના છે : સમદૃષ્ટિ અને તૃષ્ણાત્યાગી. આ અવસ્થા ક્યારે શક્ય બને? માણસ પહેલાં એકાગ્રતા સાધે. માણસે પોતાના મનને પોતાની જ સ્વસ્થતાના બાજઠ પર સ્થાપવાનું હોય છે. એકાગ્ર માણસની આંખ સામે કોઈ એક જ બિંદુ હોય છે. મનને વશ, એની ઇન્દ્રિયોનું હલનચલન કે એની ચહલપહલ થતી નથી. ઇન્દ્રિયોમાંથી ઈશ્વર તરફ જવા માટે મન માણસના વશમાં હોવું જોઈએ. માણસ મનના વશમાં ન હોઈ શકે. કોઈ પણ અંતિમો પર જીવવું એ યોગ નથી. કેવળ ખાવું કે કેવળ ઊંઘવું કે કેવળ ઉપવાસ કરવા -- આ બધાં અંતિમો છે. આ બધાં કર્મો નથી, પણ કર્મના ચાળાઓ છે. જે સમત્વ

સાધી શકે, જે અંતિમોની વચ્ચે સમતુલા સાધી શકે એને માટે યોગ શક્ય છે. ધ્યાન એ યોગની પરાકાષ્ઠા છે. આપણું મન આત્મામાં સ્થિર થાય એ ધ્યાન. આ મન નિષ્કામ હોય છે, એ સ્પૃહાથી પર હોય છે. એને કશુંય સ્પર્શતું નથી. આવા માણસનું મન પવન વિનાના સ્થાનમાં જેમ દીવો અડગ હોય એવું હોય છે. પિંડમાંથી બહાર નીકળીને આવો મનુષ્ય બ્રહ્મ સાથે અનુસંધાન સાધી શકે છે. એની પાસે સુખ-દુ:ખના  હિસાબ નથી. એ શાંત-પ્રશાંત છે. કામ, ક્રોધ ઇત્યાદિ એના રજોગુણો શમી ગયા છે. એ જ્યાં જ્યાં નજર કરે છે ત્યાં એને પરમાત્મા જ દેખાય છે. આવા માણસને ઈશ્વર કાયમને માટે પોતાનો જ ગણે છે. એ બ્રહ્મમાં વ્યાપ્ત છે અને બ્રહ્માંડ એનામાં. સમદૃષ્ટિને કારણે એને સૃષ્ટિ સંવાદથી હરીભરી લાગે છે. આ તો બધું કૃષ્ણ કરે પણ અર્જુન માની શકે કેમ? ચંચળ મનને સ્થિર કેમ કરી શકાય એ એનો મહાપ્રશ્ન છે. ચંચળ મનને સ્થિર કરવા માટે મહાવરો

જોઈએ... વાયુને અંકુશમાં લેવા જેવી વાત છે. મનની ચંચળતાને કારણે તો માણસ અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઈ જાય છે. અર્જુન કૃષ્ણને ફરીફરીને પૂછે છે કે ગમે તેમ કરો પણ મનની ચંચળતા વિશેનો મારો આ સંશય ટાળો. કૃષ્ણ કહે છે કે પહેલી વાત તો એ સમજવી જોઈએ કે આ લોક હોય કે પરલોક હોય, જે માણસ નિષ્કામ ભાવનાથી કલ્યાણકાર્ય કરે છે એની કદીય દુર્ગતિ થતી નથી. અર્જુન તો નસીબદાર કે એને સંશય પણ થયો. એ એટલો જાગ્રત છે. યોગભ્રષ્ટ આત્મા જેવો છે. યોગભ્રષ્ટ આત્મા હંમેશાં કર્મયોગીના કુળમાં જ જન્મ લે છે અને એની પાસે હોય છે પૂર્વજન્મના સંસ્કારના ધબકારા. એની ગતિ મોક્ષ તરફની હોય છે. સાચો કર્મયોગી તપસ્વી જ્ઞાનયોગી કરતાં પણ મૂઠી ઊંચેરો છે. કર્મ અને યોગની વચ્ચે એ સાચવી રાખે છે અનાસક્તિ અને પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા. એ ચાલે ત્યારે માત્ર ચાલતો જ હોય છે. બેઠો હોય છે ત્યારે માત્ર બેઠો જ હોય છે.

એનામાં ગતિશીલ સ્થિરતા અને સ્થિતિશીલ ગતિ હોય છે. એની વાણી, એનું મૌન, એનું વર્તન એ ધ્યાનના મહાવૃક્ષનાં પુષ્પ જેવાં હોય છે. કવિ વેણીભાઈ પુરોહિતનું આ ગીત રહીરહીને ઘૂંટવા જેવું છે :

સ્થિર કરો,
સ્થિર કરો પ્રભુ! ચંચળ નયના,
રે પ્રભુ, સ્થિર કરો આ ચંચળ નયના.

લોભી, લંપટ, શંકિત, નટખટ,
લક્ષણ લાખ ઉભયનાં.
રે પ્રભુ, સ્થિર કરો આ ચંચળ નયના.

રમે રસાતલ, ચાંદો ચૂમત,
ક્ષણ અવનત ને ક્ષણમાં ઉન્નત,
તનનાં આ બે રતનદીપનાં
કામણ છે કિસલયનાં -- રે પ્રભુ.

મંદિરમાં મૂરતનાં દર્શન,
દર્પણમાં સૂરતનાં દર્શન,
પણ સૂરત ને મૂરત ભીતર,
ઓજસ અરુણોદયનાં -- રે પ્રભુ.

પાંપણના સંપુટમાં સપનાં,
છલકે-મલકે છાનાંછપનાં.
લોચન ગંગા, લોચન જમના,
લોચન પૂર પ્રલયનાં -- રે પ્રભુ.

મૂરખ મનનો શાણો મારગ,
ત્યાં દોડે પરવશ મોહિત દૃગ,
તેથી પરવશ થઈ પૂછું કે -
ક્યાં છે કિરણ ઉદયનાં ? - રે પ્રભુ ¡

## 7. માનવીઓના આ મધુવનમાં

ગીતાના પ્રત્યેક અધ્યાયનાં શીર્ષક મને સવિશેષ ગમે છે. આ શીર્ષકો સાંકેતિક છે. કેવળ શોભાનાં, માથાના મુગટ જેવાં નથી. જ્ઞાન-વિજ્ઞાન-યોગ એ સાતમા અધ્યાયનું શીર્ષક છે. માહિતી, જ્ઞાન અને વિશેષ જ્ઞાન, એવા કોઈ સ્થૂળ તબક્કાની કદાચ વાત નથી. અહીં જ્ઞાન અને વિજ્ઞાન એટલે કે નોલેજ એન્ડ સાયન્સની પણ કદાચ વાત નથી. અહીં નોલેજની વાત છે પણ ત્યાં અટકતી નથી. અહીં સાયન્સ કરતાં કોન્સાયન્સની વાત છે. કૃષ્ણ એક પછી એક અધ્યાયમાં ઊઘડતા આવે છે. સંશયને નિર્મૂળ કરતા આવે છે. છેદતા અને ભેદતા રહેતા હોય છે. એમને કશી ઉતાવળ નથી. એમને કહેવું છે પણ કહી નાખવું નથી. યુદ્ધ પહેલાં ઘવાયેલા – અહમ્-થી ઘવાયેલા અર્જુનના ઘાને

રૂઝવવા છે. સ્થૂળ ઘા સહેલાઈથી રુઝાઈ જાય છે. સૂક્ષ્મ તો કૃષ્ણ જેવા કોઈ મિત્ર જ રૂઝવી શકે. વિષાદની ખીણમાં પડેલા અર્જુનને કૃષ્ણે શિખરની ટોચે શું છે એ બતાવવું છે અને માણસ પાસે કેટલી બધી પહોંચ હોઈ શકે એ પણ સમજાવવું છે. એમને માત્ર શિખામણ નથી આપવી પણ શાણપણ આપવું છે.

રહીરહીને એ કહે છે કે જે મારામાં મન લગાડીને રહે છે અને જે મને પૂર્ણપણે સાંભળે છે -- હું હંમેશાં તેનો છું. એક વાર મારો આશ્રય લે પછી એને સંશય પણ નહીં રહે અને તે નિરાશ્રય પણ નહીં થાય. આજનો આધુનિક માણસ કદાચ એમ કહી શકે કે ઈશ્વરનો આ તે કેવો અહંકાર! અહીં ઈશ્વર પોતાની આપવડાઈ નથી કહેતા પણ પૂર્ણ નમ્રતા સાથે પોતાની શક્તિનો પરિચય આપે છે. કૃષ્ણ જે કંઈ કહે છે તે સ્વાનુભવથી કહે છે. આ સ્વાનુભવ એક યુગનો નથી પણ અનેક

યુગોનો છે. એક જન્મનો નથી પણ અનેક જન્મોનો છે. કૃષ્ણ અનેક રૂપે છે અને એક છે. એ વ્યાપ્ત છે, કેન્દ્રિત છે, સંયુક્ત છે અને સંપૃક્ત છે. સંપૃક્ત હોવા છતાંય એ અલિપ્ત છે. કૃષ્ણને જાણવા માટે અનેક સિદ્ધપુરુષો મથે છે પણ કોઈક જ એના સાચા સ્વરૂપને પામી શકે છે. લોકોને પ્રસિદ્ધ કૃષ્ણપુરુષની ખબર છે પણ સિદ્ધપુરુષની પૂરતી ખબર નથી. પુરુષની ખબર છે, પણ પુરુષોત્તમની ખબર નથી. અષ્ટધા પ્રકૃતિમાં એ વ્યાપેલા છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ અને મનમાં તે છવાયેલા છે. એ પર અને પાર છે. એ અનહદ છે. જગત આખાનું મૂળ છે. જગતનાં જે કંઈ દૃશ્યમાન અને અદૃશ્યમાન તત્ત્વ છે એ બધાં જ તત્ત્વો સૂત્રમાં મણિ પરોવાય તે રીતે પરોવાયેલાં છે. જળમાં એ રસરૂપે છે. સૂર્ય-ચંદ્રમાં તેજરૂપે છે. વેદમાં ૐકારના નાદરૂપે છે. આકાશમાં શબ્દરૂપે છે. પૃથ્વીમાં ઘન અને અગ્નિમાં દીપ્તિરૂપે છે. તાપસમાં તપરૂપે છે અને આ પૃથ્વી પર જે કોઈ

જીવ છે એમાં જીવનરૂપે છે. જે આટલા વ્યાપ્ત છે એને કોઈ પામતું નથી. આ સત્ત્વ, રજસ અને તમસ -- આ ત્રિગુણાત્મક પ્રકૃતિ એ મારો જ પ્રભાવ અને પ્રતાપ છે. આ મારી માયા છે. એ તરવી સહેલી નથી. આસુરી ભાવને કારણે માણસનું જ્ઞાન હરાઈ જાય છે, હણાઈ જાય છે. મને ચાર પ્રકારના લોકો જ ભજે છે, યાદ કરે છે -- દુ:ખીઓ, જિજ્ઞાસુઓ, અર્થાર્થીઓ અને જ્ઞાનીઓ. મારો આત્મા જ્ઞાની સાથે વિશેષ જોડાયેલો છે, કારણ કે એ લોકો ઉત્તમ છે, સર્વોચ્ચ છે. માણસ મને એકાદ જન્મમાં ન પામી શકે. અનેક જન્મોની સાધનાને પરિણામે, ભક્તિને પરિણામે મારા સાચા સ્વરૂપનો પરિચય થાય. એવું નથી કે મારી જ ભક્તિ કરવાની. જે કોઈ ભક્ત પોતાનાં દેવ-દેવીઓને ભજે તો મારું કામ તો એની શ્રદ્ધાને બળવાન કરવાનું છે. હું જેટલો શ્રદ્ધાવાનનો એટલો કોઈનો નહીં. હું જેટલો ભક્તનો એટલો કોઈનો ક્યારેય પણ નહીં. જે મારા ભક્તો છે એને ઇષ્ટફળ મળે

છે પણ એને એ જ ફળ મળે છે કે જે મે એને માટે નિર્માણ કર્યાં હોય. ફળ તો નાશવંત પણ છે. અવિનાશની ભક્તિ કદી નાશ પામતી નથી. ભક્તિ પરમ સત્ય છે અને ભક્ત જ મને -- અવ્યક્તને વ્યક્તરૂપે પામી શકે છે. માયાને કારણે હું દેખાતો નથી છતાં હું સર્વત્ર છું અને સર્વમાં છું. હું અજન્મા છું એટલે અમર્ત્ય છું. પણ મૂઢ માણસો, મૂરખ માણસો આવું કશું સમજી કે પામી શકતા નથી. હું આ બધું તને જ એટલા માટે કહું છું કે તું મહાબાહુ છે. હું તારી પહોંચમાં આવી શકું છું. લોકો અટવાયા છે ઇચ્છા અને દ્વેષમાં, સુખ અને દુ:ખનાં દ્વંદ્વમાં. બધાં જ પ્રાણીઓ અજ્ઞાનના અંધકારમાં સૃષ્ટિમાં ભટક્યાં કરે છે, રઝળ્યાં કરે છે. મને તો કોણ પામી શકે? દૃઢ વૈરાગીઓનું ગજું છે. મને અહીં નરસિંહની પંક્તિ યાદ આવે છે -- `દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે.' જેમનું ચિત્ત મારી સાથે જોડાયેલું છે એ

મરણકાળે પણ મને જાણતા હોય છે. અને યાદ આવે છે દયારામ `અંત સમે અલબેલા તમે આવજો રે.'

પુસ્તકથી પરમેશ્વર ન પામી શકાય. આત્માથી એને ઓળખી શકાય. આત્મીયતાથી એને અનુભવી શકાય. અને જે એક વાર એનો અનુભવ લે છે તેની પાસે ભવભવનો આંતરવૈભવ પ્રગટ થાય છે. આ અધ્યાયનું નામ જ્ઞાન-વિજ્ઞાનયોગ છે પણ કદાચ કૃષ્ણ સાંકેતિક રીતે એમ કહેવા માગતા હોય કે આ જ્ઞાન અને વિજ્ઞાનની પાર પણ એક અદ્ભુત તત્ત્વ છે અને તે છે ભક્તિ. ભક્તિ જેવો કોઈ પદાર્થ નથી. ભક્તિ જ્ઞાન અને વિજ્ઞાનથી પર છે અને એની પાર છે. જ્ઞાન અને વિજ્ઞાનની તો કોઈ સીમા છે. ભક્તિ અસીમ છે. જ્ઞાન પણ કોનું થવું જોઈએ? પરમ ભગવાનના તત્ત્વનું. એટલે કે આપણામાં જ રહેલા પરમાત્માનું.

અહીં એક રીતે જોઈએ તો કૃષ્ણે પોતા વિશે જ્ઞાન નથી આપ્યું, અભિજ્ઞાન આપ્યું છે. એની ઓળખનો બાહ્ય પરિચય નથી આપ્યો પણ ખુદ ભગવાને પોતાનો ઇનર લેન્ડસ્કેપ આપ્યો છે.

આપણું મન તો ભટકતું હોય છે, રઝળતું હોય છે. પણ જેનું મન ઈશ્વરમાં લાગે એની જ `બડે ઘર' તાલી લાગી કહેવાય. જેણે ઈશ્વરનો આશ્રય લીધો છે એ ભય ને સંશયથી મુક્ત છે. ઈશ્વર સાથે એક થાઓ પછી આપણાં અનેક સ્વરૂપો, આપણી અનેક ભૂમિકાઓ આપમેળે ઓળખાઈ જાય છે. આપણે જેટલા ઈશ્વરના એટલા કોઈના નહીં અને ઈશ્વરના છીએ એટલે જ આપણે બધાના, કારણ કે ઈશ્વર જળમાં, સ્થળમાં, જડમાં, ચેતનમાં બધે જ વ્યાપ્ત છે. માનવમાં માધવને જોવો એ જ મોટી વાત છે. વર્ષો પહેલાં લખાયેલી બે પંક્તિઓ યાદ આવે છે :

માનવીઓના આ મધુવનમાં
મન નાચે છે મનમાં મનમાં.

કૃષ્ણ તો ફરીફરીને કહે છે કે મારાથી પર બીજું કશું જ નથી, એટલે હું સર્વત્ર છું. મનુષ્ય માટે કશું ઇતર કે અવર ન હોવું જોઈએ. જગત આખાનું મૂળ કૃષ્ણ હોય તો એનું ફળ પણ કૃષ્ણ જ છે. આપણે કૃષ્ણવંશી થઈએ, કૃષ્ણની બંસી થઈએ. વાંસળી દેખાય. એની ફૂંક કે એમાંથી પ્રકટતો સ્વર દેખાતો નથી પણ સંભળાય છે. માણસમાત્રમાં ઈશ્વરનું બીજ વવાયેલું છે. આ બીજને આપણે જ વૃક્ષરૂપે કે ફળરૂપે સિદ્ધ કે સાકાર કરવાનું છે. માત્ર દુ:ખ પડે અને એ દરિયાવ દિલને યાદ કરીએ અને પછી ભૂલી જઈએ એ તો સગવડિયા ભક્તિ છે. એમાં ગરજ અને સ્વાર્થ છે. `સુખમાં સાંભરે સોની ને દુ:ખમાં સાંભરે રામ' એમાં તો

સંસારીઓનો પ્રપંચ છે. ભીતરમાં સતત એની રટણા હોવી જોઈએ. આપણે સંસારમાં રહેવા માટે અનેક પ્રકારનાં કર્મો કરવાં પડતાં હોય છે. આજીવિકાથી માંડીને ઇત્યાદિ-ઇત્યાદિ. પણ આ કર્મની પાછળ જો ઈશ્વરના નામસ્મરણનો ધબકારો હોય તો એના જેવી કોઈ વિરલ ઘટના નથી. ઈશ્વરને અનન્ય ભાવથી ભજવા જોઈએ. આ ભક્તિ નિત્ય હોય, એમાં સાતત્ય હોય. કૃષ્ણ એક ઠેકાણે મદ્ભક્ત એવો શબ્દ પ્રયોજે છે. આ શબ્દ બહુ મહત્ત્વનો છે. ઈશ્વર જેને મારો ભક્ત કહે છે પછી બીજી કઈ ધન્યતા હોઈ શકે! ભગવાન ભક્તને `મારો' કહીને ભક્ત પર પોતાનું વહાલ અને પોતાનો અધિકાર સ્થાપે છે. જ્ઞાન-વિજ્ઞાનના બે કાંઠાની વચ્ચે વહે છે તે એક પરમ પાવનકારી નદી... ભક્તિ ક્યારેય સ્થગિત નથી, એ હંમેશાં સતત વહેતી હોય છે.

## 8. `મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ'

સાત અધ્યાય સુધી કૃષ્ણે અર્જુનને ઘણું બધું સમજાવ્યું. કેટલુંક તો ફરીફરીને ઘૂંટીઘૂંટીને કહ્યું, છતાં પણ અર્જુનના મનને કરાર વળતો નથી. પ્રશ્નોમાંથી પ્રશ્નો એ ઊભા કરતો જ જાય છે. કેટલીક શંકા જડમૂળથી ઊખડતી નથી. કૃષ્ણ પૂર્ણ ધીરજથી સહેજ પણ અકળાયા વિના અર્જુનના તમામ પ્રશ્નોના જવાબ આપે છે. જેટલું નિરાકરણ કરી શકાય એટલું કરવાનો પુરુષાર્થ કરે છે. આપણે બાથરૂમમાં ગરમ પાણીએ નાહતા હોઈએ અને એ ઊના ઊના પાણીની વરાળથી જેમ અરીસો ધૂંધળો થઈ જાય એવું અર્જુનનું મન થઈ ગયું છે. અક્ષર-બ્રહ્મયોગ નામના આઠમા અધ્યાયમાં અર્જુન મૂળભૂત પ્રશ્ન પૂછે છે : આ બ્રહ્મ શું? અધ્યાત્મ શું? કર્મ શું? ઇત્યાદિ, ઇત્યાદિ, ઇત્યાદિ.

કૃષ્ણ પાસે એક જ જવાબ છે કે જે નાશ ન પામે તે બ્રહ્મ. અને પ્રત્યેક જીવને પિપાસા તો અધ્યાત્મની છે, પણ એ ક્યાંક બીજી વસ્તુઓમાં ખોવાઈ-ખવાઈ ગયો છે. આત્મા તરફ જેની ગતિ એ અધ્યાત્મ અને જે સૃષ્ટિની ક્રિયા અને પ્રક્રિયાની ઉત્પત્તિમાં બ્રહ્માંડ રહે છે તે કર્મ. બધું નાશવંત છે. આ નાશવંત સ્વરૂપની વચ્ચે જે પોતાનું દૈવી દૈવત સાચવી રાખે તેને હું પુરુષોત્તમ કહું છું. આપણા દેહમાં ખુદ પરમાત્મા યજ્ઞરૂપે છે. આપણે એમાં જ આપણી આહુતિ આપવાની છે. જે જીવ પોતાના અંતકાળે ઈશ્વરના સ્મરણમાં રચ્યોપચ્યો હોય, એમાં લીન થયો હોય એ ઈશ્વરમય થઈ જાય છે. આમાં કોઈ સંશય નથી. શંકાને કોઈ સ્થાન નથી. આપણું એક ભજન યાદ આવે છે, `ઇતના તો કરના સ્વામી જબ પ્રાણ તનસે નિકલે.' જ્યારે શરીરમાંથી પ્રાણ નીકળતો હોય ત્યારે એક જ

ઝંખના હોવી જોઈએ, `મેરા સાંવરા નિકટ હો.' દયારામ કહે છે એમ અંત સમયે અલબેલો હાજર હોવો જોઈએ.

ઈશ્વર સિવાયના કોઈ પણ રૂપને અંતિમ વેળાએ માણસ સ્મરતો હોય તો બીજે જન્મે એ એની ભાવના પ્રમાણે જ એ સ્વરૂપ પામે છે. આમ પણ તમે કેવું જીવન જીવ્યા છો એનો જવાબ તમારા મરણ પરથી જ મળે છે અને તમારા મરણને આધારે જ તમારો નવો જન્મ ઘડાતો હોય છે. અંતિમ ભાવનાને આધારે જ આવતા ભવનો ચકરાવો શરૂ થાય છે. કૃષ્ણ કહે છે કે કોઈ પણ ક્ષણ હોય, યુદ્ધની કે અન્ય, પણ મહત્ત્વ ઈશ્વરસ્મરણનું છે. આ સ્મૃતિ એ યાંત્રિકતાનું પરિણામ નથી. જે માણસ તન અને મનથી સર્વસમર્પણ કરે છે એ માણસની સાથે ઈશ્વર સદાય સંયુક્ત હોય છે. આ સમર્પણ સંપૂર્ણ હોવું જોઈએ. કોઈક

એકાએક બધું જ ઈશ્વરને સોપી શકે છે, તો કોઈક ધીમે ધીમે મનના મહાવરાથી આવરાબાવરા થયા વિના પોતાના ચિત્તને એકાગ્ર અને સ્થિર કરીને ચંતિન-મનનથી દિવ્ય સ્વરૂપને પોતાનું સારસર્વસ્વ ધરી દે છે. ઈશ્વર એટલે કોણ? ઈશ્વર ક્યાં? એ તો સર્વત્ર છે. અનાદિ છે, અનંત. એ સૂક્ષ્મ છે, અણુ કરતાં પણ સૂક્ષ્મ. એના રૂપની કોઈ પૂર્વધારણા ન કરી શકાય. એ આપણા સહુને ધારણ કરનારો છે. સૂર્યથી પણ વધુ તેજસ્વી છે. જે ભક્તિ અને યોગથી પોતાના પ્રાણને સ્થાપી શકે છે, સ્થિરતા આપી શકે છે, જે પોતાના પિંડમાંથી બહાર નીકળીને સમગ્ર બ્રહ્મમાં સાક્ષીભાવે ચર્યા કરી શકે છે એ માણસને માટે ઈશ્વર દોહ્યલો નથી. આપણી પ્રત્યેક ઇન્દ્રિય એ એક બારણું છે. જે મન અને હૃદયમાં સંયમની સ્થાપના કરી શકે, એકાક્ષરી ૐનો જપ કરી શકે અને અંતિમ વેળાએ કૃષ્ણનું સ્મરણ કરી શકે તે પરમગતિને પામી શકે. મનુષ્ય તરીકે જન્મ લીધા પછી

મનુષ્યનો જો કોઈ એકમાત્ર પુરુષાર્થ હોય તો તે પામરમાંથી પરમ થવાનો. સૃષ્ટિમાં તો અનેક આકારો છે, અનેક નામ છે. આ બધાંને ઓળંગીને જેઓ આકારમાં ઓગળી જાય છે, એકાકાર થઈ જાય છે તેને જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. આપણું ચિત્ત ચંચળ છે. ભમરાની જેમ તે ભટકતું રહે છે. આપણે અનેકમાં વેરાયેલા અને વીખરાયેલા છીએ. આપણે અનન્ય ચિત્ત, એકાદ ક્ષણ પૂરતું કદાચ કેળવીએ છીએ પણ ક્ષણ પૂરતી ઝાંખી પૂરતી નથી. ઈશ્વર સાથે જે યુતિ થાય તે એક ક્ષણની નહીં પણ એનું અનુસંધાન પ્રત્યેક ક્ષણનું હોવું જોઈએ. જે ઈશ્વર સાથે નિત્ય યુક્ત છે તેની પૂર્વશરત એ છે કે બીજા સાથે એ નિત્ય મુક્ત રહેવો જોઈએ. બીજી બધી જ વસ્તુઓ ગલીકૂંચી અને ગૌણ છે. ઈશ્વરનું સ્મરણ અને એ સ્મરણની આર્દ્રતા સાથે થયેલું કર્મ એ રાજમાર્ગ છે અને એ જ મુખ્ય છે. જે ઊંચા આત્માઓ છે એ પોતાનાં જ્ઞાન, કર્મ અને ભક્તિના યોગે આ ભવમાંથી સદાકાળ

છૂટી જાય છે. એને માટે લખચોરાશીનો ચકરાવો નથી. લખચોરાશીનો ચકરાવો એ બીજું કશું જ નહીં પણ દુ:ખનાં જ ધામ છે. આ દુ:ખમાંથી, આ ચકરાવામાંથી, મહાત્માઓ કાયમને માટે છૂટીને પરમધામમાં પહોંચે છે અને એમને માટે પુનર્જન્મ હોતો નથી. આપણું રાતદિવસનું ગણિત જુદું છે, બ્રહ્માનાં રાતદિવસનું ગણિત જુદું છે. આપણે માટે એક દિવસ તે કેલેન્ડરની તારીખનું પાનું. બ્રહ્માનો એક દિવસ એટલે એક હજાર મહાયુગ અને બીજા એક હજાર મહાયુગ એ બ્રહ્માની રાત. આવા મહાન વિરાટ કાળમાં મનુષ્યનું ગમે તેટલું લાંબું આયુષ્ય હોય પણ તે એકાદ બિંદુ જ છે. આપણો દિવસ ઊઘડે છે ત્યારે રાતના અંધકારમાં જે બધી વસ્તુઓ અવ્યક્ત હતી તે વ્યક્ત થાય છે. સુરેશ જોષીએ કહ્યું છે એમ `અજવાળું રૂપને પ્રકટ કરે છે અને અંધારું રૂપને ચૂપ કરે છે.' આપણે જન્મ પહેલાં અવ્યક્ત હતા, અરૂપ હતા, નામ વિનાના હતા. આપણો જન્મ થયો

એટલે આપણે વ્યક્ત થયા. રૂપ મળ્યું, નામ મળ્યું. મરણની રાત્રિમાં જ્યારે આપણે વિલીન થઈ જઈશું ત્યારે ફરી પાછા આપણે અવ્યક્ત થઈ જઈશું. પણ આ વ્યક્ત અને અવ્યક્તની પાર પણ કોઈ બીજું સનાતન તત્ત્વ છે જે કદીય નાશ પામતું નથી. જે નાશ પામે છે તે ક્ષર છે, જે નાશ નથી પામતું તે અક્ષર છે. એક વાર અક્ષરધામમાં પહોંચી જાઓ પછી એ પરમધામ છે અને ત્યાંથી પાછું આવવાનું હોતું નથી અને વ્યક્ત-અવ્યક્તની સંતાકૂકડી રમવાની હોતી નથી. આ અક્ષરધામ માણસ માટે દોહ્યલું છે. એ અગમ નથી પણ સુગમ છે. જે અનન્ય ભક્તિ કરે છે તેને કોઈ મુશ્કેલી નથી. એક લોકગીતની પંક્તિઓ યાદ આવે છે :

રામા, કાશીના લોકને પૂછિયું, અહીંથી ભાગીરથી કેટલે દૂર રે?
રામા, ધરમીને મન છે ઢૂંકડું, ને પાપીને પગલેથી દૂર રે !

જગતમાં તો શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એવા બે રસ્તા છે. આ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એ તો જાણે કે દ્વંદ્વનાં બે પ્રતીક જેવા છે. કોઈ એવો રસ્તો પકડવો જોઈએ કે માણસ આ દ્વંદ્વની પાર જાય અને પર થઈ જાય. બહુ ઓછા માણસો ભક્તિનો અનન્ય રસ્તો લે છે. મોટા ભાગના માણસો ક્રિયાકાંડના ચીલેચીલે ચાલ્યા કરે છે. અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટે એક કાવ્ય લખ્યું છે એનો ભાવ એવો છે કે એક જંગલમાં બે રસ્તાઓ ફંટાયા. મે એવો રસ્તો લીધો જેના પર કોઈક વિરલ માણસો જ જતા અને મારામાં જે કંઈ નોખા-અનોખાપણું છે તે મે જે રસ્તો પસંદ કર્યો એનો પ્રભાવ. જે માણસ મોહમાં પડ્યા વિના, પોતાની જાતનો દ્રોહ કર્યા વિના ઊંચો યોગ સાધે છે એ આ બધાની પાર જઈને સર્વોચ્ચ શિખર પર પલાંઠી વાળીને બેસી શકે છે.

આમ તો આપણે ગાઈએ છીએ કે `ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે.' પણ આ ભક્તિ એટલે શું? અંગ્રેજીમાં લાગણી માટે ઇમોશન શબ્દ વપરાય છે અને ભક્તિ માટે ડિવોશન. લાગણીની ઊર્ધ્વગતિ એ ભક્તિ છે. લાગણીની અધોગતિ તે વાસના છે. લાગણીનું સ્વરૂપ મેઘધનુષ્યનું હોય છે. મેઘધનુષ્યમાં જેમ અનેક રંગો હોય છે તેમ લાગણીના પણ અનેક રંગો હોય છે. આવેગ, ઉત્સાહ, હતાશા -- આ બધાં લાગણીના અનેક તરંગો અને મિજાજ છે. લાગણી અને ભક્તિની વચ્ચેનો મહત્ત્વનો તબક્કો તે લગની છે. લગનીમાં સ્મરણનો અને શરણનો ભાવ છે. એક જ ભાવમાં સ્વભાવ સ્થિર થાય અને સહજ સમાધિ હોય એ ભક્તિ. ભક્તિ મીરાંની કહેવાય. કૃષ્ણ સિવાય કોઈ નહીં. `મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ' -- કોઈ બીજાનો પ્રવેશ જ નહીં. પોતાના ભીતરમાં જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા. શુક્લપક્ષ આને જ કહેવાય. અજવાળું કાં

તો જ્ઞાનનું હોય કાં તો ભક્તિનું હોય. મોટા ભાગના માણસો અંધકારના મુસાફર થઈને જ જીવે છે. કોઈક વિરલ જ જ્ઞાન, કર્મ અને ભક્તિના પ્રયાગ પર ઊભો હોય છે. મીરાં જેવી વ્યક્તિના મનમાં તો ભક્તિ જ સારસર્વસ્વ છે. ભક્તિ પાસે જ્ઞાન કોરું લાગે. ભક્તિ વિનાના કર્મમાં બધું હોય પણ આર્દ્રતા ન હોય, ભીનાશ ન હોય. ખડકની આસપાસ પણ જળ હોય છે, પણ આ તો કેવળ કોરો પથરો. સવારના પહોરમાં ઘાસ ઝાકળથી ભીજાયેલું હોય એ વાત જુદી અને સૂકું ખડ હોય અને આસપાસ ઉજ્જડ હોય એ વાત જુદી. ભક્તિનો પ્રદેશ ભીનો છે. એમાં રસ છે, ક્યાંય શુષ્કતા નથી. ક્યાંય પીંજણ કે પૃથક્કરણ નથી. `ગોવિંદો પ્રાણ અમારો રે'ની ધૂન છે. ભક્તિ એટલે નરી ભાવસમાધિ.

# 9. `ભજન કરે તે જીતે'

નવમો અધ્યાય રાજવિદ્યા, રાજગુહ્યયોગ તરીકે જાણીતો છે. ગીતાના કોઈ પણ અધ્યાયના પ્રારંભે યોગ શબ્દ છે. આ યોગ શબ્દ મહત્ત્વનો છે. કંઈ પણ હોય તે પરમ સાથે જ યુક્ત હોય. જે પરમ સાથે યુક્ત હોય એને યોગ કહેવાય. ઈશ્વર પોતાની વાણી વેડફે નહીં. એ અર્જુનને વાત કરે છે, અર્જુનની વાત સાંભળવાની યોગ્યતા છે એટલા માટે. કૃષ્ણ અર્જુનના અંતર્યામી છે. અર્જુનના ગુણ-અવગુણને જાણે છે. અર્જુનનો મોટામાં મોટો ગુણ : એ ઈર્ષા વિનાનો છે. જેનામાં અદેખાઈનું તત્ત્વ નથી એ જ માણસ ઈશ્વરનું સાન્નિધ્ય અને એનું સાયુજ્ય પામી શકે. અદેખાઈના મૂળમાં માણસનું અહમ્ અને એના રાગદ્વેષ હોય છે. ઈર્ષા કરનારો માણસ બળકણો હોય છે, બળૂકો નથી હોતો. એ ટૂંકા

જીવનો હોય છે. ઈર્ષા, એ માણસના ચૈતન્યનો વિસ્તાર નહીં પણ સંકોચ છે. ઈર્ષાળુ માણસ મનટૂંકો અને જીવટૂંકો હોય છે. એનામાં ઉદારતાનું નામનિશાન નથી. એ દોષદેખો હોય છે. એને કાંટા પહેલાં દેખાય અને ફૂલની ઓળખ કરવા પણ એ તૈયાર નહીં હોય. એ વિકૃતિમાં આળોટે છે. પોતાના સ્વરૂપથી એ અજાણ્યો હોય છે. કૃષ્ણ અર્જુનને પહેલી વાત એ કહે છે કે આ વાત તને હું એટલા માટે કહું છું કે તારામાં ઈર્ષાનું તત્ત્વ નથી. બધું ઉછીનું મળે, અધ્યાત્મ ઉછીનું ન મળે. અધ્યાત્મ એ સ્વાનુભવનું પરિણામ છે. જે આ વિદ્યાને જાણે છે તે અકલ્યાણથી, અસુખથી સદા મુક્ત હોય છે. જે મુક્ત હોય છે એ જ પરમ સાથે સંયુક્ત થાય છે. આ જ્ઞાન એ જ મોટામાં મોટી રાજવિદ્યા અને સાચો રાજગુહ્યયોગ. ગુહ્ય એટલા માટે કે એ અંતરપ્રવેશ વિના શક્ય નથી. મુક્ત માણસ જ પવિત્ર અને શ્રેષ્ઠ છે. એને માટે કશું જ પરોક્ષ નથી, બધું જ પ્રત્યક્ષ છે.

એ આચરણનો માણસ છે. શબ્દોને શરણે નથી થતો પણ આચરણ એ જ એનું સંવિધાન. એ માણસને શ્રદ્ધા ધર્મમાં હોય છે. ધર્મ માણસે પોતાની મેળે પ્રાપ્ત કરવાનો હોય છે. કૃષ્ણ પછી પોતાનો આંતરપરિચય આપે છે. આ સૃષ્ટિનું એણે સર્જન કર્યું છે પણ આ સૃષ્ટિમાં એ ક્યાંય દેખાતો નથી. એ પ્રત્યક્ષ થાય છે પ્રકૃતિરૂપે. આંખથી જોવું એક વાત છે અને દૃષ્ટિથી પામવું એ બીજી વાત છે. ઈશ્વરમાં તમામનો સમાવેશ થાય છે પણ ઈશ્વર કોઈ એકમાં ક્યારેય વસતો નથી. એક માળી બાગ ઉછેરે તો બાગનાં ફૂલપાનમાં માળીનો હાથ હોય જ છે પણ ફૂલપાનમાં માળી દેખાતો નથી. અને દેખાતો નથી એટલે છે નહીં એમ કહેવું એ આપણી ટૂંકી બુદ્ધિની ગેરસમજણ છે. કૃષ્ણ વિવિધ રૂપે પોતાની પ્રકૃતિનો પરિચય આપે છે. આકાશમાં જેમ નિત્ય વાયુ વસતો હોય છે તેમ માણસ, જીવજંતુ એ બધાં ઈશ્વરમાં વસે છે. ભૂતમાત્રનું નિવાસસ્થાન સ્વયં ઈશ્વર

છે. ઈશ્વરમાંથી જ જન્મેલાં છેવટે સૌ ભૂતમાત્ર ઈશ્વરમાં જ લીન થાય છે. શા માટે ઈશ્વર અવ્યક્ત છે? સૃષ્ટિ અવ્યક્ત છે અને ઈશ્વર અવ્યક્ત. સર્જન કર્યા પછી ઈશ્વર અનાસક્ત છે. એને કોઈ એવી આસક્તિ નથી કે સુંવાળા ફૂલ પર કે વહેતી નદી પર કે પહાડના શિખર પર એ પોતાની સહી કરે અને પોતે આ સૃષ્ટિ સર્જી છે એની ધજાપતાકા ફરકાવ્યા કરે. સર્જનનું કર્મ કર્યું તે કર્યું. આ સૃષ્ટિ સર્જી, પણ પછી આ સર્જનના કર્મ વિશે ઈશ્વર ઉદાસીન છે. એટલે જ એનું કશું બંધન નથી. કર્મ કરીને જે મુક્ત થઈ જાય છે તે જ સાચો અનાસક્ત. ઈશ્વરે તો જડ અને ચેતન સર્વ સૃષ્ટિ સર્જી છે. આ સૃષ્ટિમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે. સર્જન, સંવર્ધન અને સંહાર છે. ઈશ્વરનું આ વિષચક્ર નથી પણ અમૃતચક્ર છે. પણ જે મનુષ્યદેહ ધારણ કર્યો છે એના મોહમાં ફસાયેલા મૂઢ માણસો ઈશ્વરને જ ઉવેખે છે. શાહબાઝ નામના એક શાયરે બે સરસ પંક્તિઓ લખી છે :

પરવરદિગારે જીભ દઈ બોલતો કર્યો
ત્યારે પૂછ્યું એ જીભથી, પરવરદિગાર ક્યાં?

સંસારમાં જેમ મૂઢ માણસો છે તેમ મહાત્માઓ પણ છે. આ મહાત્માઓ પ્રકૃતિની દિવ્યતા અને ભવ્યતાને ઓળખે છે. અવળી બુદ્ધિ અને આસુરી બુદ્ધિને અવગણે છે. એમની બુદ્ધિ અને જ્ઞાન સવળે માર્ગે વહે છે. આ મહાત્માઓનું ચિત્ત વિકલ્પોનાં ઝાડીઝાંખરાંમાં અટવાતું નથી પણ એ સંકલ્પના શિખર પર પલાંઠી વાળીને બેઠું હોય છે. એમની પાસે અનન્ય ભક્તિ હોય છે. આ અનન્ય ભક્તિ એટલે પોતાની ચિંતા નહીં, પોતાની સલામતી નહીં પણ પરમાત્માનું ચંતિન. સતત કીર્તન.

ભક્તિભાવની નમ્રતા અને ભક્તિભાવની જ ઉત્કટતા. કૃષ્ણે ગીતામાં કર્મયોગનો, જ્ઞાનયોગનો મહિમા કર્યો છે પણ અનેક રીતે સૂચવ્યું છે કે ભક્તિયોગ જેવો શ્રેષ્ઠ યોગ કોઈ નથી. સરોવરનાં જળ જેવી પારદર્શક નિર્મળતા, ઈશ્વરનું નામસ્મરણ. જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા -- એના પર જ ભક્તિભાવનો સતત અભિષેક તે ભક્તિ. વિરહમાં વિરહનાં આંસુનો અભિષેક અને મિલનમાં પ્રસન્ન સ્મિતનો અભિષેક. જોકે સાચા ભક્તને કદીય ઈશ્વરનો વિયોગ જ નથી હોતો. એ તો હંમેશાં ઈશ્વરની સંયોગસૃષ્ટિમાં જ રહે છે. ભક્ત સૃષ્ટિને અખિલાઈ રૂપે જુએ છે. એ પૃથક્કરણ કે વિશ્લેષણ કરતો નથી. એ અંશમાં રાચતો નથી. પૃથક્કરણ કરવાનું કામ તો જ્ઞાનીઓનું છે. જ્ઞાનીઓ સૂર્ય અને ચંદ્રને પૃથક્ પૃથક્ રૂપે જુએ છે.

ઈશ્વર સર્વ છે અને સર્વત્ર છે. એ અગ્નિ પણ છે અને ઔષધ પણ છે. એ યજ્ઞ પણ છે અને મંત્ર પણ છે. એ શું નથી? જગનો ધાતા અને વિધાતા, પિતા, માતા, પિતામહ્. એ ૐકાર છે. ચાર વેદ છે. એ ગતિ અને સ્થિતિ બંને છે. એનું સામર્થ્ય અપાર છે. સૂર્યને એ તપાવે છે. તપતો રોકે પણ એ જ છે. મેઘવર્ષા પણ એનું જ પરિણામ. એ અમૃત પણ છે અને મૃત્યુ પણ છે. એ છે છે અને નથી નથી. ઈશાવાસ્યમ્ ઇદં સર્વમ્. એ સમુદ્ર છે, મોજું છે, બુંદ પણ છે અને મેઘ પણ છે. એ જેટલા પૃથ્વીના છે એટલા આકાશના છે. સમુદ્ર એનો, સૂર્યનો તાપ પણ એનો. આ તાપમાંથી તો વરાળ થાય, એનાં વાદળ બંધાય અને ફરી પાછાં પૃથ્વી પર વરસે. રાજેન્દ્ર શાહની બે પંક્તિઓ છે તે અહીં યાદ કરવી જોઈએ :

ગહન નિધિ હું, મોજુંય હું, હું વળી ઘનવર્ષણ
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.

જે લોક આ સૃષ્ટિમાં પુણ્ય પામે છે એને એના પુણ્ય પૂરતું સ્વર્ગ મળે છે. પણ પુણ્ય ખૂટે ત્યારે એને અહીં આ લખચોરાશીના ફેરામાં આવવું પડે છે. અનન્ય ભક્તિ અને શ્રદ્ધા એ માણસમાત્રની દૈવી સંપત્તિ છે. ઈશ્વર સાથે બધું થાય, સોદાબાજી ન થાય. મોટાં મોટાં મંદિરો બંધાવીએ પણ કેવળ પૈસાનું જોર હોય તો એ મંદિર નથી પણ ઇમારત છે. ઈશ્વરને તમારું ધન, સાધન, વૈભવ એની શી પડી હોય? જેની પાસે આખી સૃષ્ટિ હોય એને તમે આપી આપીને શું આપવાના હતા? ગમે એટલી છત હોય પણ ભાવની, સદ્ભાવની, ભક્તિની અછત હોય તો ઈશ્વર રાજી ન રહે. લોકોમાં વાહવાહ થાય પણ ઈશ્વરની એક પણ દાદ

ન મળે. ઈશ્વરને તો પ્રેમથી ધરેલું એક પુષ્પ પણ ગનીમત છે. ભક્તિભાવ અને શુદ્ધ ચિત્ત એ જ સારસર્વસ્વ. એ જ તપશ્ચર્યા. હૃદયના ભાવ વિનાનો બગીચો આપો તો એ બગીચો નથી પણ રણ છે. ઉત્કટ ભાવ વિનાના ઉપવનમાં એને રસ નથી. એને તો તપોવનમાં રસ છે. આ તપોવન મીરાંનાં આંસુથી ઉછેરવાનું હોય છે. જે કંઈ કર્મ કરીએ છીએ એમાં નિમિત્ત થઈને તે ઈશ્વરને અર્પણ કરવાનાં હોય છે. પણ મોટા ભાગના માણસો જે અર્પણ કરે છે એ એમનાં અહમ્નાં તિરાડ પડેલાં દર્પણો હોય છે. ઈશ્વરને કોઈ ભેદભાવ નથી. નથી કોઈ વહાલાં કે દવલાં. દુરાચારી માણસ પણ જો એકનિષ્ઠાથી ઈશ્વરને ભજે તો એની પાસે પણ સાધુ થવાની શક્યતા છે. રામાયણનો વાલિયો વાલ્મીકિ થયો એનાથી આપણે અજાણ નથી. કોઈને પણ માટે મોક્ષનો માર્ગ દુર્લભ નથી.

હું ઘણા વખતથી માનું છું કે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શૂદ્ર એવા ભેદ આપણે પાડ્યા છે. કૃષ્ણની વાણીમાં પણ જો આવા ભેદ આવ્યા હોય તો એ કૃષ્ણ પણ મને મંજૂર નથી. કદાચ એવું છે કે આપણે કૃષ્ણની વાણીને યથાર્થરૂપે પામ્યા નથી. આ ચાર જાતિને સમજવા માટે સહેજ ઊંડા ઊતરવું જોઈએ. કૃષ્ણના મનમાં કોઈ જુદો જ અર્થ હોવો જોઈએ, કારણ કે ભગવાન ભેદ ન પાડે. મારી એવી સમજણ છે કે જે માણસ જે ક્ષણે પોતાના પિંડમાંથી બહાર નીકળીને બ્રહ્મ સાથે અનુસંધાન સાધે તે ક્ષણે તે બ્રાહ્મણ. ઉમાશંકરની પંક્તિઓ છે :

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ.

જે માણસ રોજીરોટી માટે કાર્ય કરે છે તે વૈશ્ય. જે માણસ અન્યાયની સામે આંખ ઊંચકે છે અને પોતાનો મશાલી અવાજ પ્રગટ કરે છે તે ક્ષત્રિય. અને જે અધમ અને હીન કામ કરે છે તે શૂદ્ર. આમ એક જ વ્યક્તિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર હોય છે અને આ જાતિ જન્મથી નહીં પણ કર્મથી જ ઓળખાય છે.

માણસ આ મૃત્યુલોકમાં આવે છે. મૃત્યુલોક એટલે સુખ વિનાનો પ્રદેશ કે જેમાં બધું જ અનિત્ય છે, કશું કાયમનું નથી. અને આ અનિત્યમાં જો કશુંક સનાતન હોય તો તે ઈશ્વરનો લગાવ, એની ભક્તિ, એનું કીર્તન. લોહીના લયમાં પણ એના જ નામની મુદ્રા. શ્વાસની આવનજાવનમાં પણ એનું જ સનાતન ગુંજન. અને આ હોય પછી કશું બાકી રહેતું નથી. મકરન્દ દવે કહે છે એમ --

વજન કરે તે હારે મનવા
ભજન કરે તે જીતે

ચૌદ ભુવનનો સ્વામી આવે
તુલસીદલની પ્રીતે.

## 10. સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી

આપણે વાતવાતમાં કેટલાક શબ્દો બોલીએ છીએ. વધુ પડતા વપરાશને કારણે શબ્દો એનો મૂળભૂત અર્થ ગુમાવી બેસતા હોય છે. આવાં શબ્દ-જોડકાં વપરાય છે તે વ્યક્તિ અને વિભૂતિ. પ્રત્યેક જણ વ્યક્તિ તો છે, પણ પ્રત્યેક જણ વિભૂતિ નથી. વિભૂતિ થવા માટે અનાસક્ત કર્મયોગ અનિવાર્ય છે. કર્મ ત્યારે યોગ બને કે જ્યારે કર્મ પાછળના સ્વાર્થી હેતુઓ ખરી પડે. જીવનનું, લોક-કલ્યાણ માટે જેને કોઈ વિશિષ્ટ પ્રયોજન હોય એ વિભૂતિ. વિભૂતિ થવા માટે વ્યક્તિનું હોવું અનિવાર્ય છે. આપણી પાસે આ યુગમાં જો કોઈ દાખલો હોય તો તે ગાંધીજી. કૃષ્ણની મજા એ છે કે એ વ્યક્તિના સ્તર પર જીવે છે અને વિભૂતિના શિખર પર બિરાજેલા છે. વ્યક્તિની ભીતર જે વિભૂતિતત્ત્વ છે એનો

પરિચય કૃષ્ણ પોતાના પરમ મિત્ર અર્જુનને કરાવે છે, કહો કે પ્રતીતિ કરાવે છે. પહેલા અધ્યાયનો અર્જુન દલીલોમાંથી ઊંચો નથી આવતો. એ કૃષ્ણને સાંભળે છે ખરો પણ પૂરેપૂરા સમજતો નથી. ક્રમશઃ અર્જુન સ્વીકૃતિની ભૂમિકા પર તૈયાર થાય છે ત્યારે કૃષ્ણ એને ફરીફરીને વાત કરે છે. જેમ કુપાત્રને દાન ન થાય તેમ ગમે તેને વાત ન કહેવાય. કૃષ્ણ અર્જુનનું પ્રિય પાત્ર પણ છે અને એનામાં પાત્રતા પણ છે. કૃષ્ણ કહે છે કે મારી ઉત્પત્તિને કોઈ જાણતું નથી. ન દેવો કે મહર્ષિઓ. ભલે દેખીતી રીતે કૃષ્ણનો દેવકીને ખોળે જન્મ થયો હોય. ભલે પારધીના તીરે કૃષ્ણ વીંધાયા હોય. પણ આ તો દેહધારી કૃષ્ણની વાત છે. ઈશ્વરનું તત્ત્વ સગુણ પણ હોય છે, નિર્ગુણ પણ હોય છે. એને રૂપ અને આકાર પણ હોય છે અને એ નિરાકાર પણ હોય છે. ખરેખર તો ઈશ્વર અજન્મા છે.

જેનો જન્મ ન હોય એનું મરણ કઈ રીતે હોઈ શકે? એટલે એનો અંત પણ નથી હોતો. એ અનંત છે. જે મરણ પામે છે તે વ્યક્તિત્વ મરણ પામે છે, વિભૂતિતત્વ નહીં. ઈશ્વર થકી જ જગત સર્જાયું છે. જે ઈશ્વરના આ વિભૂતિતત્વને ઓળખે છે અને એની ભક્તિ કરે છે એ નિજાનંદમાં લીન રહે છે. ઈશ્વર સમદૃષ્ટિ આપે છે. ભક્ત પાસે તો એક જ ધ્રુવપંક્તિ હોય છે -- `હું તો તારા નામના સાજ સજું, હું તો તમને ભજું.' કૃષ્ણ આ બધું જ અર્જુનને કહે છે. પણ એને કેટલીક વાત સમજાતી નથી. ઘૂંટડા ગળે ઊતરતા નથી. એ તો ઇચ્છે છે હજુ વધુ ને વધુ પરિચય, વધુ ને વધુ પ્રતીતિ. હવે અર્જુનમાં પ્રશ્ન પૂછવાની પણ ત્રેવડ આવી છે. એ પૂછે છે કે આ વિભૂતિયોગની વાત ફરીફરી કહો -- હું કઈ રીતે તમને પામી શકું? કઈ રીતે તમારું ધ્યાન ધરી શકું? અને આમ પણ ફરીફરીને તમને જોતાં અને સાંભળતાં જીવ ધરાશે નહીં.

કૃષ્ણ કહે છે કે મારી વિભૂતિઓ અસીમ છે, અમાપ છે. વિસ્તારનો કોઈ અંત નથી. હું પ્રાણીમાત્રમાં રહું છું આત્મારૂપે. હું વિષ્ણુ, સૂર્યની તેજસ્વી જ્યોતિ, પવન, નક્ષત્રો, શશી, વેદોમાં સામવેદ, શંકર, કુબેર, પર્વતોમાં મેરુ, સમુદ્ર, એકાક્ષરમાં ઓમ્, વૃક્શોમાં અશ્વત્થ, અશ્વોમાં ઉચ્ચૈ:શ્રવા, ગજેન્દ્રોમાં ઐરાવત, આયુધોમાં વજ્ર, ગાયોમાં કામધેનુ, પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરુડ, શસ્ત્રધારીઓમાં રામ અને નદીઓમાં જાહ્નવી, છંદોમાં ગાયત્રી, સર્વનાશક મૃત્યુ પણ હું અને ઉત્પત્તિનું કારણ પણ હું, જ્ઞાનીઓનું જ્ઞાન અને રહસ્યવાદીઓનું મૌન. આ વિભૂતિઓનો પાર પામી ન શકાય. મે તો માત્ર થોડુંક તને દિશાસૂચન કર્યું. હું જ મારા એકાંશમાંથી આખા વિશ્વને વ્યાપીને ઊભો છું. જો આખી વાતને બરાબર સમજીએ તો જે વ્યક્તિ પોતાની ભીતર વિભૂતિયોગ છે તેને સાધી શકે એ અત્ર તત્ર સર્વત્ર છવાયેલી છે. કીડી અને કુંજરના ભેદ અવગણે છે. નર અને

વાનર વચ્ચે તફાવત આપણે કરીએ છીએ. એ જળમાં છે અને સ્થળમાં છે. એ જનમાં છે, વનમાં છે અને નિર્જનમાં છે. ઈશ્વર વિરાટ કાળમાં પણ છે અને પ્રત્યેક પળમાં પણ છે. એ સૌ સાથે સંકળાયેલો છે અને છતાં મુક્ત છે. ભક્તનો પુરુષાર્થ એક જ છે કે મુક્ત છે તેની સાથે યુક્ત કેવી રીતે થવાય. હૃદયની લગનીથી ઈશ્વરની વિભૂતિ સાથે યુક્ત થવું એ ભક્તનો વિભૂતિયોગ છે. જે માણસ ઈશ્વર સાથે સંયુક્ત થાય છે એ જ સૃષ્ટિના પરમ ઐશ્વર્યને પામી શકે છે. ધરતીની માટીથી માંડીને આકાશના સૂર્ય-ચંદ્ર સાથે એનો વ્યાપક અને ઊંડો સંબંધ છે. જે માણસ કેવળ અંશને વળગશે એ અખિલને કદી નહીં પામી શકે. આપણે જન્મ પહેલાંના કાળને અને મરણ પછીના કાળને ઓળખતા નથી. કૃષ્ણ જેવી વિભૂતિ પાસે અંત વિનાના બંને છેડા છે. આપણે કોઈની આંગળી પકડીને નામ પૂરતી જ ઓળખાણની ગલીકૂંચીઓમાં અટવાઈ જઈએ છીએ. ઓળખાણ, પરિચય,

આત્મીયતા અને પ્રતીતિ આ ચાર વસ્તુ મહત્ત્વની છે. વ્યક્તિને જ્યારે ઈશ્વરની ઊંડી અનુભૂતિ થાય ત્યારે તેને પ્રતીતિ કહેવાય. કૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ છે. એ સમષ્ટિમાં છવાયેલા છે. સમષ્ટિ પર એનો ભાવ અને પ્રભાવ છે. આપણામાં રહેલો અર્જુન જો તત્પર અને તૈયાર હોય તો કૃષ્ણ આ દસમા અધ્યાયમાં આપે છે એવી પ્રતીતિ આપણને પણ સાંપડે. કૃષ્ણ અર્જુનને ઊંચા શિખર પર લઈ જવા માટે એક એક પગથિયે આરોહણ કરાવે છે. ગીતાનો એક એક શ્લોક એ અર્જુનના આરોહણનું પગથિયું છે. આ પગથિયે પગથિયે કૃષ્ણ અને અર્જુનનો સંવાદ છે, ડાયલોગ છે, હાર્મની છે; પરસ્પરની આત્મીયતા, શ્રદ્ધા અને ભરોસો છે.

અહીં કૃષ્ણ પોતે જ પોતાના વિવિધ આવિષ્કારોની વાત કરે છે. કૃષ્ણ માત્ર પુરુષોત્તમ નથી. એ પૂર્ણપુરુષોત્તમ છે. આ આખુંયે જગત એમના થકી છે. સર્જન અને સંહાર સાથે; ઉત્પત્તિ, સ્થિતિ અને લય સાથે; સર્જન, સંવર્ધન અને વિસર્જન સાથે પોતે સંકળાયેલા હોવા છતાં અનાદિ અને અનંત છે. જ્ઞાનનો શ્રેષ્ઠ માર્ગ એ સમત્વબુદ્ધિ છે. સમત્વબુદ્ધિ એટલે પ્રત્યેક પ્રત્યે સમદૃષ્ટિ. એમાં વહાલાં અને દવલાંના ભેદ ન હોય. સમદૃષ્ટિ ન હોય તો કરુણાસભર હૃદય ન હોય. ઈશ્વર એટલે જ નરી કરુણા. પાપી અને પુણ્યશાળીના ભેદ તો આપણે પાડ્યા છે. પણ ખરું આત્મજ્ઞાન થાય તો પછી અજ્ઞાન રહેતું નથી. આપણા જ પાપમાંથી આપણી મુક્તિ થાય છે. આપણે સૌથી વધારે ફફડીએ છીએ ભયથી. જે કંઈ આડુંઅવળું કે ખરુંખોટું થતું હોય એમાં આપણો કાચો કે કલ્પિત ભય સંકળાયેલો છે. સત્ય હંમેશાં નિર્ભય હોય છે. જે ભીતિભાવે ઈશ્વરના વિભૂતિતત્ત્વ સાથે

સંકળાય એને પહેલી મુક્તિ પોતે જ પોતાને કારણે ઊભા કરેલા ભયમાંથી મળે છે. `વ્યક્તિમાંથી વિભૂતિ થવું'નો અર્થ આટલો જ કે અસત્યમાંથી સત્ય તરફ જવું, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ જવું, ભયમાંથી અભય તરફ જવું. સમદૃષ્ટિવાળો માણસ કીડીને એડી તળે ચગદી નહીં નાખે અને હાથીને ભાલો ભોકીને હણી નહીં નાખે. એને કોઈ સ્પૃહા સ્પર્શી નહીં શકે. એ રાગદ્વેષ અને મમત્વથી પર હશે. એ બધા સાથે ઊંડી નિસબતથી સંકળાયેલો અને છતાં નિર્મમ અને અલિપ્ત હશે. એના હલનચલનમાં, એની બોલચાલમાં, એનાં વાણી-વર્તનમાં વિવેકબુદ્ધિ અને ઔચિત્યનો એક સંવાદી લય હશે. એ સ્વયંસિદ્ધ અને સંપૂર્ણ હશે. વિભૂતિયોગ એ હવે પછીના અગિયારમા અધ્યાયની એટલે કે, વિશ્વરૂપદર્શનયોગની પશ્ચાદ્ભૂમિકા છે.

# 11. કૃષ્ણે કરાવેલું વિશ્વરૂપદર્શન

ગીતાના દસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના વિભૂતિતત્ત્વનો સઘન અને ગહન પરિચય આપ્યો. બધાંમાં હું છું અને મારામાં બધાં છે એની વાત કરી. જ્યાં જ્યાં નજર પડે ત્યાં પરમાત્માની જ વિભૂતિ છે. જે વ્યક્તિ સમગ્રમાં રહી સમગ્રને અતિક્રમી જાય છે, ઓળંગી જાય છે તે વિભૂતિ છે; અલબત્ત, ખુદ કૃષ્ણ પોતે પણ પોતાના વિભૂતિતત્ત્વની વાત કરે ત્યારે શબ્દ દ્વારા જ વાત કરે. અર્જુન બધું સાંભળે પણ શબ્દથી. વર્ણનથી અર્જુનને તૃપ્તિ થાય છે પણ પરિતૃપ્તિ થતી નથી. આમ પણ ઈશ્વર એ વર્ણનનો વિષય નથી. અર્જુન પ્રેમના અધિકારના નાતે બાળક જેમ માતાપિતા પાસે લાડ કરે એમ એના મિત્ર કૃષ્ણને કહે છે : આ બધું તમારું રહસ્ય સાંભળ્યું. તમે એનું સવિસ્તર વર્ણન કર્યું

એનાથી મારી મૂંઝવણ ટળી છે ખરી પણ હું તો આ બધું -- તમારું દિવ્ય રૂપ નજરોનજર જોવા માગું છું. મને ખબર નથી કે મારાથી એ જોઈ શકાશે કે નહીં. આમ તો તમારી મારા પર કૃપાદૃષ્ટિ છે. મારે તો તમારા અવિનાશી સ્વરૂપનાં દર્શન કરવાં છે. કશું પરોક્ષ નથી જોઈતું. બધું પ્રત્યક્ષ જ જોવું છે. ભક્તમાં જિજ્ઞાસા હોય તો ભગવાન એનો જવાબ આપે છે. હનુમાને છાતી ફાડીને રામને રામનું સ્વરૂપ બતાવ્યું હતું. અહીં જુદું જ બને છે. કૃષ્ણ કહે છે કે મારા રૂપનો, મારા રૂપની અનંત લીલાનો પાર નથી. એ સેંકડો અને હજારોમાં વિસ્તરે છે. મારા દેહમાં આખું સચરાચર છે અને બીજું પણ ઘણું છે. પરંતુ તને તારાં ચર્મચક્ષુથી કશું નહીં દેખાય. આ જોવા માટે દિવ્ય દૃષ્ટિ હોવી જોઈએ. અને એ દિવ્ય દૃષ્ટિ હું તને આપું છું.

માતા યશોદાને બાલકૃષ્ણના મુખમાં સમગ્ર બ્રહ્માંડ દેખાયું હતું. આ વાતને સારવીને ઉશનસે એક સોનેટ લખ્યું, જેની બે પંક્તિઓ આ પ્રમાણે છે :

પ્રથમ શિશુ સૌ ક્હાનો માતા બધી જ યશોમતી
મૃદુલ મલિન મોમાં બ્રહ્માંડ અનંત વિલોકતી.

આપણા સૌનો અનુભવ છે કે જ્યારે આપણે કશુંક અકલ્પ્ય જોઈએ છીએ ત્યારે એક બાજુ વિસ્મયનો ભાવ થાય છે અને બીજી બાજુ ભયનો. આપણે મુંબઈ જેવા શહેરમાં રહીએ છીએ તોપણ જ્યારે ન્યૂયોર્કને જોઈએ ત્યારે વિસ્મય પણ થાય અને આમાં ક્યાંક અટવાઈ જઈશું તો નહીંને એવો ભય પણ થાય. જો સામાન્ય માણસને સામાન્ય સ્થિતિમાં આ થતું હોય તો આખા બ્રહ્માંડનાં દર્શનથી

શું થાય? ગીતાના પહેલા અધ્યાયમાં યુદ્ધસેનાની વચ્ચે ઊભેલા અર્જુનને હું છું અને મારે યોદ્ધા તરીકે આ બધાને હણવાના છે અને આ બધા સ્વજન મારા છે એનો ભય વ્યાપી વળેલો. ત્યારે એણે યુદ્ધ ન કરવા માટે બુદ્ધિના પ્રપંચથી કૃષ્ણ સામે દલીલો કરી હતી. આપણે હોઈએ છીએ એનો પણ ભય હોય છે અને એ ભયમાંથી છૂટવા માટે દલીલોની કંટાળાજનક ગલીઓમાં ઘૂમતા હોઈએ છીએ. જ્યારે અર્જુન વિશ્વરૂપદર્શન કરે છે ત્યારે એને વિસ્મય તો થાય છે પણ આ સમગ્ર બૃહદમાં હું ક્યાં છું એનો પણ ભય એને વળગી રહે છે. અહીંયાં અર્જુન વિસ્મય અને ભયની ભીંસમાં છે. એ શું જુએ છે? અદ્ભુત દૃશ્યો એની નજર સમક્ષ આવે છે. અનેક મુખ, અનેક નેત્રો, દિવ્ય આભૂષણો, દિવ્ય શસ્ત્રો, વ્યાકુળ કરી મૂકે અને શાતા આપે એવી દિવ્ય સુગંધો, હજારો સૂર્યનું તેજ... અર્જુન વિસ્મયથી અહોભાવ અનુભવે છે. કહે છે કે પરમેશ્વર! હું તમારા દેહમાં સમસ્ત દેવગણો,

અનેક જીવો, બ્રહ્મા, ઋષિ, દિવ્ય સર્પો, અનેક બાહુઓ, અનેક ઉદરો જોઉ છું. ચારે બાજુ અનંતરૂપે તમે જ વ્યાપેલા છો. નથી કોઈ આદિ, નથી કોઈ મધ્ય, નથી કોઈ અંત. બધે તમે જ તમે. તમારા મસ્તક પર કિરીટ, હાથમાં ગદાચક્ર, કોઈ અનન્ય દીપ્તિ, સૂર્ય અને અગ્નિ જેવો અગાધ અને અમાપ પ્રકાશ. તમે જ સર્વોત્તમ છો. તમે જ વિશ્વનું આશ્રયસ્થાન છો. તમે જ ધર્મના શાશ્વત સંરક્ષક છો, સનાતન છો. તમારા અનેક બાહુ, ચંદ્ર અને સૂર્ય તમારાં ચક્ષુઓ, તમારું સ્વતેજ, દસે દિશામાં તમે જ, પૃથ્વી અને આકાશ વચ્ચેનું અંતર પણ તમે જ. દેવો, મહર્ષિઓ તમારી સ્તુતિ કરે છે. કેટલાક તમને ભયથી પ્રાર્થી રહ્યા છે. રાક્ષસો અને ગંધર્વો પણ તમને ધારીધારીને જોઈ રહ્યા છે. આ તમારું વિરાટ રૂપ જોયું જોવાતું નથી. હિંમત અને શાંતિ સરી જાય છે. મન બેબાકળું થઈ જાય છે, કારણ કે તમે મોઢું ખોલો છો ત્યારે એ મોઢામાં કાળનો અગ્નિ દેખાય છે. આ બધા જ

તમારા મુખમાં પડ્યે જતા હોય, તમારી અંદર ઓરાતા હોય એ બધાંને હું જોઉ છું. કાલાગ્નિ જેવા તમારા મુખમાં ધૃતરાષ્ટ્ર, અનેક રાજાઓ, દ્રોણ, કર્ણ -- કેટલાય જણ અંદર ને અંદર આવતા જાય છે અને ચવાઈચવાઈને ચૂર્ણ થઈ જઈને બધા તમારા દાંતમાં ચોટી ગયા છે. જે રીતે નદીનો પ્રવાહ સમુદ્રમાં ભળતો જાય એમ આખોય મનુષ્યલોક તમારી અંદર પ્રવેશ કરે છે. જે રીતે અગ્નિની જ્વાળા પાસે પતંગો નષ્ટ થવા માટે જ ધસતા હોય એ રીતે આ બધા જ તમારા કાળમુખ તરફ વળે છે. તમારી લપકતી જીભ આ બધાને ચાટી રહી છે. હું તમને જોઉ છું તોપણ પૂરેપૂરા પામી શકતો નથી. આ દર્શન મને વ્યાકુળ કરે છે. તમારું ભીષણ સ્વરૂપ ભય પમાડે છે. જોયું છતાં માન્યામાં ન આવે એવું આ છે. તો તમને આદ્યપુરુષને હું પૂરેપૂરા પામી શકું એટલા માટે તમે મને તમારા વિશે કંઈ કહો.

વર્ણનથી કળ ન વળી તો અર્જુને દર્શન માગ્યું. દિવ્યચક્ષુથી દર્શન કર્યાં તોય અકળ ઓળખાયો નહીં.

ઈશ્વર હવે પોતાનો પરિચય સ્વમુખે કહે છે. હું કાળ છું. આ જગતમાં કાળ જ એક એવો છે જે સતત વૃદ્ધિ પામે છે. હું અવિનાશી છું પણ વિનાશ કરું છું. કૃષ્ણે બહુ ખૂબીપૂર્વક પોતાનું કાળસ્વરૂપ અર્જુનને બતાવ્યું, કારણ કે કૃષ્ણની ઇચ્છા તો એકમાત્ર એ જ છે કે ન લડવા માટે ઉત્સુક અર્જુનને યુદ્ધમાં કઈ રીતે પ્રેરવો. અર્જુન! બધાનો અંત મારામાં આવે છે. તું ઊઠ, ઊભો થા. ક્ષત્રિય તરીકે તારા સ્વધર્મને જાળવીને યુદ્ધ કર અને યોદ્ધા તરીકે તારી કીર્તિ લણી લે. તું જેમને હણવાનો છે એ સૌને તો મે ક્યારના હણી નાખ્યા છે. તારે તો નિમિત્ત થવાનું છે. તું એમ માને કે તારે આ બધાને હણવાના છે તો એ તારાં જુઠ્ઠાં અહમ્

અને પ્રપંચ છે. દ્રોણ હોય કે ભીષ્મ હોય કે કોઈ પણ હોય -- એ ક્યારના આમ તો હણાઈ ચૂક્યા છે.

ગીતાના પહેલા અધ્યાયમાં યુદ્ધભૂમિ પર અર્જુનને પરસેવો વળ્યો હતો. અહીં પણ એ ધ્રૂજે છે. એનો કંઠ ડૂમાથી રૂંધાઈ જાય છે અને ઈશ્વરનું દિવ્ય, ભવ્ય, રમ્ય, સૌમ્ય અને રુદ્ર સ્વરૂપ જોઈને અર્જુન ઈશ્વરનું ગુણકીર્તન કરે છે. એને પહેલી વાર ખ્યાલ આવે છે કે આ માત્ર મારો મિત્ર નથી પણ સ્વયં પરમાત્મા છે. અક્ષરબ્રહ્મ છે. આ વિશ્વ એનું નિવાસ છે. બ્રહ્માંડને ઘડનારો પણ આ જ છે. પુરાણપુરુષ છે. વાયુ, યમ, અગ્નિ, ચંદ્ર, વરુણ, બ્રહ્મા -- આ બધા જ એકમાં જ છે. અર્જુનને દુ:ખ એ થાય છે કે મે આવા વિરાટને મિત્ર ગણીને એમને જાણ્યા વિના આજ લગી એનો મહિમા ન કર્યો અને એને કેવે કેવે નામે સંબોધ્યો! હે કૃષ્ણ, હે

યાદવ, હે સખા! મે એની જોડે બોલચાલમાં કેવી છૂટ લીધી? ક્યારેક મશ્કરીમાં અપમાન પણ કર્યાં. હું આજ લગી એમને કેમ ન ઓળખી શક્યો? ત્રણે લોકમાં આમના જેવું અત્યંત પ્રભાવશાળી વિશિષ્ટ બીજું કોણ? જે વરિષ્ઠ ગુરુ છે એને યોગ્ય થઈને હું જીવ્યો નહીં પણ આ કૃષ્ણની ઉદારતા, મહાનતા કેવી! અર્જુન કહે છે કે જેમ મિત્ર મિત્રનો અપરાધ ભૂલી જાય કે પ્રિય વ્યક્તિનો અપરાધ પ્રિયા ભૂલી જાય તેવી રીતે આ કૃષ્ણે મારા અનેક અપરાધો સહ્યા છે. એક રીતે હું ખુશનસીબ છું કે મને આવું દિવ્ય દર્શન મળ્યું. છતાંય મારું મન ગભરાયેલું છે. મે તમારું ભયભીત કરનારું, સંહાર કરનારું સ્વરૂપ જોયું. તમારું તાંડવ જોયું. અર્જુન માનવસહજ રીતે કહે છે કે હે વિશ્વમૂર્તિ! હવે મને તમારું સૌમ્ય સ્વરૂપ જ બતાવો. તમારું લાસ્ય જ બતાવો.

કેવી અદ્ભુત છે બન્નેની મૈત્રી! કૃષ્ણ કહે છે કે તારા વિના આ સ્વરૂપ મે હજુ સુધી કોઈને બતાવ્યું નથી. જ્ઞાનીઓ, દાનીઓ, ઉગ્ર તપ કરનારા તપસ્વીઓ કોઈની પાસે આ સ્વરૂપ કદી પ્રગટ્યું નથી. મારું ભયાનક રૂપ જોઈને તું ભયમુક્ત થઈ જા. પ્રસન્ન ચિત્તથી તું હવે મારું આ રૂપ પણ જોઈ લે. અને કૃષ્ણે પોતાનું સૌમ્ય રૂપ ફરી પાછું પ્રગટ કર્યું. આ સૌમ્ય રૂપ કોઈને સાંપડ્યું નથી. એ એટલું બધું સુલભ નથી તેમ સાવ દુર્લભ પણ નથી. જે કોઈ મારો ભક્ત મારી અનન્ય, અવ્યભિચારિણી ભક્તિ કરે છે તે આ મારા રૂપને જોઈ શકે ને જાણી શકે. ભક્તિ દ્વારા જ એ મારી ભીતર પ્રવેશી શકે. જે માણસ મારા કર્મને મારામાં જ ઓતપ્રોત થઈને, આસક્તિ વિના, ભક્તિથી કરે તેને હું મારી ભીતર પ્રવેશવા દઉ છું અને મારું રૂપ ઉઘાડું છું. જેની વેરવૃત્તિ શમી ગઈ છે અને સૌ પ્રત્યે જેની કરુણા વહી રહી છે એ મનુષ્ય મને અને મારા વિશ્વરૂપદર્શનને પામી શકે છે.

# 12. શ્રદ્ધાની ભૂમિમાં લગનીનું વૃક્ષ

ગીતાનો બારમો અધ્યાય અત્યંત મહત્ત્વનો ગણાય છે. અહીં ભક્તિયોગની વાત છે. રસ્તાઓ અનેક હોય છે પણ પહોંચવાનું તો એક જ ઠેકાણે છે. જ્ઞાનનો રસ્તો, કર્મનો રસ્તો અને ભક્તિનો રસ્તો. સમગ્ર ગીતામાં ખુદ કૃષ્ણનો પક્ષપાત પણ ભક્તિ તરફનો છે. જ્ઞાન અને કર્મમાં યત્ન, પ્રયત્ન અને અંતે સાધના પ્રાપ્ત થઈ શકે. જ્યાં સુધી સાધના પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાન હોય પણ યોગ ન હોય, કર્મ હોય પણ યોગ ન હોય. જ્ઞાન અને કર્મને મુકાબલે ભક્તિ સહજ છે. જ્ઞાન અને કર્મનું તેજ અલગ હોઈ શકે. પણ ભક્તિની આભા કોઈ જુદી છે. ભક્ત પાસે અનિવાર્ય છે ભીનું હૃદય. ભક્તિમાં જળતત્ત્વ વિશેષ છે. જ્ઞાન અને કર્મમાં પૃથ્વીતત્ત્વ વિશેષ છે. ભક્તિ દુર્લભ છે. પણ એક વાર ભક્તિ પ્રાપ્ત

થઈ પછી બીજું બધું એને અનુસરતું આવે. નરસિંહે ગાયું, `ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે.' ભક્તિની વ્યાખ્યા આપવાનો કોઈ અર્થ નથી. પણ ભક્તિના ઉદાહરણરૂપે મીરાંને જોઈ શકાય. મીરાંની એકનિષ્ઠા, એનું કૃષ્ણ સાથેનું સાતત્ય અને એ સાતત્યને કારણે અને પરિણામે કૃષ્ણ સાથેનું સાયુજ્ય મેવાડની મીરાંનું વૃંદાવનની મીરાંમાં  રૂપાંતર કરી શકે છે. કૃષ્ણે વિશ્વરૂપદર્શન કરાવ્યું પણ હજી અર્જુનની જિજ્ઞાસા પૂરેપૂરી શમી નથી. કેટલીક વાર ખુલાસાઓને કારણે નવા ને નવા પ્રશ્નો ઉદ્ભવે છે. અર્જુને કૃષ્ણનું વિભૂતિતત્ત્વ જોયું અને ત્યાર બાદ જોયું એમનું સમગ્ર સ્વરૂપ. અર્જુને સગુણરૂપે કૃષ્ણને જોયા અને નિર્ગુણરૂપે પણ એને જોયા. વ્યક્તિ તરીકે અને વિભૂતિ તરીકે પણ જોયા અને સમષ્ટિરૂપે જોયા. આ બંને સ્વરૂપે જોયા પછી અર્જુન સીધો જ પ્રશ્ન પૂછે છે કે તમારો કયો ભક્ત શ્રેષ્ઠ? તમને વ્યક્તરૂપે ઉપાસે તે કે તમારી અવ્યક્તરૂપે આરાધના કરે તે?

અર્જુન તો નિમિત્ત છે પ્રશ્ન પૂછવામાં. આપણા બધામાં પણ એક અર્જુન બેઠો છે જેને બીજા કોઈ પાસેથી નહીં પણ કૃષ્ણ પાસેથી જ સીધેસીધું સમાધાન જોઈએ છે. જેને પ્રશ્ન થાય છે તેને ઉત્તર મળે છે. આ પ્રશ્ન થવો એ જ મોટી વાત છે. કૃષ્ણ અર્જુનના પ્રશ્નનો જવાબ આપે છે.

ગીતાનો બારમો અધ્યાય નાનો છે પણ એ નાના અધ્યાયમાં ભક્તિની મહાન વાત કહેવાઈ છે. પહેલાં તો આપણું મન લાગવું જોઈએ. કૃષ્ણની લગન હોવી જોઈએ. કૃષ્ણ સિવાય કોઈ પણ ન હોય. પણ માત્ર મન લાગે એ પૂરતું નથી. મૂળભૂત શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાની ભૂમિમાં જો લગનીનું વૃક્ષ રોપાયું હોય તો જ એ આપમેળે, સહજપણે વૃદ્ધિ, વિકાસ અને સમૃદ્ધિ પામે. શ્રદ્ધા ન હોય અને કેવળ લગની હોય તો એ વાત ફ્લાવરવાઝમાં વૃક્ષ રોપવા જેવી થાય. અર્જુનનો

પ્રશ્ન વિકટ છે. કોઈને એમ પૂછીએ કે તમારી બંને આંખો છે એમાંથી કઈ આંખ પ્રિય છે? તો તે એનો શો જવાબ આપે? કૃષ્ણને તો નિર્ગુણ ભક્તિ કરનારા પણ પ્રિય છે, કારણ કે નિર્ગુણ હોય તોપણ એ ભક્તિ છે. નિર્ગુણ ભક્તિનો માર્ગ સગુણ ભક્તિ કરતાં કઠિન છે. આપણે એ પણ જોયું છે કે જરાક ધ્યાન કરવા બેસીએ અને તમામ ઇન્દ્રિયો પર આપણો અંકુશ મૂકવાનો પ્રયત્ન કરીએ ત્યારે પ્રારંભમાં તો વિચારો તીડનાં ટોળાંની જેમ ઊમટે. આ વિચારો પણ એમ ને એમ નથી આવતા. ઇન્દ્રિયનું  માલિક મન છે. મનને એમ થાય કે જો ઇન્દ્રિયનો નિગ્રહ થશે તો મારું માલિકપણું નષ્ટ થશે. એટલે મન જંપે નહીં અને જંપવા દે નહીં. ઇન્દ્રિયનું આખું સરકસ ચલાવનાર જો કોઈ હોય તો તે આ મન છે. મનને પોતાનો ખેલ ખતમ થાય એમાં રસ નથી. પણ જેમ જેમ મનની લગામ શિથિલ થઈ જાય, ઇન્દ્રિયો એના તાબામાં ન રહે તેમ તેમ વિચારોનું આક્રમણ ઓછું થાય

અને રડ્યાખડ્યા એકાદ બે વિચાર આવતા હોય, તો એ વિચાર જાણે કે આપણા નથી એમ એને સાક્ષીભાવે જોઈએ તો ધીમે ધીમે વિચારો પણ ખસી જશે અને એક શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થશે. દેહધારી માટે અવ્યક્તની આરાધના કરવી એ ભારે કપરું કામ છે, કારણ કે પ્રારંભમાં મન અને ઇન્દ્રિયની જે ખેંચતાણ થાય છે એને કારણે ભલભલા ગોથાં ખાઈ જાય છે અને છતાંય એવા વિરલાઓ છે કે જે મારામાં ઓતપ્રોત થઈને, પોતાના અહમ્-ને ભૂંસી નાખીને અનન્યભાવથી સર્વ કર્મોને મને સમર્પણ કરી કેવળ મારું જ ધ્યાન ધરતા હોય. એવા મારા ભક્તોનો હું આ મૃત્યુસંસારના સાગરથી તરત જ ઉદ્ધાર કરું છું. આવા જીવનો ઉદ્ધાર કરવાની જવાબદારી મારી છે, કારણ કે એ જે કંઈ કરે છે તે બધું મને જ સોપીને કરતા હોય છે. એમનામાં `હું કરું હું કરું'નો ભાવ નથી. જે માણસ પોતાની બુદ્ધિ, પોતાનું મન મારામાં મૂકી દે છે એ કદીય મારી બહાર રહેતો નથી; અલબત્ત,

ચંચળ મનને સ્થિર કરવું સહેલું નથી. હવાને પીંજરામાં પૂરવા જેવી વાત છે. પણ કેટલાક લોકો ધ્યાનથી, તપથી, અભ્યાસ અને મહાવરાથી આ અવસ્થા સિદ્ધ કરી શકે છે. પણ બધાને માટે આ અવસ્થા સિદ્ધ કરવી એ સહેલું નથી. કર્મ કરવું અને કર્મના ફળ પ્રત્યે ઉદાસીન રહેવું એ ઘણું મુશ્કેલ છે. ગમે એટલો અભ્યાસ કે મહાવરો હોય પણ આ પંથ વિકટ છે. કૃષ્ણ ઘૂંટીઘૂંટીને એક વાત કહે છે કે અભ્યાસ ગમે એટલો મહત્ત્વનો હોય તોપણ એનાથી જ્ઞાન ચડિયાતું છે. જ્ઞાન કરતાં ધ્યાન ચડિયાતું છે. જ્ઞાન અને ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ ચડિયાતો છે. જે માણસ કર્મના ફળનો ત્યાગ કરી શકે છે એને શાંતિ મળે છે. અંડરલાઇન કરીને કહેવા જેવી વાત તો આ છે કે કર્મના ફળનો ત્યાગ, કર્મનો નહીં, કર્મફળની આસક્તિનો ત્યાગ. ગાંધીજી એટલે જ ગીતાને અનાસક્તિયોગ તરીકે ઓળખાવે છે. જે માણસ કર્મ પ્રત્યે પ્રવૃત્ત રહે છે, પણ કર્મફળ વિશે નિવૃત્ત છે એને શાંતિ

મળે છે. શાંત માણસ અંદરથી સુરીલો હોય છે. જેને કર્મફળની લોલુપતા છે એની પાસે અજંપો, બેચેની, થાક, વિષાદ હોય છે. એ ભીતરથી બસૂરો છે. શાંત માણસ સંવાદી છે. એ કોઈને ધિક્કારતો નથી. કરુણાથી હર્યોભર્યો છે. બધાંમાં મિત્રને જ જુએ છે. ક્ષમા એની ગળથૂથીમાં જ છે. એ દયાળુ છે, માયાળુ છે, પણ મમત્વ અને અહંકારથી મુક્ત છે. જીવનને એ સુખદુ:ખનાં ખાનાંમાં વહેંચતો નથી. સુખ અને દુ:ખ પ્રત્યે એ સમદૃષ્ટિ છે, સંતોષી છે. પોતાના વલોણાથી પોતાને વલોવ્યા કરતો નથી. ચિત્ત એના વશમાં છે. એને કારણે એ વ્યાકુળ કે વિવશ નથી. દૃઢનિશ્ચય છે. કર્મયોગી છે પણ નિષ્કામ છે. કર્મ પણ સમર્પણ માટે છે. મન અને બુદ્ધિ એણે જગતના માલિકને સોપ્યાં છે. આવા નિર્ગુણ નિરાકાર ભક્તો પણ ભગવાનને પ્રિય છે. અને ભગવાનને પ્રિય છે -- સવિશેષ પ્રિય છે સગુણની આરાધના કરતા ભક્તો. આવા સગુણ ભક્તોનો સંતાપ લોકોને નથી

હોતો. અને લોકનો સંતાપ ભગતને નથી હોતો. નિરંજન ભગત કહે છે એમ જગતનો અને ભગતનો ઝઘડો તો સનાતન છે. પણ જગતથી નરસિંહ મહેતા કે મીરાં; પીડા કે યાતના ભોગવીને પણ ભક્તિમાંથી ચલિત નહોતાં થયાં. એમની ભક્તિ અચળ હતી. એમને કશાનું બંધન નહોતું. હર્ષ, ભય, ક્રોધ અને વ્યગ્રતાથી એ બધાં મુક્ત હતાં. ઈશ્વર સિવાય એમને કોઈની અપેક્ષા નહોતી. પવિત્ર હતાં અને સાવધાન રહ્યાં. સ્વસ્થ અને તટસ્થ હતાં. કર્મમાત્રનો પરિત્યાગ કર્યો હતો. કોઈને ધિક્કારતાં નહોતાં. ક્યાંય કોઈ ભેદભાવ નહોતો. કશાનો શોક નહીં અને કોઈ આકાંક્ષા નહીં. શુભ અને અશુભના હાંસીપાત્ર હાંસિયાઓમાં જે જીવે નહીં એવા ભક્તિશીલ મનુષ્યો ઈશ્વરને સદા પ્રિય છે. માન-અપમાન, શત્રુ-મિત્ર, ટાઢ-તાપ, દુ:ખ-સુખ, આસક્તિ વિનાના, નિંદાસ્તુતિથી પર અને મૌનવ્રતી ભક્તો -- અનાયાસે જે સદા સંતુષ્ટ રહે, જેમને ઘરબારનો મોહ ન હોય, જેમની બુદ્ધિ સ્થિર

હોય, જે ઈશ્વરપરાયણ હોય, શ્રદ્ધાળુ હોય -- આવા ભક્તો ઈશ્વરના અત્યંત પ્રિય પાત્ર હોય છે.

બારમા અધ્યાયમાં ગીતામાં જે સગુણ-નિર્ગુણ ભક્તોનું વર્ણન છે એ વર્ણન આપણને નરસિંહ મહેતાએ વૈષ્ણવજન પદમાં આપ્યું છે, કહો કે સમગ્ર ભગવદ્ગીતાનો નિચોડ વૈષ્ણવજનમાં છે.

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ-શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ જેણે માર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.

# 13. ઈશ્વરની સાક્ષીએ અને જગતના સંદર્ભમાં

ગીતાના તેરમા અધ્યાયનો પ્રારંભ ખૂબ જ વિશિષ્ટ છે. ગીતાના પહેલા અધ્યાયમાં પહેલા શ્લોકના પહેલા બે શબ્દો, એ પણ આના સંદર્ભમાં જોવા જેવા છે. આ પહેલા બે શબ્દો તે ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર. અંગ્રેજીમાં તે શબ્દો છે ફીલ્ડ અને બેટલફીલ્ડ. આ આપણું શરીર એ ધર્મનું ક્ષેત્ર પણ છે અને આપણે જ આપણી યુદ્ધભૂમિ, આપણું કુરુક્ષેત્ર છીએ. કૃષ્ણ હવે કહે છે કે આપણું શરીર એક ક્ષેત્ર છે. ક્ષેત્રનો અર્થ ખેતર થાય. આ શરીરની ભીતર જે પરમાત્મા છે એ ક્ષેત્રજ્ઞ છે. અહીં ક્ષેત્રજ્ઞનો અર્થ કેવળ શરીરને જાણનારો નહીં પણ આપણા સૌના શરીરમાં વસેલો આત્મા -- પરમ આત્મા -- પરમાત્મા. કૃષ્ણ ક્રમશઃ પોતાના પ્રિય મિત્રને પોતાનો ઊંડો પરિચય આપે છે. સામાન્ય રીતે માણસો પાસે --

અંગત મિત્રો પાસે પણ સપાટી પરના જ પરિચય હોય છે. કૃષ્ણ પોતાને તમામ ક્ષેત્રના ક્ષેત્રજ્ઞ તરીકે ઓળખાવે છે અને એ સ્વયં જ્ઞાન છે. આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ વિશે ઘણું કહેવાયું છે. વેદોમાં, બ્રહ્મસૂત્રોમાં ઋષિઓએ પણ આના વિશે માંડીને વાત કરી છે. આપણા શરીરમાં અનેક વિકારો હોય છે. પણ બધા વિશે કૃષ્ણ નથી કહેતા. સંક્ષેપમાં જે કહેવાનું છે તે જ કહે છે. આપણા શરીરમાં એકત્રીસ વિકારો છે. મૂળ તો આપણું શરીર પંચતત્ત્વથી બનેલું છે -- અગ્નિ, જળ, પૃથ્વી, વાયુ અને આકાશ. અહંકાર, બુદ્ધિ, પ્રકૃતિ, દશ ઇન્દ્રિયો, મન, પાંચ શબ્દાદિ વિષયો ઇન્દ્રિયોમાં; ઇચ્છા, ધિક્કાર, સુખ, દુ:ખ, ચેતના, ધૃતિ... શરીરમાં -- આ બધું હળેલુંભળેલું હોય, આપણી કેટલીય વૃત્તિઓ આપણાં શરીર અને મન સાથે સંકળાયેલી હોય ત્યારે માણસે પોતાને પામવા માટે અને એ દ્વારા પરમેશ્વરને જાણવા-માણવા માટે કઈ રીતે જીવી જવું જોઈએ એનો સંકેત આપે છે. આપણે

મોટા ભાગના માણસો માન, અપમાન, સ્વમાન ઇત્યાદિના સાચા-ખોટા ખ્યાલથી પીડાતા હોઈએ છીએ અને સામાને પીડતા હોઈએ છીએ. એક વાર કોઈક તરફથી હડહડતું અપમાન લાગ્યું એટલે એના પ્રત્યાઘાતરૂપે આપણે વેર લેવાની વૃત્તિથી સામાનું અપમાન પણ કરતા હોઈએ છીએ. શ્રીધરાણીની એક પંક્તિ યાદ આવે છે : `માન તમારે હાથ ન સોપ્યું, કેમ કરી અપમાનશો?' કોઈકની ઉક્તિ યાદ આવે છે કે, `જે મફતમાં મળે છે એને કોઈ ખરીદી શકતું નથી.' માણસે અ-મન અને અ-માનની ભૂમિકા પર રહેવું જોઈએ. આપણો જ કોઠો અમૃતનો હોય તો કોઈકનું ઝેર સ્પર્શે નહીં. અમાનિત્વની ભૂમિકા એમ ને એમ નથી આવતી, નિર્દંભ થવું જોઈએ. ક્યારેક આપણે આપણને પૂછવા જેવો પ્રશ્ન આ છે : ક્યાં લગી આમ ને આમ આ વહી જશે જિંદગી -- ક્યાં લગી દંભના દોર પર નાચતા નટ અમે, સંતના સ્વાંગમાં શોભતા શઠ અમે. આ બધાનો ક્યાંક તો અંત આવવો

જોઈએ ને? અહિંસા, ઋજુતા, ક્ષમા, શુચિતા, ગુરુસેવા, સ્થિરતા, આત્મસંયમ અને સંસારના કોઈ પણ વિષયનો રાગ નહીં પણ નર્યો વૈરાગ એ જ મહત્ત્વની વસ્તુ છે. માણસનો સાચો પુરુષાર્થ એને ત્યાગી બનાવે છે, પણ ત્યાગની દીક્ષા આત્માને એમ ને એમ પ્રાપ્ત નથી થતી. માણસે અહંકારશૂન્ય થવું જોઈએ. આપણો અહંકાર તો જ્યાં ને ત્યાં ડોકાં કાઢતો હોય અને ગમે ત્યારે ડોકિયાં કરતો હોય તો પછી કોઈ આરોઓવારો નથી. જન્મ-મૃત્યુ, જરા-વ્યાધિના દુ:ખના ચકરાવામાંથી મુક્ત થવું હોય અને મોક્ષ મેળવવો હોય તો કર્મ પ્રત્યે અનાસક્તિ હોવી જોઈએ. ગાંધીજીએ અનાસક્તિની આ વાતને બરાબર પકડી લીધી છે. સંસારમાં રહીને કર્મયોગી સાધુ કેમ થવાય એનું જ્વલંત ઉદાહરણ ગાંધીજી છે. નાનામાં નાના કામમાં પૂરા લિપ્ત. પણ આમ જુઓ તો તદ્દન અલિપ્ત. ઇન્વોલ્વમેન્ટ અને ઇવોલ્વમેન્ટ એકસાથે. જે બધું જ પામી ગયો છે એ જીવ ઇષ્ટ

કે અનિષ્ટ હોય, સાનુકૂળ કે પ્રતિકૂળ હોય પણ એ સમત્વ ધારણ કરીને બેઠો છે. ચિત્તની આ ભૂમિકા વિરલ છે. હરખનો કેફ નહીં અને મુશ્કેલીમાં રોદણાં નહીં. કોઈ પણ પરિસ્થિતિ હોય એનું મન તો ભક્તિમાં એકાગ્ર હોય, અચળ અને અવિચળ હોય. આને જ ઈશ્વર સાથેનો યોગ કહેવાય. એ લોકોના ટોળામાં ટોળું થઈ જતો નથી અને પોતાના એકાંતનું જતન કરતો હોય. સતનું સાતત્ય હોય એને સંત કહેવાય, અધ્યાત્મજ્ઞાની કહેવાય. આના સિવાયનું જે કંઈ અવળું હોય એ અજ્ઞાન જ છે. એક એવી પણ અવસ્થા આવે છે કે જ્યારે માણસ સત અને અસતથી પણ પર થઈ જાય છે. જેનો દિવ્ય અવતાર છે એના હાથ અને પગ સર્વ દિશાઓમાં હોય છે. સર્વ દિશાઓમાં હોય છે એનાં નેત્ર અને કાન. એ સર્વતોમુખી કહેવાય છે. એ એકાંગી નથી પણ સર્વાંગી છે. એને દેહ છે છતાંય વિદેહી છે. ઇન્દ્રિય છે અને છતાંય એની ઇન્દ્રિયો નથી. સંગમાં પણ એ નિસંગનો

અનુભવ કરે છે. એ ત્રણેય ગુણો હોવા છતાં નિર્ગુણ છે. એ બધામાં છે અને બધાની બહાર પણ છે. એ સ્થાવર અને જંગમ બંને છે. એ સૂક્ષ્મ છે અને ખૂબ દૂર હોવા છતાંય નજીક છે. એ પોતે અવિભક્ત છે અને છતાંય એ વિભક્ત હોય એવી રીતે એનો આવિષ્કાર છે. એ બધાનું જ ધારણપોષણ કરે છે. એ સ્વયં જ્યોતિ છે અથવા જ્યોતિનીયે જ્યોતિ છે. અંધકારની પર અને પાર છે. મારા ભક્તો મારા રૂપમાં એનો સાક્ષાત્કાર કરી શકે છે. આ બધા વિકારો ને ગુણો પ્રગટે છે પ્રકૃતિમાંથી. આ પ્રકૃતિને કારણે એના જન્મમરણના ફેરા છે. પણ જે માણસ જીવ અને પ્રકૃતિને બરાબર ઓળખી જાય છે અને પોતાની બહાર નહીં પણ પોતાની ભીતર જ પરમાત્માને જે પામી શકે છે એ અનન્ય છે. કોઈ ધ્યાનથી પામે છે, કોઈ જ્ઞાનથી પામે છે, કોઈ કર્મયોગથી, કોઈ નર્યા ભક્તિભાવથી, કોઈ ગુરુ પ્રત્યેની શ્રદ્ધાથી આ સંસાર તરી જાય છે. એ સમજે છે કે બધું જ નાશવંત

છે, વિનાશી છે. અવિનાશી એક ઈશ્વર જ છે. આવો માણસ પળે પળે અને સ્થળે સ્થળે ઈશ્વરને જ જોતો હોય છે. અહીં ઈશાવાસ્યમ્ ઇદં સર્વમ્-નો ખ્યાલ આવે છે. ઈશ્વર દેહમાં વસે છે અને છતાંય અવિનાશી છે, કારણ કે એ અનાદિ અને નિર્ગુણ છે. આકાશમાં વાદળાંઓ હોય છે, પણ વાદળાંથી આકાશ લિપ્ત થતું નથી. આંખમાં આવે એટલું જ આકાશ નથી. આકાશ તો વ્યાપ્ત છે. એક સૂર્ય જેમ આકાશને અજવાળી શકે છે તેમ ક્ષેત્રજ્ઞ-પરમાત્મા સર્વત્ર ઉજાસ પાથરી શકે છે. જેની પાસે આ જ્ઞાનદૃષ્ટિ હોય તે જ ઈશ્વરના સાચા સ્વરૂપને પામી શકે.

એક રીતે જોઈએ તો કૃષ્ણ અનેક રૂપે અનેક રીતે જુદી જુદી દૃષ્ટિથી અર્જુનને પોતાનો સતત પરિચય આપે છે. પહેલા અધ્યાયમાં અર્જુનને અર્જુનનો પરિચય આપે છે. અર્જુન યુદ્ધ ન કરવાની જે વાત કરે છે એમાં એનો નિમિત્ત

વિનાનો અહંકાર, એનું મમત્વ અને અર્જુનની અર્જુન વિશેની જે ભ્રમણાઓ છે એને કૃષ્ણ દૂર કરે છે. યુદ્ધભૂમિનો અર્જુન એ ધુમ્મસમાં ઢંકાયેલા વૃક્ષ જેવો છે. કૃષ્ણ એને કિરણે કિરણે ઉઘાડે છે. એનાં જ ડાળ, પાંદડાં, ફૂલ અને ફળની ઓળખાણ આપે છે. યુદ્ધભૂમિમાં રહેલો અર્જુન એક છે જે દલીલોથી પ્રપંચ કર્યા કરે છે. માણસે આત્મવંચના ન કરવાની હોય. સમગ્ર બ્રહ્માંડના સંદર્ભમાં અર્જુન ક્યાં છે એનો પણ કૃષ્ણ વિશ્વરૂપદર્શનને નિમિત્તે પરિચય આપે છે. કૃષ્ણ પોતાની વાત કહે છે પણ એ વાતનો હેતુ એ છે કે ઈશ્વરની સાક્ષીએ જગતના સંદર્ભમાં પહેલાં તું તને પામ. અને આમ પામવાના અનેક રસ્તાઓ કૃષ્ણ ચીંધે છે.

# 14. `ત્રણે ગુણોની તરવેણી રે'

કૃષ્ણની અર્જુનને સમજાવવાની રીત વિશિષ્ટ છે. જૈનોમાં એક વાદને સ્યાદ્વાદ કહે છે. આ વાદ એટલે કોઈ પણ વસ્તુને કે પરિસ્થિતિને એક ખૂણેથી નહીં પણ ચારે બાજુથી જોવી. એક જ ખૂણેથી જોઈએ તો જે દેખાય તે એટલા પૂરતું સાચું હોય પણ સંપૂર્ણ ન હોય. એકાંગી હોય પણ સર્વાંગી ન હોય. આંશિક હોય પણ સમગ્ર ન હોય. કૃષ્ણ આરંભમાં અર્જુનની વૈયક્તિક, હતાશ મનોદશાને ખંખેરવાનો પ્રયત્ન કરે છે. અર્જુનના મનમાં બાઝેલાં કરોળિયાનાં અનેક જાળાંઓને ખેરવવાનો પુરુષાર્થ કરે છે, પણ કોઈ પણ વ્યક્તિનો વિચાર કેવળ વ્યક્તિ તરીકે ન કરાય. વ્યક્તિએ પોતે પણ પોતાને સમષ્ટિના સંદર્ભમાં જોવી જોઈએ. આપણી ગમે એવી અંગત સૃષ્ટિ હોય પણ એ સૃષ્ટિના લયતાલ સમસ્ત

સૃષ્ટિના લયતાલ સાથે મળે છે ખરા કે નહીં? આમ કૃષ્ણ  વ્યાપકપણે અને ઊંડાણથી પાત્રને અને પરિસ્થિતિને ચારે બાજુથી તપાસે છે, તલાશે છે. એક પછી એક પડ ઉખેડતા જાય છે અને મૂળના ગર્ભમાં શું રહ્યું છે એ સમજાવવાનો પ્રયત્ન કરે છે. આ જગતમાં બહુ કઠિન છે આપણું સમજેલું કોઈકને સમજાવવાનું. સામા માણસની પાત્રતા ન હોય ત્યાં સુધી ગમે એટલી મથામણ કરો, કોઈને ક્યાંય કશું પહોંચતું નથી. અર્જુન નસીબદાર જીવ છે. એની પાસે કૃષ્ણની સ્વયંભૂ પ્રીતિ છે અને એ પ્રીતિને કારણે પાત્રતા છે.

ગીતાના ચૌદમા અધ્યાયનું નામ છે ગુણત્રયવિભાગયોગ. જાણીતી વાત છે કે સગુણ સૃષ્ટિમાં ત્રણ ગુણોની ઓછેવત્તે અંશે આણ પ્રવર્તે છે. આ ત્રણ ગુણો એટલે સત્ત્વ, રજસ અને તમસ. જુદા સંદર્ભમાં બાલમુકુન્દ દવેની પંક્તિ યાદ

આવે છે : `ત્રણે ગુણોની તરવેણી રે રૂપ, રંગ ને વાસ; તોય ભ્રમર ન આવે પાસ.' આ રૂપ, રંગ, ગંધ અને સ્વયં ભમરો પણ આપણી ઇન્દ્રિયો સાથે સંકળાયેલાં તત્ત્વો છે.

કૃષ્ણ પુનરાવર્તન કરે છે એ વાતથી સહેજ પણ અજાણ્યા નથી. કહે છે કે જ્ઞાન ઉત્તમ છે અને જે જ્ઞાનીઓ છે એ જ્ઞાનને આશ્રયે જ મારી સરૂપતાને પામી જાય છે. પણ જ્ઞાનની પરાકાષ્ઠા જેને પ્રાપ્ત થઈ હોય તે અજન્મા અને અવિનાશી છે. આપણે સૌ જાણીએ છીએ કે કૃષ્ણ પુરુષ છે, પણ એ લિંગભેદથી પર છે. એ સ્રૈણ થયા વિના સ્રીત્વ જાળવી શકે છે અને હિંસક થયા વિના પુરુષત્વ સાચવી શકે છે. કૃષ્ણ એટલે સ્વયં પ્રકૃતિ અને પુરુષ. પ્રકૃતિની યોનિમાં ગર્ભ મુકાય છે. આમ પ્રત્યેક યોનિના ગર્ભધારણ માટે યોનિતત્ત્વ પણ છે અને

ગર્ભમાં બીજને રોપતું પિતાતત્ત્વ છે. કહેવું હોય તો કહી શકાય કે કૃષ્ણ એટલે આદિપ્રકૃતિ, આદિપુરુષ. આ પ્રકૃતિને કારણે જ ત્રણ તત્ત્વો વિકસે છે, વિલસે છે. આ ત્રણેય તત્ત્વો આપણા દેહ સાથે સંકળાયેલાં છે અને આપણો દેહ મન સાથે સંકળાયેલો છે. આ ત્રણે તત્ત્વો એકસાથે પણ હોય, અલગ પણ હોય, સામસામી મારામારી પણ કરતાં હોય, એમાં ખેંચતાણ પણ હોય, એમાં કોઈકની હારજીત પણ હોય. અને આપણાં સુખ અને દુ:ખનું કારણ આ ત્રણ તત્ત્વો છે. અમેરિકાના કવિ વોલ્ટ વ્હીટમેને લખ્યું : ડૂ આઈ કોન્ટ્રાડિક્ટ માઇસેલ્ફ? વેરી વેલ ધેન આઈ કોન્ટ્રાડિક્ટ માઈસેલ્ફ, (આઈ એમ લાર્જ, આઈ કન્ટેઇન મલ્ટિટ્યૂડ્સ.) મારી અંદર એક વોલ્ટ વ્હીટમેન નથી, અનેક વોલ્ટ વ્હીટમેન છે. આમ તો હું એક છું. પણ સત્ત્વ, રજસ અને તમસને કારણે વિભાજાયેલો છું, વિભક્ત છું. કહેવાય છે કે જન્મ પહેલાં માણસનો એક ચહેરો હોય છે. મૃત્યુ પછી પણ ક્યાંક માણસનો

ચહેરો છે. પણ જન્મ અને મૃત્યુની વચ્ચે એના અનેક ચહેરા-મહોરાઓ હોય છે. અસલ ચહેરો માણસને પોતાને પણ ખબર ન પડે એમ અકળપણે ઓગળી જતો હોય છે. કોઈ વિભૂતિ જ પોતાના અસલ ચહેરાને સાચવી શકે છે.

આ સંસાર સવિશેષ રજસનો અને તમસનો છે. પ્રત્યેક માણસની પોતાની પણ અન્ડરવર્લ્ડ હોય છે, ત્યાં તમસ તલવાર લઈને ઘૂમતો હોય છે. મોટા ભાગના સંસારી માણસો રજસમાં આળોટે છે. સંસાર એટલે જ મારું-તારું, અહમ્ નો આવિષ્કાર, આસક્તિ અને તૃષ્ણાની હણહણાટી, સ્પર્ધા, કરી બતાવવાની અને દેખાડી બતાવવાની અહમ્ પ્રેરિત હોંશ. દરેક કાર્યના મૂળમાં કોઈ અંગત સ્વાર્થી કારણ, લોભલાલચ કામ કરે પણ સહેજે નિષ્કામ નહીં. તામસી પ્રકૃતિના માણસો માણસ હોય પણ પાશવી, અજ્ઞાની જીવન જીવે. નિદ્રા અને આળસમાં

પડ્યા રહે. તમોગુણીને જ્ઞાન સાથે કાંઈ લેવાદેવા નહીં. એ લોકો પોતાની અંદરની અંધારી આલમમાં અટવાયા કરે. જે સાત્ત્વિક માણસ છે એ તમોગુણના અજગરના ભરડામાં આવતા નથી અને રજોગુણનું નાગદમન કરી શકે છે. સાત્ત્વિક માણસને ઇન્દ્રિયના દરવાજા સાથે કાંઈ સંબંધ નથી. નથી હોતી એનામાં તૃષ્ણા કે બેચેની. રજોગુણી તો તૃષ્ણા, અશાંતિ, પ્રવૃત્તિ અને લોભથી જ જીવે છે. એને લેવાદેવા છે દૈહિક અને ઐહિક લાભ સાથે. વર મરો કન્યા મરો, પણ એનું તરભાણું ભરાય ત્યાં સુધી એનાથી થાય એ બધું જ કરી લે. જે માણસ સાત્ત્વિક છે એ જો દેહ છોડે તો એ મરણ પછી જ્ઞાનલોકમાં પ્રવેશ પામે છે. રજોગુણીઓ ફરી પાછા સકામ કર્મસંગીઓ વચ્ચે જન્મે છે અને તામસી માણસો ફરી પાછા એની એ જ મૂઢ યોનિમાં અટવાયા કરે છે.

જે બીજ વાવ્યું હોય એનું ફળ મળે. સાત્ત્વિકને પુણ્ય મળે, રજોગુણીને અંતે દુ:ખ અને તામસીને અજ્ઞાન. સાત્ત્વિક પાસે જ્ઞાન હોય છે, રજોગુણીઓ પાસે લોભ હોય છે અને તમોગુણથી પીડાતા માણસ પાસે પ્રમાદ અને મોહ હોય છે. અહીં પણ એક ક્રમ છે. સાત્ત્વિકો ઊંચે હોય છે. ધૂમ્રસેરની ગતિની જેમ એમની ગતિ ઊર્ધ્વગામી છે. રજોગુણીઓ અધવચે જ અટવાયેલા હોય છે. મનસુખલાલ ઝવેરીની પંક્તિઓ યાદ આવે છે : `એક આંખે આંસુની ધારા, બીજીએ સ્મિતના ઊડે ફુવારા; બીચમાં બાંધી આંખે પાટા ઓશિયાળી અથડામણ.' પોતાની જ આસક્તિ અને મોહના ઓશિયાળા હોય છે. તામસીઓ તો ઊભા થયા વિના ગંદા કાદવમાં આળોટતા હોય છે.

સાત્વિકતા પણ અંતિમ મંઝિલ નથી. એનાથી પણ ઉપર ઊઠી શકાય. જે સાચો જ્ઞાની છે એ તો છેવટે ત્રણે ગુણોથી પર અને ત્રણે ગુણોની પાર રહેવાનો. આ જન્મમરણનો ચકરાવો, આ લખચોરાશીનો ફેરો આ ત્રણે ગુણોને કારણે છે.

આટલું સાંભળ્યા પછી અર્જુન અધીરો થઈ જાય છે. એની જિજ્ઞાસાને કોઈ અંત નથી. જેટલું જાણી શકાય એટલું એને જાણી લેવું છે. સત્ત્વ, રજસ, તમસની વાત તો એ સમજી શક્યો, પણ આ ત્રણે ગુણોની પાર જતા જે જ્ઞાનીઓ હોય છે એ કોણ અને કેવા? આપણે કયા માણસને કહી શકીએ કે એ ત્રણે ગુણોની પાર ગયો છે?

અહીં કૃષ્ણ ત્રિગુણની પાર રહેલી વિભૂતિનાં જે લક્ષણો કહે છે તે લક્ષણો અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વિશે કોઈ મૂળભૂત ભેદ નથી. આવા માણસો લિપ્ત છતાં અલિપ્ત હોય. પ્રવૃત્તિમય છતાં પ્રવૃત્તિના ફળથી દોષિત કે દૂષિત નહીં. સંસારમાં રહે છતાં સંસાર પ્રત્યે ઉદાસીન. કશાથી ચળે નહીં એવા અવિચળ. વાતવાતમાં વ્યાકુળ કે વિહ્વળ થાય નહીં. ભીતરથી સ્થિર પલાંઠી વાળીને બેઠેલા, સુખ અને દુ:ખ પ્રત્યે સમાન દૃષ્ટિ. સુખથી છકી ન જાય. દુ:ખથી ડૂબી ન મરે. કહો કે એના જીવનકોશમાં આ બે શબ્દો જ નથી. આવા કોઈ વિભાગો નથી. એને બધું જ સરખું છે. માટી હોય કે પથ્થર હોય કે સોનું હોય. નથી એને કોઈ પ્રિય-અપ્રિય. સ્તુતિ અને નિંદાનો એને માટે કોઈ અર્થ નથી. એ પોતામાં જ સમ-અર્થ છે. માન-અપમાનને ગણતા કે ગણકારતા નથી. મિત્ર અને શત્રુ પ્રત્યે પણ સમ-ભાવ હોય છે. એ એકનિષ્ઠ છે, એકાગ્ર છે. ભક્તિના યોગથી જીવથી

સંકળાયેલા છે. એમનો પિંડ બ્રહ્મરૂપ થવા ઝંખે છે. ભક્તિને કારણે પ્રત્યેક ક્ષણનો સત્યથી અને સાતત્યથી શાશ્વતી સાથે સંબંધ બાંધે છે. અને સુખ અને દુ:ખની વિકારી દશાથી સાવ અલગ થઈને આનંદસમાધિમાં જ ડૂબેલા હોય છે.

## 15. આકાશી વૃક્ષની કલ્પના

ગીતાનો પંદરમો અધ્યાય પુરુષોત્તમયોગને નામે પ્રસિદ્ધ છે. કહેવાય છે કે આ અધ્યાય ગીતાની પરાકાષ્ઠા છે, એની ટોચ છે. આમ તો આ અધ્યાય નાનો છે પણ ગીતાની સમગ્ર વિચારધારાનું, અનેક નદીઓ સમુદ્રમાં મળે એમ મિલન થયું છે. ગીતામાં કવિતા શોધનારને કવિતા મળે એવું ઘણું બધું છે. એક ભવ્ય કલ્પન સાથે આ અધ્યાયનો પ્રારંભ થાય છે. અહીં એક એવું વૃક્ષ છે જેનાં મૂળ આકાશમાં છે, જેની શાખાઓ નીચે વિસ્તરી છે, જેનાં પાંદડાંઓ વેદ છે -- એવું આ પીપળાનું અવિનાશી વૃક્ષ છે. આપણે સરળતા ખાતર એને આકાશી વૃક્ષ કહીએ. ધરતી પર જે વૃક્ષો છે -- જે ચેતનસૃષ્ટિ છે એને તો તડકા ખમવા પડતા હોય છે. પણ આ આકાશી વૃક્ષના છાંયામાં ધરતીના જીવને પણ છાંયડો મળી

શકે એમ છે. આ રીતે આ વૃક્ષ અસામાન્ય છે. અલૌકિક છે છતાં એનો લૌકિક સાથે નાતો છે. ગીતા એક રીતે જોઈએ તો વેદો અને ઉપનિષદોનો નિચોડ છે. વેદમાં મંત્રો છે. મંત્રોમાં લય છે. વેદ એટલે લયાન્વિત જ્ઞાન. જે વૃક્ષને જ્ઞાનનાં પાંદડાંઓ લાગ્યાં હોય અને જે વેદની ભાષા ઉકેલી શકે તે જ્ઞાની કહેવાય. આ શાખાઓ ઊંચેનીચે ચારે તરફ ફેલાયેલી છે. આ ફેલાયેલી શાખાઓ એટલે સત્ત્વ, રજસ, તમસના ગુણોની શાખાઓ. વિષયો એની કૂંપળ છે. આ શાખાઓનાં મૂળ મનુષ્યલોકમાં ફેલાય છે. જેનામાં ત્રણે ગુણ હોય એ કોઈ ને કોઈ રીતે સંસારના વિષયોથી રંગાયેલો હોય અને આ બધું જ આપણાં કર્મની સાથે સંકળાયેલું હોય.

આકાશી વૃક્ષ અલૌકિક એટલા માટે છે કે એ ક્યાંય જોવા મળતું નથી. એને કોઈનો આધાર લેવો પડતો નથી. એને આદિ કે અંત નથી. અને છતાંયે

આવું વૃક્ષ અસંગના શસ્ત્રથી છેદીભેદી શકાય છે. અને છેદો તોય કશું થતું નથી, કારણ કે આ વૃક્ષ અવિનાશી છે. એ પ્રકૃતિના પુરુષનું પ્રતીક છે. કોઈ પણ વૃક્ષની કલ્પના કરો. વૃક્ષ અડીખમ રહે છે. એનાં પાંદડાં, ફૂલ ઇત્યાદિ બદલાય છે. આપણો આત્મા પણ આવો જ છે. આપણું શરીર બદલાતું હોય છે. આત્માને કશું થતું નથી. શરીરને વિકારો હોય છે. આત્મા અવિકારી છે. આત્મા શરીરમાં રહે છે અને છતાંયે અલિપ્ત છે. સંસારમાં રહીને એનો સંગ રાખીને પણ અ-સંગ રીતે કઈ રીતે જીવવું એ કળા ધારે તો મનુષ્ય પામી શકે. શરીરના વિકારો મોહ, અહંકાર અને આસક્તિને કારણે છે. જેને મોહ  ન હોય એને કદી દ્રોહનો ભય ન હોય. જે આત્મામાં મગ્ન હોય એની કામનાઓ અને વાસનાઓ આપમેળે શમી જતી હોય છે. જેની વાસના શમે છે એને સુખ ને દુ:ખનો મુકાબલો નથી કરવો પડતો. જે આ જ્ઞાન પામી જાય છે એ લખચોરાશીના ચક્કરમાંથી છૂટી જાય છે.

એ પરમધામમાં અ-ક્ષરધામમાં પહોંચી જાય છે. પછી એને અહીં પાછા આવવાપણું હોતું નથી. આવો જીવ સ્વયંપ્રકાશિત હોય છે. સૂર્ય, ચંદ્ર કે અગ્નિ એને ઉજાળી શકતા નથી. પાંચે ઇન્દ્રિયો અને છઠ્ઠા મનને છોડીને એટલે કે, સ્થૂળ શરીરને છોડીને બીજા આત્માઓ ફરી પાછા ખોળિયાની શોધમાં હોય છે અને એ નવા ખોળિયામાં પણ એ જ ઇન્દ્રિયો અને મનની વૃત્તિઓ લઈને જતા હોય છે. સંસારમાં રચ્યાપચ્યા માણસોની આવી ગતિ હોય છે. એનું શરીર અને એનું મન ફરી પાછું આ ચક્કરમાં પડતું હોય છે. જેને એક વાર જ્ઞાનની દૃષ્ટિ ઊઘડી હોય છે એની પાંચે ઇન્દ્રિયો અને મનને પરહરીને જીવ કાયમ માટે પરમધામમાં પહોંચતો હોય છે. યોગીઓ જે જોઈ શકે છે એ અજ્ઞાનીઓ જોઈ શકતા નથી. સૂર્યનું તેજ વિવિધરૂપે પ્રગટતું હોય છે. એ જ તેજ ચંદ્રમાં હોય છે. એવું જ તેજ અગ્નિમાં હોય છે. આપણા જઠરાગ્નિમાં પણ એક અગ્નિ છે. ઈશ્વર આમ બધાંમાં

જ વ્યાપેલો છે. એ સર્વનાં અંતરમાં છે. જ્ઞાન, સ્મૃતિ અને તર્કમાં છે. ઈશ્વર જ વેદોનો જાણકાર છે અને એ જ વેદાંત રચનાર છે. આ સૃષ્ટિ બે પ્રકારના જીવોથી વહેંચાયેલી છે. એક ક્ષર અને બીજા અ-ક્ષર. પણ આ બેથી ત્રીજો જે પ્રકાર છે તે ખુદ ઈશ્વર. એ અવિનાશી છે. ત્રણેય લોકમાં પ્રસરેલો છે. એ ક્ષર અને અક્ષરથી પર છે અને એટલા માટે જ એ પુરુષોત્તમ છે. કૃષ્ણ આ અધ્યાયને શાસ્ત્ર કહે છે. આ ગુહ્યમાં ગુહ્ય શાસ્ત્ર એમણે ટૂંકાણમાં કહ્યું છે. જે પુરુષોત્તમને જાણે એટલું જ બસ નથી પણ સર્વ ભાવ અને સર્વ ભાવનાથી એને ભજે એ મહત્ત્વનું છે. જાણવું એક વાત છે, ભજવું બીજી વાત છે. જ્ઞાન હોય તો કદાચ એનો અહંકાર પણ હોય. પણ ભક્તિમાં સર્વસમર્પણ છે. જે લોકો માણવામાં જ રચ્યાપચ્યા રહ્યા છે એ લોકો પૂરતું જાણતા નથી. જે લોકો કેવળ જાણે છે એની પાસે જ્ઞાન છે, કદાચ વૈરાગ્યનો ભાવ છે પણ ભક્તિની પાંખ નથી. ભક્ત એ ભગવાન સાથે જોડાયેલો

છે. એટલા માટે તો એ યોગ છે, સહયોગ છે. વિજોગની કોઈ અવસ્થા નથી. ભક્ત એકાગ્ર હોય, તલ્લીન હોય. એ વિભાજિત ન હોય, અવિભાજિત હોય. કોઈકે કહ્યું છે કે જે વિભક્ત ન હોય એ જ ભક્ત.

ઘણાને મતે ગીતાનો પંદરમો અધ્યાય એ અંતિમ ચરણ છે. બાકીના સોળ અને સત્તર અધ્યાય એ સમગ્રનું ટીકા-ટિપ્પણ છે. અઢારમા અધ્યાયમાં સારાંશ છે. એકથી અઢાર અધ્યાયમાં અનેક પુનરાવર્તનો આવે છે. એનાં ઘણાં કારણો હોઈ શકે. મનુષ્યનું મન એટલું બધું ચંચળ છે કે ગીતાની મૂળ વાતને એ પૂરેપૂરી જીરવી ન શકે. નાના બાળકને જેમ આપણે એકનો એક એકડો ઘૂંટાવીએ એમ અહીં એકની એક વાતને ઘૂંટવામાં આવી છે. ગીતા એટલે ગીત. કોઈ પણ ગીતમાં ઉપાડ હોય છે, અંતરા હોય છે. પણ એ અંતરા પછી ધ્રુવપંક્તિ ફરી

પાછી પુનરાવર્તન પામે છે. તો કૃષ્ણને જે કહેવું છે એ ધ્રુવપંક્તિને ફરી ફરી દોહરાવે છે. દેખીતી રીતે કૃષ્ણે ત્રણ માર્ગ ચીધ્યા : જ્ઞાનનો માર્ગ, કર્મનો માર્ગ અને ભક્તિનો માર્ગ. સૌ સૌની શક્તિ-મતિ પ્રમાણે પોતાનો માર્ગ પસંદ કરી લે. જ્ઞાનનો માર્ગ તમને જ્ઞાની બનાવશે. આ જ્ઞાન બહુ બહુ તો તમારું પોતાનું કલ્યાણ કરશે. શક્ય છે કે તમારું જ્ઞાન તમને પૂરેપૂરા સક્રિય ન પણ બનાવે. અને સંસારમાં રહીને અક્રિય તો કેમ રહેવાય! કર્મનો માર્ગ પણ છે. પણ જ્ઞાન વિનાનું કર્મ આંધળું છે. જ્ઞાન હોય તો કર્મનો દોષ ન લાગે. તમે નિમિત્ત થઈને રહી શકો. ફળની સ્પૃહા છોડી શકો. પણ ભક્તિ હિમાલય છે. એમાંથી જ જ્ઞાન અને કર્મની ગંગા વહે. એ સૌને શુદ્ધ અને પરિશુદ્ધ કરે અને એનો પ્રવાહ જાતકલ્યાણથી જગતકલ્યાણ તરફ વળે.

# 16. તું તારો શત્રુ ને બાંધવ

ગીતાનો સોળમો અધ્યાય `દૈવાસુરસંપદ્-વિભાગયોગ' તરીકે ઓળખાય છે. માણસમાત્ર પાસે દૈવી શક્તિ છે અને આસુરી શક્તિ છે. ગાંધીજી અને હિટલર બે અંતિમો છે. દૈવી શક્તિ એ દૈવી સંપત્તિ અને આસુરી શક્તિ એ આસુરી સંપત્તિ. જીવનના બે જ રસ્તા છે : સત્યનો અને અસત્યનો, હિંસા કે અહિંસાનો.

આ સોળમો અધ્યાય એક વાતને દૃઢાવે છે કે ગીતામાં બાહ્ય સંગ્રામ તો નિમિત્ત છે. મૂળ વાત આંતરસંગ્રામની છે. બાહ્ય સંગ્રામ તો એક ખીંટી છે. આપણું જ હૃદય જો સદ્ગુણોનું સંવર્ધન કરતું હોય તો એ ધર્મક્ષેત્ર થઈ શકે અને સત્ય પ્રત્યે ઉદાસીન હોય તો એ કુરુક્ષેત્ર થઈ શકે. યુદ્ધ બહાર છે જ નહીં. આપણી

ભીતર જ ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર છે. આપણે જ આપણા પાંડવો અને કૌરવો છીએ. પાંચ પાંડવો જાણે કે આપણી પાંચ ઇન્દ્રિયો છે. ઉમાશંકરે એમ પણ કહ્યું કે `પાંચ પાંડવો પાંચ આંગળી જેવા છે અને દ્રૌપદી એની મુઠ્ઠી છે.' ગીતાને તો હું હંમેશાં પ્રતીકકાવ્ય તરીકે જ જોઉં છું. કોઈને કદાચ એમ લાગે કે સોળમા અધ્યાયમાં બીજું કશું નથી પણ સદ્ગુણોની અને દુર્ગુણોની યાદી છે. ઉપરછલ્લી રીતે જોઈએ તો એવું કદાચ કોઈને લાગે. પણ એક એક સદ્ગુણ વિશે વિચાર કરીએ તો ખ્યાલ આવે કે ગીતાકાર કેટલી હદે માનવમાત્રના મનને પામી શક્યા છે! એટલું જ નહીં પણ મનની પારને પ્રદેશે પણ કઈ રીતે પહોંચી શકાય એનાં પણ અનેક સૂચનો છે. મૂળ તો મન છે એટલે તો માણસ છે. પણ મોટી મુશ્કેલી આ મનની છે. મનને પોતાને પણ જે અ-મનની ભૂમિકા પર લઈ જઈ શકે છે એ

જ મોક્ષને પામી શકે છે. આ અધ્યાયમાં સદ્ગુણો કોને કહ્યા છે એના તરફ સહેજ મીટ માંડીએ.

પહેલો જ શબ્દ બહુ મહત્ત્વનો છે : અભય. જે માણસ ખરેખર નિર્ભય છે એ માણસ કદીયે પોતાના વૈયક્તિક લાભ માટે તડજોડ કે સમાધાન કરતો નથી. જેવી તમે તડજોડ કે સમાધાન કરો કે તરત જ તમને મેલો રંગ લાગવાનો. પછી તો આ રંગ એટલો પ્રસરે કે સર્વસ્વ એનું જ થઈ જાય. સદ્ગુણો કરતાં હંમેશાં દુર્ગુણો ઝાઝા રહેવાના. પાંડવો માત્ર પાંચ છે, કૌરવો સો છે. પણ જીવનમાં કેવળ સંખ્યાબળ ક્યારેય મહત્ત્વનું હોતું નથી. છેવટે તો તમારી ગુણવત્તા જ મહત્ત્વની હોય છે. અભય, યોગમાં નિષ્ઠા, જ્ઞાન, દાન, ક્ષમા, તપ, અંતઃકરણની શુદ્ધિ, ઇન્દ્રિયનિગ્રહ, અહિંસા, સત્ય, માર્દવ ઇત્યાદિ આપણી દૈવી સંપત્તિ છે. નિર્ભય હોવું

અને છાકટાની જેમ ફરવું એમાં તો બિનજવાબદારી છે. નિર્ભય હોઈએ પણ આપણી પોતાની આપણા કર્મયોગમાં  નિષ્ઠા હોવી જોઈએ. હકીકતમાં આ અનેક ગુણો ગણાવ્યા છે એનો મૂળ આધાર કયો? જો બીજ સારું હોય તો એમાંથી વૃક્ષ ઉત્તમ જ આવે અને એકમાંથી અનેક સદ્ગુણો ફૂલ-પાંદડાંની જેમ પાંગરતા અને પમરતા રહે. મને પોતાને એમ લાગે છે કે અંતઃકરણની શુદ્ધિ એ સૌથી મહત્ત્વની વસ્તુ છે. તમે હૃદયથી સાફ હો, વયમાં ભલે વધતા હો, દુનિયાદારી સાથે ભલે સંકળાયેલા હો અને છતાં બાળક જેવું નિષ્પાપ અને શુદ્ધ અંતઃકરણ સાચવી શકો તો બધા જ સદ્ગુણો આપમેળે અનુસરશે. માણસનો મોટામાં મોટો પુરુષાર્થ પોતાની નિર્દોષતાનું જતન કરવાનો છે. સ-દોષ સંસારમાં નિર્દોષ રહેવું, સંસારને અને એની જટિલતા તથા કુટિલતાને ઓળખવાં અને છતાંયે પોતાની સરળતા ગુમાવવી નહીં અને જલકમલવત્ રહેવું એ કદાચ સૌથી મોટી વાત છે. યાદ છે

ત્યાં સુધી વિનોબા ભાવેએ વિષ્ણુસહસ્રનામમાં આવું કંઈક લખ્યું છે કે, `આપણે તો સંસારના સમુદ્રમાં સીલ કરેલી ગંગાજળની લોટી જેમ રહેવાનું, એવી રીતે કે આપણું અંદરનું જળ બહાર જાય નહીં અને બહારનું જળ અંદર આવે નહીં.'

આપણા જ સદ્ગુણો આપણને પણ ખબર ન પડે એમ દુર્ગુણનું રૂપ લેતા હોય છે ત્યારે આપણામાં રહેલો પાંડવ પોઢી જાય છે અને કૌરવ જાગે છે. દુર્ગુણોના મૂળમાં આપણું અભિમાન, દંભ, ક્રોધ ઇત્યાદિ રહેલાં છે. જે આસુરી વૃત્તિવાળા છે એમને ધાર્યું કરવામાં રસ છે. કોઈ પણ રીતે પોતાનો કક્કો ખરો કરવો છે. એમને સાધનશુદ્ધિની પડી નથી. સત્ય પર એ થૂંકી શકે છે. અસત્યની આરાધના કરી શકે છે. એમને સારા-નરસાનો ભેદ કે વિવેક નથી. એમને તો એક જ ઝંખના છે કે મારી જે કંઈ ઇચ્છા હોય, મારી જે કંઈ વાસના હોય એની ચેન

કેન પ્રકારેણ પરિતૃપ્તિ થવી જોઈએ. એને ખબર નથી કે જે માણસ અભિમાન, દંભનો આશરો લે છે એને તાત્કાલિક જે કંઈ મળવાનું હોય તે મળતું હોય પણ પરિતૃપ્તિ મળતી નથી. એની આગ કદીયે બુઝાતી નથી. આ બધાં ઘોર કર્મો સાથે સંકળાયેલાં છે. એ સ્વભાવશત્રુ છે અને જગતશત્રુ છે. જગતના મોહમાં છે અને જાતનો દ્રોહ કરે છે. એ લોકો એમ માને છે કે એ લોકો વિષયને ભોગવે છે, પણ હકીકતમાં વિષયની વિષકન્યા એમનો ભરડો લે છે. ધન એકઠું કરે છે અને અંદરથી ખાલી થતા જાય છે. એમનાં મન કુંઠિત હોય છે. અનેક ગ્રંથિઓથી પીડાય છે. ભીતરથી ભીરુ હોય છે. સલામતીની ચિંતામાં ને ચિંતામાં અસલામત થતા હોય છે. એમનો જ અહંકાર ઊંચકીને ચાલતા હોય છે. આ અહમ્-ના જ બોજ તળે એ દટાઈ જતા હોય છે. મારું મારું કરવામાં પોતાપણું ખોઈ બેસે છે. એમનું ધન કદીયે લક્ શ્મી થતું નથી. એમના ધનની કદીયે સદ્ગતિ થતી નથી,

કારણ કે વાસના વિનાનું દાન એ લોકો કરી શકતા નથી. કોઈને આપે તોપણ એને આપવાનો આનંદ નથી પણ પોતાનું ક્ષણભંગુર નામ અમર કરવાનો મોહ હોય છે. એ લોકો નથી પોતાને ઓળખતા કે નથી જગતને જાણતા. આમ અજ્ઞાની થઈને અંધકારમાં અથડાતા હોય છે. આ ઘમંડી લોક પાસે કામ અને ક્રોધ સિવાય કંઈ હોતું નથી. નરકનાં ત્રણ જ દ્વાર છે : કામ, ક્રોધ અને લોભ. આ લોભીઓને જે કંઈ મળે, જેટલું મળે એટલું ઓછું પડે છે. એ લોકો કદી ધરાતા નથી. વૃકોદરવૃત્તિવાળા છે આ લોકો. એમને કાર્ય-અકાર્યનો ભેદ નથી. વિવેકનું નામનિશાન નથી. કેવળ નામધારી મનુષ્યો છે એટલું જ. બાકી એમની બધી જ વૃત્તિઓ રાક્ષસી હોય છે. એ લોકો મત્પરાયણ છે, સત્પરાયણ નથી. નરમાંથી નારાયણ તરફની એમની કદીયે ગતિ હોતી નથી. સવળા સંસારમાં અવળું ચાલવાવાળા આ લોકો જીવતેજીવત પ્રેત જેવા છે. આપણા પોતાના જ હાથમાં

છે કે આપણે આપણી આસપાસ વૃંદાવન રચવું છે કે રણ? અહીં પાંડવ-કૌરવ સામસામા નથી પણ અહીં સામસામા તો સદ્ગુણો કે દુર્ગુણો છે. આપણે આપણા અવગુણોને ઓળખવા હોય તો આ પદને આધારે પણ જાણી શકીએ :

`અજ્ઞાની, તારા અંતરમાં દેખ વિચારી.'

તું માને છે તું જ્ઞાની છે :
પણ ભીતરમાં દેખ -- તો ભિખારી.
પંડમાં તારા જ્ઞાનનો ઘમંડ છે,
અહમ્નાં ફાંકો-ફિશિયારી;

ટોળાં ઊમટ્યાં છે કામ-ક્રોધ-મોહનાં
ને લાલચની દુનિયા બિચારી.

માને મનાવે તું તો બુદ્ધિથી ભર્યો ભર્યો,
બુદ્ધિ તો વેશ્યા વિહારી.
જ્ઞાનની ગઠરિયા દાટી દે દરિયામાં,
થઈ જા ફૂલોની જેવો હળવો;

ટોળું વિખેરી તારા રસ્તાને ઝાલી લે, કે થાય હરિવરને મળવા ઉમળકો.
છોડ્યો મેવાડ અને છોડ્યો રાણાને, ત્યારે મીરાં પોતે થઈ ગઈ ગિરિધારી.

# 17. વિચારપ્રેરિત કર્મ અને કર્મપ્રેરિત વિચાર

આપણે ત્યાં ત્રણનો આંકડો વિશિષ્ટ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. ઉત્પત્તિ, સ્થિતિ, લય. સત્વ, રજસ, તમસ. આકાશ, પૃથ્વી, પાતાળ. ત્રિભુવન, ત્રિલોચન. આમ ત્રણનું મહત્ત્વ છે. ગીતાના સત્તરમા અધ્યાયનું નામ શ્રદ્ધાત્રયવિભાગ યોગ છે. અહીં ત્રય એટલે યજ્ઞ, દાન અને તપ. અર્જુન પ્રશ્નની કાંકરી નાખ્યા કરે છે. વર્તુળો ઊભાં થાય છે પણ એ વર્તુળો વમળનો આકાર લે એ પહેલાં કૃષ્ણ ઉત્તર આપીને વમળનું કમળમાં રૂપાંતર કરતા રહે છે. શ્રદ્ધા એ ઉપરની કે ઉપરછલ્લી વસ્તુ નથી. એ તો એટલી હદે અંદરછલ્લી છે કે માણસના સ્વભાવ સાથે સંકળાયેલી છે. માણસ એટલે જ સત્વ, રજસ અને તમસના ગુણોથી બંધાયેલો, ગંઠાયેલો. આ ત્રણે ગુણોને કારણે જ માણસ ભીતર ને ભીતર વિભક્ત થતો જાય

છે. સ્વભાવનું મૂળ માણસના મનમાં છે. માણસનું મન એકલું નથી હોતું. એની સાથે એનું શરીર પણ સંકળાયેલું છે. શરીરની સાથે ઇન્દ્રિયો છે. શરીરનો આધાર માણસનો આહાર છે. ગીતાકારે કેટલું બધું વિચાર્યું હશે! આહાર જ એવો હોય કે જેમાંથી વિકાર નહીં પણ વિચારપ્રેરિત કર્મ અને કર્મપ્રેરિત વિચાર જન્મે. શરીર અને મન એકમેક પર અસર કર્યા વિના રહેતાં નથી. શરીરનું અમુક અવધિ સુધી આયુષ્ય હોય છે. શરીર કે મન માંદું હોય તે ન ચાલે. માણસે રસાળ, સ્નિગ્ધ, પૌષ્ટિક અને રુચિકર ખોરાક લેવો જોઈએ. આવો ખોરાક સાત્ત્વિક વ્યક્તિનું લક્ષણ છે. એક વર્ગ જીભથી જ જીવે છે એટલે કે, સ્વાદથી જ જીવે છે. ખાટું, ખારું, ઊનું, તીખું, કડવું -- આ બધાં રાજસી લક્ષણો છે. તામસીઓ તો અપવિત્ર, વાસી, એઠું ઇત્યાદિ ખાય છે. એમાં કોઈ વિવેક નથી હોતો. ગીતા એટલે વાણી અને વર્તનનું, સંસાર અને સમષ્ટિનું આધ્યાત્મિક વ્યાકરણ. જીવન તો બધા પાસે હોય

છે પણ જીવનનો અભિગમ બધા પાસે નથી હોતો. ગીતા યજ્ઞ પર ભાર મૂકે. જે માણસ કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને ફળની આશા વિના કામ કરે એની પ્રવૃત્તિ યજ્ઞ માટે છે. આ પ્રવૃત્તિ સાત્ત્વિક માણસો જ કરી શકે. સંસારમાં રજોટાયેલા રાજસી માણસોની નજર જેટલી ફળ પર હોય છે એટલી કર્મ પર નથી હોતી. આ બધા પોતા માટે કરે છે અને શ્રદ્ધાવિહીન લોક છે. હું આ જગતમાં જન્મ્યો, કેટલાંયનાં ઋણ સ્વીકાર્યાં તો મારે પણ જગતને કશું આપવું જોઈએ. લોકહિત માટે કશું કરવું જોઈએ એવી શ્રદ્ધાયુક્ત ભાવના હોય એની પ્રવૃત્તિ યજ્ઞનું રૂપ લે. આ યજ્ઞની ભાવના શરીરમાં લોહી થઈને વહેતી હોવી જોઈએ. આમ જોવા જઈએ તો મનુષ્યના આદર્શ વર્તનનો અહીં એક નકશો છે. માણસ સત્ય કહે પણ ખૂંચે એવું નહીં. એના વ્યક્તિત્વમાં એક પ્રકારની ઋજુતા હોય, આત્મસંયમ અને ચિત્તની પ્રસન્નતા હોય. ક્યાંય વાણી વેડફે નહીં. મૌનનું પણ તપ હોય છે. દાન

આપવાનો પણ એક વિવેક હોય છે. કુપાત્રને દાન ન અપાય. સ્વાર્થથી પ્રેરાઈને દાન ન અપાય. સત્તા કે મોભા માટે કે આપણી સમાજમાં પૂજા થાય એના માટે દાન ન અપાય. જેણે આપણા પર ઉપકાર કર્યો હોય એને દાન આપીને છૂટી જઈએ એ તો એક પ્રકારનો બદલો કહેવાય. દેશ, કાળ, વ્યક્તિ, માણસની પાત્રતા આ બધું ધ્યાનમાં રાખવું જોઈએ. તામસી લોકો તો તુચ્છકાર અને રુઆબથી પાત્ર-અપાત્રનો ભેદ કર્યા વિના દાન કરતા હોય છે. દાન આપનારા પણ દાનવો હોય છે.

દાન શુદ્ધ ભાવનાનો આવિષ્કાર છે. દાનની સાથે ૐ સંકળાયેલો છે. ઓમનો એક અર્થ વિનોબાએ `હા' કહ્યો છે. `હા' એટલે માત્ર મારું નહીં, સમગ્ર સૃષ્ટિનું અને ઈશ્વરનું હોવાપણું. ૐ તત્ સત્ આ પણ ત્રણ શબ્દો. સત્ એટલે

સત્ય તો ખરું પણ વિનોબાને સાતત્ય પણ અભિપ્રેત છે. ઈશ્વર જગત સાથે છે છતાં પણ તત્ છે એટલે કે તે છે. લગોલગ છે અને અલગ છે. એકાકાર છે અને અળગો છે. અહીં ગીતાકારે યજ્ઞ, દાન અને તપ દ્વારા છેવટે તો ૐ તત્સત્ની આરાધના કરવાની છે એમ સૂચવ્યું છે.

ક્યારેક કોઈકને એમ લાગે કે ગીતાકારે સતત પૃથક્કરણ કર્યું છે. એકાંગી દૃષ્ટિથી જોઈએ તો એ પૃથક્કરણ લાગે. સર્વાંગી દૃષ્ટિથી જોઈએ તો એ પૃથક્કરણ નથી પણ એ પૃથક્કરણને અંતે એક વિશિષ્ટ સંયોજન છે. ગીતામાં તર્ક એટલો બધો સૂક્ષ્મ છે કે જોતાંવેત જ કાર્યકારણની કડી ન મળે. અહીં મોટી વાત તો એ છે કે માત્ર મનુષ્યના મનની વાત નથી કરી. મનુષ્યનું શરીર, શરીરનો આહાર-વિહાર એ બધાંને પણ લક્શ્યમાં રાખ્યાં છે. ગીતાકાર તનોજ્ઞ

અને મનોજ્ઞ છે. બાયોલોજી અને સાઇકોલોજી અહીં અડખેપડખે છે. ગીતાકાર વૈદ્ય પણ છે અને મનની પેલેપારના વેદ પણ છે.

યજ્ઞ, તપ અને દાન -- જે કંઈ કરો તે એટલું સહજ હોય કે કર્યું છે એવું ન લાગે પણ થતું રહ્યું છે એવું હોય. પ્રત્યેક પળ વિરાટ યજ્ઞમાં આહુતિ રૂપે હોય.

# 18. જીવ અને શિવનો સંવાદ

કોઈક વિરાટ શિખર પર આપણે ચડતા હોઈએ અને એક પછી એક પગથિયાં પાર કરીને ટોચ તરફ પહોંચતા હોઈએ તેવી લાગણી અઢારમા અધ્યાય તરફ જતાં થાય છે. ગીતાનો એક એક શ્લોક એક એક પગથિયું છે. અઢારમા અધ્યાયને મોક્ષસંન્યાસયોગ એવું નામ મળ્યું છે. સંન્યાસ અને ત્યાગ વચ્ચે પણ સૂક્ષ્મ ભેદ છે. ફળની ઇચ્છાથી કર્મ થયું હોય એ કર્મને જે ત્યાગે તે સંન્યાસ. પણ કર્મમાત્રના ફળનો જે ત્યાગ કરે તે જ ખરો ત્યાગ. આ ત્યાગ એવો હોવો જોઈએ કે ત્યાગનું પણ મમત્વ ન રહે. માણસો પાસે અનેક પ્રકારનાં કર્મો હોય છે. કેટલાંક પ્રવાહપ્રાપ્ત. કેટલાંક કર્મો કરવાં જ પડે એ રીતે આપમેળે આવી પડે છે. સાચા કર્મયોગીને આ ગમતું, આ અણગમતું કર્મ એવા ભેદ નથી હોતા. જે કર્મ એને કરવાનું

હોય છે એ કર્મ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના, પૂર્વગ્રહ કે પક્ષપાતથી લેપાયા વિના એ કરતો જ રહે છે. એ જે કંઈ કરે છે એમાં એ જીવ પરોવે છે. કર્મમાં જીવ પરોવવો અને કર્મના ફળમાંથી જીવ કાઢી લેવો, આ બંને ક્રિયા એકીસાથે થતી હોય છે. આ એકાદ વાર કરીએ એટલું પૂરતું નથી. એનું સાતત્ય હોવું જોઈએ. આ સાતત્ય એ જ સત્ય. આ કર્મ કરતાં તો થાકી જવાશે અથવા તો આ માથાકૂટિયું છે કે ફૂથાનું કામ છે -- આમ કરીને કરવાં પડતાં કર્મોને ટાળવાં ન જોઈએ. માણસે સમજવું જોઈએ કે અમુક પ્રકારનાં કર્મો કરવા માટે એ નિર્માયેલો છે. આ નિર્માયેલાં કર્મ સાથે શુદ્ધ કર્તવ્યબુદ્ધિ હોય તો એ કર્મ આપોઆપ દીપ્તિમાન થવાનું. કર્મોમાં આ તો દુ:ખદાયક છે એટલે નહીં કરું કે હું તો સુખદાયક કર્મો માટે જ નિર્માયેલો છું એ વૃત્તિ બરાબર નથી. કર્મમાં પ્રેમનું તત્ત્વ ભળેલું હોય તો એ ભાર કે બોજો નથી પણ એમાં મોરપીછની સુંવાળપ અને હળવાશ છે. કર્મ માટે દેહ જોઈએ, મન જોઈએ. આ ન્યાયી

કે અન્યાયી કર્મ છે એની વિવેકબુદ્ધિ જોઈએ. કુંઠિત બુદ્ધિવાળા માણસો જ્યારે કર્મ કરે છે ત્યારે પોતાને જ સારસર્વસ્વ માને છે. આ બધાંનો હું જ કર્તા છું અને મારે જ કારણે આ થઈ રહ્યું છે એમાં એ પોતાના અહમ્ નો દેખાડો કરે છે. એનું પ્રદર્શન ભરે છે. જેની બુદ્ધિ વિકસિત છે અને જે પ્રજ્ઞાવાન છે એ માણસને `હું કરું હું કરું'નો ભાવ પીડતો નથી. એ કશાથી લિપ્ત નથી થતો. કર્મમાંથી કર્તાભાવ કાઢી નાખીએ અને એનાં ફળની આશાને જતી કરીએ તો માત્ર કર્મ રહેશે, કર્મનું બંધન નહીં રહે. પ્રસન્નતા રહેશે પણ થાક, કંટાળો કે વિષાદ નહીં રહે. આ સિવાયની વિપરીત ભાવનાથી જે માણસ કર્મ કરે છે એ વૈતરું હોય છે, કર્મનું વૈકુંઠ નથી હોતું. કર્મ કરનારો માણસ સફળતા અને નિષ્ફળતાના, લાભ અને હાનિના ગણિતથી ઊફરો ચાલે છે. એને માટે કર્મ અને ધર્મના ભેદ નથી હોતા. એ પરાણે કશું નથી કરતો. ધૈર્ય અને ઉત્સાહથી, પ્રાણ પરોવીને એ કરે છે. આળસનો અજગર એને ભરડો નથી લેતો. એનું ચિત્ત

ચંચળ કે વિહ્વળ નહીં, સ્થિર હોય છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, બંધન અને મુક્તિ -- આ બધાંને પોતાની સાત્ત્વિકતાને કારણે ઓળખી શકે છે. ધર્મ અને અધર્મ પ્રત્યે એની પાસે ઔચિત્યબુદ્ધિ છે, નિષ્ઠા અને સમત્વ છે. એની પાસે ભય અને શોકની લાગણી નથી હોતી. એની પાસે સુખનાં સાંસારિક ગણિત નથી હોતાં. આરંભમાં ગમે એટલું મુશ્કેલ હોય છતાં પણ કર્મને અંતે એની પાસે હોય છે કર્મ કર્યાની પ્રસન્નતા. અને પ્રસન્નતામાંથી જ એ આત્મજ્ઞાન તરફ જતો હોય છે. એનું સુખ રજોગુણીઓની જેમ ઇન્દ્રિયોના સંયોગમાંથી નથી ઉદ્ભવતું કે તમોગુણીની જેમ નિદ્રા, પ્રમાદ કે આળસમાં પણ એ અટવાતો નથી. આ પ્રકૃતિમાં ત્રણે ગુણોથી મુક્ત એવા તો કોઈ નહીં હોય. પણ ક્રમશ: એ ગુણોની પાર પણ જઈ શકાય.

આમ દેખીતી રીતે વિરોધ કે વિરોધાભાસ લાગે છતાં પણ માણસે પોતાનાં સ્વધર્મદત્ત કર્મોમાં ગૂંથાઈને કર્મમાંથી એટલે કે, કર્મના બંધનમાંથી મોક્ષ મેળવવાનો છે. કર્મ કરીએ એટલે દોષ તો લાગે પણ એ દોષને કઈ રીતે ટાળવો? આ પ્રશ્નનો એક જ જવાબ છે -- અનાસક્તિથી. અગ્નિને જેમ ધુમાડો વળગેલો છે એમ કર્મને એના દોષ વળગેલા છે. આસક્તિનું ઝેર નીકળી જાય પછી કર્મ કર્યા છતાં પણ કર્મશૂન્યત્વની સિદ્ધિ મળે. કર્મ કરવાનું, પણ માત્ર નિમિત્ત થઈને. ઘણા માણસો બધા જોડે હળતામળતા હોય અને છતાં અંદરથી સાવ અલિપ્ત અને એકાંતજીવી હોય. એવી રીતે કર્મમાં મમત્વને કાઢીને, સમત્વને સાચવીને હૃદયથી વૈરાગ્યભાવ ધારણ કરવો જોઈએ. જે વૈરાગ્યભાવે કર્મ કરે છે એ બ્રહ્મ સુધી પહોંચે છે. પોતાના રાગદ્વેષનું ક્યાંય નામનિશાન ન હોવું જોઈએ. કર્મ ભક્તિથી ભીનું હોય. કશું શુષ્ક ન હોય. બધાં જ કર્મો મનથી ઈશ્વરને સોપીને કરવાં જોઈએ. ઈશ્વરને સોપવાથી કર્તાભાવ નીકળી

જશે. શ્રદ્ધાભાવ સુદૃઢ થશે. અહમ્ ફૂંફાડો પણ નહીં મારી શકે. જે માણસ સર્વભાવથી ઈશ્વરને શરણે જાય છે એના પર જ કૃપા અવતરે છે. કૃષ્ણ ફરીફરીને કહે છે કે બધી જ દ્વિધા, બધી જ શંકા, બધા જ કહેવાતા ઉપરછલ્લા ધર્મો -- આ સૌને છોડીને મારે શરણે આવ. તું પ્રિય છે એટલે તો તને આટલી વાત કહી. ઈશ્વરને શરણે જઈએ પછી કર્મદોષ નહીં પણ પાપ વિનાનું કર્મ જ રહે. ગીતા એટલે ઈશ્વરની વાણી. ઈશ્વરની વાણી વેડફાય નહીં. ગમે તેને કહેવાય નહીં. જે લોકોને ન સાંભળવી હોય એમને કદી ન કહેવાય. તપસ્વી અને ભક્તોને કહી શકાય. મારા ભક્તથી વિશેષ મને કોઈ પ્રિય નથી. આટલું કહ્યા પછી પણ કૃષ્ણ અર્જુનને એક સવાલ પૂછે છે : તે આ બધું એકાગ્ર ચિત્તે સાંભળ્યું કે નહીં? તારી મૂંઝવણ શમી કે નહીં? અર્જુન કહે છે : મારો સંશય છેદાઈ ગયો છે. મારામાં કર્તવ્યની સ્મૃતિ જાગ્રત થઈ છે. મોહ નષ્ટ થયો છે. હું તમે કહેશો એ પ્રમાણે કરીશ.

કૃષ્ણને ભક્ત જોઈએ છે, ગુલામ નથી જોઈતા. મિત્ર જોઈએ છે, અનુયાયી નથી જોઈતા. અને એટલે જ કૃષ્ણ અર્જુનને માત્ર કહ્યું કરવાનું નથી કહેતા. પણ તને જે યોગ્ય લાગે તે તું કર આવી પણ વાત એમણે કરી જ છે.

છેલ્લે સંજયની ઉક્તિથી અઢારમો અધ્યાય સમાપ્ત થાય છે અને કહે છે કે જ્યાં જ્યાં યોગેશ્વર કૃષ્ણ હોય, ધનુર્ધર પાર્થ હોય ત્યાં ત્યાં લક્ષ્મી, ઐશ્વર્ય, નીતિ અને જય હોય જ છે. ગીતાનાં અનેક અર્થઘટનો થયાં છે. અર્જુન અને કૃષ્ણનો સંવાદ એટલે જીવ અને શિવનો, નર અને નારાયણનો સંવાદ છે.

અહીં દેખીતી રીતે ગીતાનો અંત આવે છે. પણ આ અંત આપણને કોઈ આરંભ તરફ પણ લઈ જાય છે. આ અંતની ક્ષણે મને ગીતાના પ્રારંભનું દૃશ્ય દેખાય

છે. અર્જુનનો રથ, સારથિ કૃષ્ણ, આજુબાજુ સેના... શત્રુઓને હણતાં પહેલાં માનસિક રીતે હણાઈ ગયેલા અર્જુનના શંકાયુક્ત પ્રશ્નો, લડવું નથી માટેની અર્જુનની જાતને છેતરતી દલીલો. અંતર્યામી કૃષ્ણ બધું જ પામી ગયા છે. અર્જુનની દલીલો માત્ર તર્કબાજી છે. પૂરતી ધીરજથી અર્જુનના પ્રત્યેક પ્રશ્નનું નિરાકરણ કૃષ્ણ કરે છે. સ્થૂળ દૃશ્ય ધીમે ધીમે સૂક્ષ્મ થતું જાય છે અને આ યુદ્ધ માત્ર બાહ્ય નહીં પણ આંતરયુદ્ધનો સંકેત આપે છે. કામ, ક્રોધ, મદ, લોભ, મોહની અસંખ્ય સેના આપણી આસપાસ ઊભી જ હોય છે. છેવટે આપણે આપણી જ કૌરવી વૃત્તિનો મુકાબલો કરવાનો છે. આ મુકાબલો આપણે એકલે હાથે કરીએ એ શક્ય નથી. આપણી પડખે કૃષ્ણ હોવો જોઈએ. આપણા પ્રત્યેકમાં અર્જુન છે પણ પ્રત્યેક પાસે કૃષ્ણ જેવો મિત્ર નથી. સર્વસમર્પણની દીક્ષા આપે એવો ગુરુ નથી. જે સર્વ પ્રકારના મોહથી છૂટો પડે છે એનો જ પૂર્ણ પુરુષોત્તમ સાથે યોગ થાય છે. પોતાની ત્રિગુણાત્મક પ્રકૃતિને ઓળખ્યા

પછી કે ઓળખતાંની સાથે જ જે પ્રકૃતિને ઓળંગી જાય છે તેવા સ્થિતપ્રજ્ઞ જલકમલવત્ જનનું જ પૂર્ણપુરુષ સાથે મિલન થાય છે.

આપણે આપણાથી જ છૂટા પડી ગયા છીએ. આપણને આપણો જ વિયોગ થયો છે. ગીતા આપણને આપણી સાથે જોડી આપે છે એટલે તો પ્રત્યેક અધ્યાયના શીર્ષકમાં યોગ શબ્દ આવે જ છે. આપણા પોતાના રથમાં શ્રીકૃષ્ણ છે જ. અશ્વની લગામ આપણે નથી પકડી રાખવાની પણ શ્રીકૃષ્ણને સર્વસમર્પિત થઈને સોંપી દેવાની છે. જે અહંકારશૂન્ય થઈ જાય એનામાં જ સર્વસમર્પણનો ભાવ જન્મે.

ગાંધીજી, રવિશંકર મહારાજ, શ્રી અરવિંદ - આવી અનેક વિભૂતિઓનાં ચરિત્રો એટલું પુરવાર કરે છે કે એમના હલનચલનમાં ગીતાના શ્લોકનો શ્વાસ છે. વિષાદનું

વિષચક્ર અમૃતના અનંતચક્રમાં કઈ રીતે રૂપાંતરિત થાય છે એ આપણને શીખવે છે ગીતા.

તુલસીદાસે ક્યાંક એવું કહ્યું છે કે પ્રકાશની વાતો કરવાથી અંધકાર કદીયે નષ્ટ થતો નથી. દીવો પ્રગટાવવાથી અંધકાર નાશ પામે છે. ગીતાની વાતો જ કરીશું તો કેવળ શબ્દો હશે. એ શબ્દો પાછળ ધબકતું સનાતન સત્ય પામવું હોય તો -- સત્યનો સાક્ષાત્કાર કરવો હોય તો કર્તાભાવ વિનાનો કર્મદીપ પ્રગટાવવો જોઈએ.

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ